# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-14 । અંક-056 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

12 JANUARY-2025 SUNDAY





પેજ-08

રશ્મિકા મંદાના ઘાયલ થતાં અનેક ફિલ્મોનાં શૂટિંગ અટકી...





પેજ-09

યોકોવિચનો દાવો- તેને ઓસ્ટ્રેલિયામાં ઝેર આપ્યું હતું


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 15.00 |
| વડોદરા | 27.00 | 15.00 |
| સુરત | 28.00 | 18.00 |





પેજ 5

LICની મહિલાઓને સશક્ત બનાવતી યોજનાને બહોળો પ્રતિસાદ, તાલીમ...





પેજ 10

હવે જર્મનીના રાજકારણમાં મસ્કની એન્ટ્રી જમણેરી પાંખ AFDને ખુલ્લેઆમ...


**.....સુવિચાર.....**

ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!

### રામલલ્લાની પ્રથમ વર્ષગાંઠ પર પીએમ મોદીએ કહ્યું

# 'રામ મંદિર આપણી સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો મહાન વારસો'



(એજન્સી) નવી દિલ્હી | તા.11

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ પર દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા. પીએમ મોદીએ કહ્યું કે સદીઓના ત્યાગ, તપસ્યા અને સંઘર્ષ દ્વારા બનેલ આ મંદિર આપણી સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો એક મહાન વારસો છે. મને વિશ્વાસ છે કે આ દિવ્ય અને ભવ્ય રામ મંદિર વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં એક મહાન પ્રેરણા બનશે. સૌ દેશવાસીઓને પ્રથમ વર્ષગાંઠની શુભકામનાઓ.

**પહેલી વર્ષગાંઠ | લાખો ભક્તો ઉમટ્યા**

રામ મંદિરમાં રામ લલ્લાના અભિષેકની પહેલી વર્ષગાંઠ પર અયોધ્યામાં લાખો ભક્તો એકઠા થયા છે. આ ઉત્સવ આજથી એટલે કે ૧૧ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી ચાલશે. આમાં સામાન્ય લોકોનો પણ સમાવેશ કરવામાં આવશે. ગયા વર્ષે, સામાન્ય લોકો આ ઐતિહાસિક સમારોહમાં હાજરી આપી શક્યા ન હતા. આ સમારોહમાં લગભગ ૧૧૦ આમંત્રિત VIP લોકો પણ હાજરી આપશે. અંગદ ટીલા સ્થળ પર એક જર્મન હેંગર ટેન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે.

## જો આપણે નબળા પડીશું તો ધાર્મિક સ્થળોએ પરિણામ ભોગવવા પડશે : યોગી

અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાની પહેલી વર્ષગાંઠ ઊજવવામાં આવી રહી છે. રામલલ્લાની ખાસ પૂજા શરૂ થઈ ગઈ છે. પૂજારીઓએ રામલલ્લાનું પંચામૃતથી અભિષેક કર્યો છે. પહેલાં દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડથી અભિષેક કરવામાં આવ્યો પછી ગંગાજળ વડે સ્નાન કરાવવામાં આવ્યું. તે પછી રામલલ્લાનો શ્રૃંગાર કરવામાં આવ્યો છે. રામલલ્લાએ પીતાંબર વસ્ત્ર ધારણ કર્યા છે. વસ્ત્રોને સોનાના તારથી વણવામાં આવ્યા છે. તેમાં મુકુટમાં હીરા જડવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના સીએમ યોગી પણ અયોધ્યા પહોંચી ગયા છે. તેમણે રામલલ્લાની પૂજા કરી છે. દિલ્હી, હિમાચલ સહિત 10 રાજ્યોથી લોકો રામલલ્લાના દર્શન કરવા પહોંચ્યા હતા.



**મુખ્યમંત્રી યોગીએ કહ્યું...'વિભાજનના કારણે અપમાનનો સામનો કરવો પડ્યો'**

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, 'પ્રતિષ્ઠા દ્વાદશી ખરેખર રાષ્ટ્રીય એકતાના બંધનને મજબૂત બનાવશે, જેથી હિન્દુ સમાજ જાતિ, ક્ષેત્ર, ભાષાના આધાર પર વિભાજિત ન થઈ શકે. તેમણે યાદ અપાવ્યું કે, આવી જ રીતે વિભાજનને લઈને રામજન્મભૂમિ સહિત હિન્દુ અસ્મિતાના પર્યાય અનેક ધર્મ સ્થળોને સદિયો સુધી અપમાનનો સામનો કરવો પડ્યો. જો હિન્દુ સમાજ જાતિ અને સંકીર્ણ વાયદા-વિચારોના નામ પર વિભાજીત થયો, તો આપણા ગૌરવના પર્યાય ધર્મ સ્થળોને ફરી અપમાનનો સામનો કરવો પડશે.'

**CMએ કહ્યું- જો આપણો દેશ વિભાજીત થાય અને નબળો પડી જાય તો જ્ઞાતિ વચ્ચેનું અંતર વધી જશે. જો આપણે પ્રદેશ અને ભાષાના આધારે વિભાજિત થઈશું તો આપણા આદરણીય ધાર્મિક સ્થળોએ તેનો ભોગ બનવું પડશે. બહેન-દીકરીઓએ ભોગવવું પડશે. આવી સ્થિતિ આપણી સામે ફરી ન આવે.**

### દિલ્હીવાસીઓને મુશ્કેલીમાંથી મુક્ત કરવાનો સમય આવી ગયો છે: કેન્દ્રિય ગૃહમંત્રી

# 'દિલ્હીને 'આપ-દા'થી મુક્ત કરવાનો સમય આવી ગયો છે' : અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી | તા.11

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે દિલ્હીમાં એક પ્રમુખ પરિષદને સંબોધિત કરી હતી. આમ આદમી પાર્ટી સરકાર પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે 'દિલ્હીને 'આપ-દા'થી મુક્ત કરવાનો સમય આવી ગયો છે.' 5 ફેબ્રુઆરી એ 'આપ-દા' મુક્તિ દિવસ છે. તેમને કહ્યું કે ભાજપનો ઢંઢેરો પથ્થર પર અંકિત છે.

અમિત શાહે કહ્યું કે 'દિલ્હીને 'આપ-દા'થી મુક્ત કરવાની જવાબદારી તમારી છે.' અમે તમારી બધી જરૂરિયાતોનું લિસ્ટ તૈયાર કર્યું છે અને તેને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને પીએમ મોદીને સોંપ્યું છે. અમે જીતીશું કે તરત જ, અમે તમારી બધી સમસ્યાઓનો ઉકેલ લાવીશું. તેમને કહ્યું, 'અમારા ઢંઢેરામાં તમારી બધી જરૂરિયાતો હશે અને તે AAPના ઢંઢેરાની જેમ નહીં હોય અને તે પૂછવામાં આવશે.' તમે દિલ્હીના તારણહાર બની શકો છો. 5 ફેબ્રુઆરી એ 'આપ-દા' થી મુક્તિનો દિવસ છે.



**'દેશે પ્રગતિ કરી છે પણ દિલ્હી વિકાસની રાહ જોઈ રહ્યું છે': અમિત શાહ**

ગૃહમંત્રીએ કહ્યું કે 'અરવિંદ કેજરીવાલ દિલ્હી માટે 'આપ-દા' છે.' તેમને ભ્રષ્ટાચાર સામે લડવાનું વચન આપીને લોકોને છેતર્યા છે જ્યારે તેઓ પોતે ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા છે. તેમને કહ્યું કે દેશે પ્રગતિ કરી છે પરંતુ દિલ્હી હજુ પણ વિકાસની રાહ જોઈ રહ્યું છે. રસ્તાઓ ખાડાઓથી ભરેલા છે, હવા પ્રદૂષિત છે, યમુનાનું પાણી પ્રદૂષિત છે. કેજરીવાલે પંજાબ અને દિલ્હીના લોકો સાથે દગો કર્યો છે.

**'અમે જે કહીએ છીએ તે કરીએ છીએ': અમિત શાહ**

અમિત શાહે કહ્યું કે 'પીએમ મોદીએ દિલ્હીમાં 68,000 કરોડ રૂપિયાના માળખાગત કામ કર્યા છે, પરંતુ તમારા માટે કંઈ કરી શકાયું નથી કારણ કે તે કેજરીવાલની જવાબદારી છે.' અમે 550 વર્ષ પછી મંદિર બનાવ્યું, અમે 370 દૂર કરી. આપણે જે કહીએ છીએ તે કરીએ છીએ. પીએમ મોદીએ ભારતભરમાં 3 કરોડ 58 લાખ લોકોને ઘર આપ્યા, પરંતુ કેજરીવાલે દિલ્હી માટે કંઈ કર્યું નહીં. અમે દરેક ઝૂંપડપટ્ટીવાસીને કાયમી ઘર આપીશું.

## યુપીના કન્નૌજમાં દુર્ઘટના | નિર્માણાધીન ઈમારતનું લેન્ટર પડતાં 36 મજૂર દટાયા

(એજન્સી) કન્નૌજ | તા.11

ઉત્તર પ્રદેશના કન્નૌજ રેલ્વે સ્ટેશન પર એક મોટો અકસ્માત થયો. આ અકસ્માત બાદ સ્ટેશન પર અફડાતફડી મચી ગઈ હતી. રેલ્વે સ્ટેશન પર બાંધકામ હેઠળનો અડધો ભાગ તૂટી પડ્યો. લિન્ટલ તૂટી પડવાને કારણે ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાની શક્યતા છે. ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં કાટમાળ નીચેથી 28 લોકોને બચાવવામાં આવ્યા છે. જેમાંથી 6 લોકોની હાલત ગંભીર છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, કરોડોના ખર્ચે સ્ટેશન પર વિકાસ કાર્ય ચાલી રહ્યું છે. જે દરમિયાન આ અકસ્માત થયો. અકસ્માત બાદ સ્ટેશન પર હોબાળો મચી ગયો હતો.

ઘટનાસ્થળે હાજર સ્થાનિક વહીવટીતંત્ર કાટમાળ નીચે દટાયેલા કામદારોને બચાવવાનું કામ કરી રહ્યું છે. અત્યાર સુધીમાં 18 કામદારોને બહાર કાઢવામાં આવ્યા છે. જ્યારે JCB ની મદદથી અન્ય દટાયેલા કામદારોને કાઢવાનું કામ ચાલુ છે. સ્થાનિક વહીવટીતંત્ર અને રેલવેના ઘણા અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. કાટમાળ નીચે દટાઈ જવાથી ઘાયલ થયેલા કામદારોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતાં જ સમાજ કલ્યાણ રાજ્યમંત્રી અસીમ અરુણ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.



**અમૃત ભારત યોજના હેઠળ કામ ચાલી રહ્યું હતું :** કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી અમૃત ભારત યોજના હેઠળ રેલવે સ્ટેશન નજીક બિલ્ડિંગનું બાંધકામ ચાલી રહ્યું હતું. બાંધકામ દરમિયાન મુસાફરોની સલામતી માટે પૂરતા સાવચેતીના પગલાં લેવામાં આવ્યા ન હતા. રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

**રાહત અને બચાવ કાર્ય ચાલુ છે :** ઘટનાસ્થળે હાજર અધિકારીઓનું કહેવું છે કે અકસ્માતમાં ઘણા કામદારો કાટમાળ નીચે દટાયેલા હોઈ શકે છે, તેમની શોધ કરવામાં આવી રહી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાહત અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. કાટમાળ નીચે દટાયેલા લોકોને ઝડપથી બચાવવા માટે જેસીબીની મદદ લેવામાં આવી રહી છે.

### મહાકુંભમાં સગીરાને દીક્ષા મુદ્દે વિવાદ

## 13 વર્ષીય કિશોરી સંન્યાસ છોડી સંસારમાં પરત ફરી



(એજન્સી) પ્રયાગરાજ | તા.11

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં જૂના અખાડામાં તાજેતરમાં સંન્યાસી બનવા માટે જોડાયેલી 13 વર્ષની સગીરાને નિયમોની વિરુદ્ધ ગણીને અખાડામાંથી હાંકી કાઢવામાં આવી છે. તેમજ સાથે સાથે બાળકીને દીક્ષા આપનાર તેના ગુરુ મહંત કૌશલ ગિરિને પણ સાત વર્ષ માટે અખાડામાંથી બહાર કરવામાં આવ્યા છે.

જૂના અખાડાના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા શ્રી મહંત નારાયણ ગિરિએ શનિવારે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અખાડાના નિયમો મુજબ 25 વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓને પ્રવેશ આપી શકાતો નથી. શુક્રવારે યોજાયેલી અખાડાની સામાન્ય સભામાં આ મુદ્દા પર ચર્ચા થઈ હતી અને સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો કે, આ બાળકીનો પ્રવેશ રદ કરવામાં આવશે અને મહંત કૌશલ ગિરિ મહારાજને સગીર છોકરીને પ્રવેશ આપવા બદલ સાત વર્ષ માટે બહાર કરવામાં આવ્યા છે.

**સંતોએ નારાજગી વ્યક્ત કરી** જૂના અખાડાના મહંત હરિ ગિરિ, પ્રમુખ શ્રી મહંત પ્રેમ ગિરિ અને અન્ય વરિષ્ઠ સંતોએ બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠક દરમિયાન સંતોએ મહંત કૌશલ ગિરિ પર નારાજગી વ્યક્ત કરી હતી કે, જેમણે અખાડાને જાણ કર્યા વિના એક સગીર છોકરીને દીક્ષા આપી હતી.

**અખાડાના નિયમ પ્રમાણે 25 વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને જ પ્રવેશ**

વધુ માહિતી આપતાં નારાયણ ગિરીએ કહ્યું કે, સગીરાને સંપૂર્ણ સન્માન સાથે તેના માતાપિતાને સોંપવામાં આવી છે. જૂના અખાડાના નિયમ પ્રમાણે 25 વર્ષ કે તેથી વધુ ઉંમરની મહિલાઓને જ અખાડામાં સામેલ કરી શકાય છે. જોકે, જો માતા-પિતા સગીર છોકરાને અખાડામાં સમર્પિત કરવા માંગે છે, તો નિયમો અનુસાર તેને અખાડામાં સામેલ કરી શકાય છે.

# નીતિશ અને લાલુનું ફરી થશે 'મિલન'!

(એજન્સી) પટના | તા.11

બિહારમાં RLJP (રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી) દ્વારા મકર સંક્રાંતિ નિમિત્તે દહીં-ચૂડા ભોજનું આયોજન કરવામાં આવ્યું છે. જેના કારણે બિહારનું રાજકારણ ગરમાયું છે. કારણકે, એવી વાત સામે આવી રહી છે કે, RLJPના અધ્યક્ષ પશુપતિ કુમારે આ આયોજનમાં લાલુ યાદવથી લઈને નીતિશ કુમાર સહિતના તમામ રાજકીય નેતાઓને નિમંત્રણ મોકલ્યું છે. જો આ વાત સાચી પડે તો બંને નેતા લાંબા સમય બાદ એકસાથે જોવા મળશે. જે બિહારના રાજકારણની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે. વળી, એવી પણ માહિતી સામે આવી રહી છે કે, પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીના આવાસ પર પણ દહીં-ચૂડાનું આયોજન કરવામાં આવશે. જેમાં RJD ની પ્રથા અનુસાર, તેઓ તમામ પાર્ટીને નિમંત્રણ આપશે. જોકે, હવે એ વાત પર તમામ લોકોની નજર ટકેલી રહેશે કે, આ ભોજમાં એનડીના કયા-કયા નેતા આવે છે?



**રાબડી દેવી પર રહેશે તમામની નજર**

જેડીયુ તરફથી અત્યાર સુધી વરિષ્ઠ નેતા વશિષ્ઠ નારાયણ સિંહ આયોજન કરતા રહે છે, પરંતુ સ્વાસ્થ્ય ઠીક ન રહેવાના કારણે આ વખતે તે નથી કરી રહ્યાં. પરંતુ, જેડીયુ તરફથી કોણ કરશે તેના પર તસવીર સ્પષ્ટ નથી થઈ. વળી, બીજી બાજું અન્ય રાજકીય પાર્ટી પણ પોતાના હિસાબે દહીં-ચૂડાનું આયોજન કરી રહી છે. પરંતુ, સૌથી વધારે ધ્યાન રાબડી દેવી અને પશુપતુ કુમાર પારસના ભોજ પર રહેશે.

**કોંગ્રેસે પણ દહીં-ચૂડાનું કર્યું આયોજન**

વળી, કોંગ્રેસ તરફથી દર ,વર્ષની જેમ સદાકત આશ્રમમાં દહીં-ચૂડાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહાગઠબંધનની તમામ પાર્ટીઓ જોડાશે. ભાજપ તરશફથી પણ ખબર સામે આવી રહી છે કે, ભાજપ ઓફિસમાં દહીં-ચૂડાનું આયોજન કરશે. જેમાં તમામને નિયંત્રણ મોકલવામાં આવશે. પરંતુ, દર વખતની જેમ વિરોધી પાર્ટીના નેતા ના બરાબર સામેલ થશે.

## બારામુલ્લા હુમલામાં આતંકીઓની મદદ કરનાર 3 સાથીની ધરપકડ.....

(એજન્સી) જમ્મુ | જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓને મદદ કરનારા 3 સાથીઓની ધરપકડ કરવામાં આવી છે. તેની ધરપકડની સાથે સુરક્ષા દળોએ મોટી માત્રામાં શસ્ત્રો પણ જપ્ત કર્યા છે. આતંકવાદીઓના આ બધા સહયોગીઓની બારામુલ્લાના હરિપોરાથી ધરપકડ કરવામાં આવી છે. સુરક્ષા દળોએ આતંકવાદી સાથીઓ પાસેથી એક AK-47, એક મેગેઝિન, 13 રાઉન્ડ ગોળીઓ, એક પિસ્તોલ, એક પિસ્તોલ રાઉન્ડ, એક પિસ્તોલ મેગેઝિન અને એક વાહન જપ્ત કર્યું છે. આ ઉપરાંત, દારૂગોળો પણ મળી આવ્યો છે. એસપી ફિરોઝ યાહ્યાએ જણાવ્યું હતું કે આ આતંકવાદીઓના સહયોગીઓની ગ્રેનેડ હુમલાના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. એસપીએ કહ્યું કે અજાણ્યા આતંકવાદીઓએ તે ગ્રેનેડ હુમલા માટે લોબિંગ કર્યું હતું. આ હુમલો 163 ટીએના પરિસરમાં કરવામાં આવ્યો હતો. આ ગ્રેનેડ એક MI રૂમમાં વિસ્ફોટ થયા હતા, જેના કારણે માળખાકીય નુકસાન થયું હતું અને સદનસીબે કોઈ જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થયું ન હતું.


## દિલ્હીમાં ભાજપની બીજી યાદી, કપિલ મિશ્રાને કરાવલ નગરથી ટિકિટ મળી



(એજન્સી) નવી દિલ્હી | તા.11

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. બીજી યાદીમાં 29 ઉમેદવારોના નામ છે. પાર્ટીએ ત્રિનગરથી તિલક રામ ગુપ્તાને ટિકિટ આપી છે. કરમ સિંહ કર્માને સુલતાનપુર મઝરાથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીએ કપિલ મિશ્રાને દિલ્હી કરાવલ નગર વિધાનસભા બેઠક પરથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. અભય વર્માને ફરી એકવાર લક્ષ્મી નગરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. અભય વર્મા લક્ષ્મી નગરના વર્તમાન ધારાસભ્ય છે. પાર્ટીએ નરેલા વિધાનસભા બેઠક પરથી રાજ કરણ ખન્નીને, તિમારપુરથી સૂર્ય પ્રકાશ ખન્ના, મુંડકાથી ગજેન્દ્ર દરલ, કિરાડીથી બજરંગ શુક્લા, સુલતાનપુર મઝરાથી કરમ સિંહ કર્મા, શકુર બસ્તીથી કરનૈલ સિંહ, ત્રિનગરથી તિલક રામ ગુપ્તા, સદર બજાર કુમાર જિંદાલ, ચાંદની ચોકથી સતીશ જૈન, મતિયા મહેલથી દીપ્તિ ઈન્દોરા, બલ્લીમારનથી કમલ બાગડી, મોતી નગરથી હરીશ ખુરાના, માદીપુરથી ઉર્મિલા કૈલાશ ગંગવાલને ટિકિટ આપવામાં આવી છે.

## HMPVના દેશમાં કુલ 16 કેસ



**ગુજરાતમાં સૌથી વધુ 5 કેસ સક્રિય; આજે આસામમાં 10 મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો**

દેશમાં હ્યુમન મેટાપ્યુમોવાયરસ (HMPV) જેવા કોરોના વાઈરસના કુલ 15 કેસ નોંધાયા છે. આસામમાં શનિવારે પહેલો કેસ નોંધાયો હતો. 10 મહિનાનું બાળક અહીં પોઝિટિવ છે. ભારતમાં HMPV ની ચિંતાઓ વચ્ચે, શનિવારે ગુજરાતમાં બે નવા કેસ નોંધાયા, જેનાથી રાજ્યમાં HMPV ના કુલ કેસોની સંખ્યા પાંચ થઈ ગઈ. દરમિયાન, ચીને કહ્યું છે કે તે WHO સાથે ગાઢ સંપર્કમાં છે.

| રાજ્ય | કેસ |
|---|---|
| ગુજરાત | 5 |
| મહારાષ્ટ્ર | 3 |
| કર્ણાટક | 2 |
| તમિલનાડુ | 2 |
| રાજસ્થાન | 1 |
| બંગાળી | 1 |
| ઉત્તર પ્રદેશ | 1 |
| આસામ | 1 |

## PM મોદી 13 જાન્યુઆરીએ કાશ્મીરના પ્રવાસે, સોનમર્ગ ટનલનું કરશે ઉદ્ઘાટન

(એજન્સી) નવી દિલ્હી | તા.11

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 13 જાન્યુઆરીએ જમ્મુ અને કાશ્મીરના સોનમર્ગની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ સોનમર્ગ ટનલનું ઉદ્ઘાટન કરશે. આ નવી ટનલના ઉદ્ઘાટનનો સમય સવારે 11.45 વાગ્યે નક્કી કરવામાં આવ્યો છે. આ પ્રસંગે વડાપ્રધાન ઉપસ્થિત લોકોને સંબોધિત પણ કરશે.

સોનમર્ગ ટનલ પ્રોજેક્ટ એક મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ છે. તેનો ખર્ચ 2700 કરોડ રૂપિયાથી વધુ થયો છે. મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ પોતે ઉદ્ઘાટન બાદ આ ટનલના ઘણા ફાયદાઓની યાદી આપી, જેની પીએમ મોદીએ પણ પ્રશંસા કરી છે. સોનમર્ગ ટનલ પ્રોજેક્ટ લગભગ 12 કિમી લાંબો છે અને તે 2,700 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યો છે. તેમાં મુખ્ય ટનલ, એક્ઝિટ ટનલ અને અનેક પ્રવેશ રસ્તાઓનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટના ઉદ્ઘાટન પછી તે શ્રીનગર અને સોનમર્ગ વચ્ચે તમામ હવામાનમાં કનેક્ટિવિટી જાળવવામાં મદદ કરશે, જે સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ છે.



# રાજ્યની નવરચિત 9 મહાનગરપાલિકાઓની એક દિવસીય કાર્યશાળા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાઇ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યના ઈતિહાસમાં એક સાથે ૯ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય આયોજનબદ્ધ શહેરી વિકાસની ગતિ માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં તાજેતરમાં રચાયેલી ૯ મહાનગરપાલિકાના કમિશનરઓ, વહીવટદારઓ તેમજ અન્ય અધિકારીઓની ગાંધીનગરમાં યોજાયેલી એક દિવસીય કાર્યશાળામાં અધ્યક્ષીય સંબોધન કર્યું હતું. તેમણે ઉમેર્યું કે, લોકોમાં હવે વિકાસ માટેની જાગૃતિ આવી છે. એટલું જ નહિં, તેમને આજના બદલાતા યુગમાં પબ્લિક ડિલિવરી અને સર્વિસીસ પણ અસરકારક રીતે જોઈએ છે.

આ સંદર્ભમાં રાજ્ય સરકારે આયોજનબદ્ધ શહેરી વિકાસને વેગ આપવા નવી ૯ મહાનગરપાલિકાઓની રચના કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ વિકસિત ભારત@૨૦૪૭ નો જે સંકલ્પ કર્યો છે તેમાં સુદ્રઢ શહેરી વિકાસ આયોજનથી વિકસિત ગુજરાત બનાવવા રાજ્ય સરકાર આગળ વધી રહી



છે.તેમ પણ મુખ્યમંત્રી એ ઉમેર્યું હતું.આ મહાનગરપાલિકાઓનું નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતરણ થયું છે એટલે આ ટ્રાન્ઝિશનલ સમયગાળા દરમિયાન નાગરિકોને મળતી તમામ સેવા-સુવિધાઓ યથાવત મળતી રહે તે સુનિશ્ચિત કરવાની તેમણે ખાસ હિમાયત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર નવી રચાયેલી મહાનગરપાલિકાઓની વહીવટી ક્ષમતા વૃદ્ધિ તેમજ રોજબરોજની વહીવટી કામગીરીમાં યોગ્ય માર્ગદર્શન અને મેનપાવર ટ્રેનિંગ માટે હાલની પાંચ મોટી મહાનગરપાલિકાઓને ૧ વર્ષ સુધી નવી મહાનગરપાલિકાઓના મેન્ટર તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે.મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, અમદાવાદ મહાનગરપાલિકા નવરચિત નડિયાદ અને સુરેન્દ્રનગર મહાપાલિકા માટે, વડોદરા મહાનગરપાલિકા આણંદ મહાપાલિકા માટે, સુરત મહાનગરપાલિકા વાપી અને નવસારી માટે તથા રાજકોટ મહાનગરપાલિકા મોરબી અને ગાંધીધામ માટે તેમજ જામનગર મહાનગરપાલિકા પોરબંદર માટે અને ગાંધીનગર મહાનગરપાલિકા મહેસાણા માટે મેન્ટર તરીકે કાર્યરત રહેશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, મહાનગરપાલિકાની રચના થયા બાદ નાગરિકોને સ્પષ્ટ દેખાઈ આવે તેવો બદલાવ રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટ તથા બાગ-બગીચા જેવા સુવિધાકારી કામોથી હાથ ધરવાનું દાયિત્વ નવનિયુક્ત કમિશનરોએ નિભાવવાનું છે. તેમણે ઉમેર્યું કે નવી મહાનગરપાલિકાઓ પોતાના નગરોના વિકાસનો રોડ મેપ તૈયાર કરે.

# પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરીને લાશને ખારોલના તળાવમાં ફેંકી

જગદીશ ત્રિવેદી | લુણાવાડા





## હ્યુમન એન્ટીલીજન્સના આધારે એલસીબીએ ગણતરીના કલાકોમાં જ ચાર આરોપીઓને ઝડપી પાડી કોઠંબા પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યા

પ્રાપ્ત થતી માહિતી અનુસાર કોઠંબા પોલીસ સ્ટેશનના ખારોલ ગામની સીમના તળાવમાંથી ગામ ભીમથલ, તાલુકો શહેરાના પ્રભાતભાઈ પોપટભાઈ બારીયા ઉંમર વર્ષ 23 મરેલી હાલતમાં લાશ મળી આવતો ભારે ચકચાર મચી જવા પામી છે લાસ્ટ ને પીએમ માટે મોકલતા મોત મો પેનલ પીએમ કરાવતા જેમાં મરનારી સમપ્રભાત ભાઈની કોઈ હથિયારથી ઈજાઓ પહોંચાડીને મોત નીપજાવવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે આ બનાવ અંગે મરનારના ભાઈઓએ કોઠંબા પોલીસ સ્ટેશન ખાતે પુનના બનાવવાની ફરિયાદ આપેલ હતી.

તપાસ દરમિયાન ટેકનિકલ સર્વ લંન્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સ દ્વારા માહિતી મળવા પામી કે મળનારની પત્ની દક્ષા તથા અમદાવાદના રામુ રામદાસ ગુપ્તા ઉંમર વર્ષ 23 જેવો છેલ્લા બે વર્ષથી પ્રેમ સંબંધોમાં હતા ત્યારે મરનારની પત્ની દક્ષા અને રામુ ગુપ્તાના પ્રેમ સંબંધમાં પ્રભાતભાઈ અડચણરૂપ લાગતા હોવાથી દક્ષા અને રામુએ કાયમને માટે પોતાના રસ્તા નો કાંટો દૂર કરવા અને પ્રભાત નું કાસર કાઢી નાખવાનું નક્કી કરીને પિયરમાં રહેવા જવાનું પ્લાન કરી દીધો હતો ત્યારે આ ઘટનાને અંજામ આપવા માટે રામુ ગુપ્તાએ પોતાની સાથે અમદાવાદમાં કામ કરતા ગણપત નાનાભાઈ પટેલિયા અને વિશ્વાસમાં લઈને રૂપિયા 50,000 ની લાલચ આપીને પ્રભાતની જાનથી મારી નાખવા સારું જણાવ્યું હતું. ત્યારબાદ આ ચારેય જણા એ પ્રભાતની કામ છે તેવું જણાવીને સિંગનલી બાજુ લઈ ગયા હતા. અને ત્યાંથી પરત ખારોલ ગામની સીમા આવેલ હતા ત્યાં તળાવ નજીક લઈ ગયા હતા અને તળાવ પાસે રામુ ગુપ્તાએ પ્રભાતને પકડી રાખ્યો હતો અને અશ્વિન પટેલે પ્રભાતના માથામાં પાવડાના હાથથી ફટકા મારવા લાગ્યો હતો અને પ્રભાત ના ગળામાં જે રૂમાલ હતો તેનાથી ગણપત અને રામુએ ટૂંપો દઈ દીધો હતો અને ગળામાં ટૂંપો દીધેલ રૂમાલથી જ પ્રભાતની ઘસડી જઈને ખારોલ ગામની સીમમાં આવેલા તળાવના પાણીમાં નાખી દઈને મોતની કરુણ ઘટના ને આખરી અંજામ આપ્યો હતો અને ત્યારબાદ ચારે આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. આરોપીઓની વિગતોને ટેકનિકલ સોર્સ અને હ્યુમન એન્ટીલીજન્સના આધારે LCBએ ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડીને વધુ કાર્યવાહી માટે કોઠંબા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે.

**ઘટનાને અંજામ આપનાર આરોપીના નામ...**

(૧) રામુ રામદાસ ગુપ્તા,
(૨) ગણપતભાઈ પટેલિયા
(૩) ગોપાલભાઈ પટેલિયા
(૪) અશ્વિનભાઈ પટેલિયા

**જિલ્લા પોલીસ દ્વારા પ્રેમિકા સહિત ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.**

# કૃષીમંત્રીના હસ્તે પ્રથમ હપ્તાની સહાય પેટે રૂ. 20, 6500ના લાભનું વિતરણ કરાયું

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં આવેલ પીપેરો મોતી નદીના કાંઠે વિવિધ ૧૧૭ જેટલી જાતોના ૧૦૦૦૦ વૃક્ષો ધરાવતા પીપેરો વન કવચનું પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

દેવગઢ બારીયા ફુલપુરા ખાતે કિશાન માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાના ૩૦૦ જેટલા ખેડૂતો, સ્વસહાય જૂથો, FPO અને વિવિધ વુડ બેજ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ જોડાયા હતા. આ શિબિરમાં વૃક્ષ આધારીત ખેતી



કરતા ખેડૂતો અને વિવિધ લાકડા આધારીત ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓ વચ્ચે "ફાર્મ ટુ ફેક્ટરી" મોડ પર સીધો સંવાદ યોજાયો હતો. ભવિષ્યમાં વૃક્ષોની ખેતી કરતાં ખેડૂતોના ઉત્પાદનોને સીધા ફેક્ટરીમાં વેચાણ કરવા માટે માર્કેટ લીંક સ્થપાય તે તરફના પ્રયાસો કરવાનો સૌએ સંકલ્પ લીધો હતો. વન વિભાગની કિસાન નર્સરી અને જૂથ નર્સરીના લાભાર્થીઓને મંત્રીશ્રીના હસ્તે પ્રથમ હપ્તાની સહાય પેટે રૂ. ૨૦, ૬૫૦૦ ના લાભ પણ વિતરણ કરાયું. કાર્યક્રમમાં ગોધરા સામાજીક વનીકરણ વર્તુળના વડા ડૉ. ટી. કરુપ્પસામી તેમજ દાહોદ સામાજીક વનીકરણ વિભાગના વડા અમિતકુમાર નાયક, બારીયા વન વિભાગના વડા શ્રી મિતેશ પટેલ અને વન વિભાગના મદદનીશ વન સંરક્ષક અને પરિક્ષેત્ર વન અધિકારીશ્રીઓ સહીતના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# જાહેરમાં ચાઇનીઝ દોરી વેચનારની વાઘોડિયા પોલીસે ધરપકડ કરી

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા ને મળેલ બાતમીના અનુસાર પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ફલોડ ગામ ના શનિદેવ મંદિર ના પાછળ ના ભાગ માં સ્મશાન તરફ જવાના રસ્તા પર ખુલ્લી જગ્યામાં ચાઈનીઝ દોરી વેચતા રિયાઝ ઉર્ફે બટાકી બાપુ ઈમ્તિયાઝ સૈયદ ને વાઘોડિયા પોલીસે 120 ચાઈનીઝ દોરી ના બોક્સ સાથે ઝડપી પાડયો હતો પોતાના આર્થીક ફાયદા માટે ગેરકાયદેસર પ્રતિબંધિત ચાઈનીઝ દોરી નું વેચાણ પશુ પક્ષી અને માનવ જીવન સામે જીવલેણ નિવડતા જોખમકારક દોરી ઓ બોક્સ સાથે વાઘોડિયા પોલીસે તેની અટકાયત કરી ને કડક કાર્યવાહી આરંભી છે પશુ પક્ષી અને માનવ જીવન સામે ખેલવાડ કરતી દોરી સાથે ઈસમ પાસે થી ખાખી કલરના ચાર બોક્સ માં તપાસ દરમિયાન તે બોકસોમાંથી પ્રતિબંધિત સિનથેટિક દોરી ના રીલ નંગ 120 કુલ રૂપિયા 36,000/- નો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

# લુણાવાડા ARTO કચેરી દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો અંગે માર્ગદર્શન અપાયું



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

રાષ્ટ્રીય માર્ગ સલામતી સલામતી માસ 2025 ની ઉજવણી અંતર્ગત મહીસાગર જિલ્લાના લુણાવાડાની એઆરટીઓ કચેરી દ્વારા અલગ અલગ માર્ગ સલામતી અને ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો, સેમીનાર અને પેમ્પ્લેટ વિતરણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજ રોજ માર્ગ સલામતી માસ 2025 અંતર્ગત એઆરટીઓ લુણાવાડા દ્વારા વિરણીયા કસ્તુરબા હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો અંગે માર્ગદર્શન આપ્યું અને તેમના વાલીઓને માર્ગ સલામતી સંકલ્પ પત્ર આપી તે વાલીને વંચાવી વાલીની સહી લઈ શાળામાં પાછું ક્લાસ ટીચરને આપવા માટે અપીલ કરી અને અંતમાં વિદ્યાર્થીઓને રોડ સેફ્ટીના સ્લોગન વાળી પતંગોની વહેંચણી કરી.

# મકરસંક્રાંતિએ લીમખેડામાં શ્રી વીર માંધાતાની ભવ્ય શોભાયાત્રા

દિપક રાવલ | દાહોદ

અખિલ ભારતીય કોળી સમાજ દાહોદ જિલ્લા પ્રેરિત અને સમસ્ત કોળી સમાજ દાહોદ જિલ્લા આયોજિત કોળી કુળના ઈષ્ટ,આરાધ્ય ભગવાન શ્રી વીર માંધાતા પ્રાકટ્ય દિવસની 14 મી જાન્યુઆરીના મકરસંક્રાંતિ ના દિવસે લીમખેડા નગરમાં ભવ્ય અને ઐતિહાસિક શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત કોળી સમાજ દાહોદ જિલ્લા દ્વારા આ ભવ્ય અને ઐતિહાસિક શોભાયાત્રા માટે સમસ્ત કોળી સમાજ તડામાર તૈયારીઓ કરી રહ્યો છે ત્યારે ખાસ કરીને દાહોદ જિલ્લામાં કોળી સમાજની વસ્તી ધરાવતા દેવગઢબારિયા,ધાનપુર, લીમખેડા, સંજેલી,દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં ગામે-ગામે ભગવાન શ્રી વીર માંધાતા પ્રાકટ્ય દિવસની ઉજવણી માટેનો સંદેશ પહોંચે એ માટે સમાજના યુવાનો તન,મન અને ધનથી મહેનત કરી રહ્યા છે. 14 મી જાન્યુઆરી મકરસંક્રાંતિના દિવસે સમગ્ર જિલ્લાનો કાર્યક્રમ લીમખેડા તાલુકાની યજમાનીમાં સતત ત્રીજીવાર ઉજવવા માટે જઈ રહ્યો છે, ત્યારે સવારના 9.00 કલાકથી કાર્યક્રમની શુભ શરૂઆત થશે.10:30 કલાક સુધી સંગીત શૌર્ય કાર્યક્રમ ચાલશે.સમસ્ત દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી શોભાયાત્રાઓનું શ્રી હસ્તેશ્વર મહાદેવ મંદિર પરિસર ખાતે આગમન થશે.11.30 કલાકે કાર્યક્રમના મુખ્ય મહેમાનોનું આગમન થશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કોળી સમાજના વડીલ,આગેવાન અને દેવગઢબારીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી અને રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજવા માટે જઈ રહ્યો છે. સમગ્ર દાહોદ-પંચમહાલ જિલ્લામાંથી કોળી સમાજના આગેવાનો, વડીલો, યુવાનો,ભાઈઓ-બહેનો ખૂબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાશે ત્યારે વડોદરા,છોટાઉદેપુર,ભાવનગર અને સૌરાષ્ટ્ર પંથકમાંથી પણ કોળી સમાજની લાગણીને માન આપી સમાજના આમંત્રણ ને માન આપી કાર્યક્રમમાં મહેમાનો પધારવાના છે.શોભામાં અભિવૃદ્ધિ કરવાના છે.

# જાફરાબાદ ખાતે દરવર્ષેની જેમ આ વર્ષે પણ ઉતરાયણ પર્વ નિમિત્તે વિધાર્થીઓમાં પતંગોનું વિતરણ

## પૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત મેરીટાઇ બોર્ડના અધ્યક્ષ અંબરીશભાઇ ડેર દ્વારા પતંગ વિતરણ કરાયું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલાના પૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત મેરીટાઈ બોર્ડ ના અધ્યક્ષ અંબરીશભાઈ ડેર દ્વારા દરવર્ષેની જેમ આ વર્ષે પણ ઉતરાયણ પર્વ ને લઈને જાફરાબાદ ની સરકારી પ્રાથમિક શાળાઓમાં નાના ભૂલકાઓ વિધાર્થીઓમાં પતંગોનુ વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ એકથી ધોરણ આઠ સુધી ના બાળકો ને પતંગોનુ વિતરણ થતાં નાના ભૂલકાઓ અને વિધાર્થીઓ માં અંબરીશભાઈ ડેર ના નામનો ઉત્સાહ જોવા મળ્યો હતો તેમજ સમાજીક કાર્યકર તથા કોળી સમાજના અગ્રણી પ્રવિણભાઈ બારૈયા દ્વારા વિધાર્થીઓ ઓને પતંગ ચગાવતી વખતે શું ધ્યાનમાં લેવું જોઈએ તે વિધાર્થીઓ ને જણાવ્યું હતું.

# સંખેડા ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે રમતોનું આયોજન કરવામાં આવ્યું



કમલેશ પટેલ | સંખેડા

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સંખેડા તાલુકા કક્ષાની એથલેન્ટિક્સ સ્પર્ધાઓ જેવી કે દોડ કુદ બરછી ફેક ની રમતોનું આયોજન સંખેડા ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત સ્પર્ધામાં તાલુકાની વિવિધ પ્રાથમિક તથા માધ્યમિક વિભાગની શાળાઓ ના 9 થી 17 વર્ષના 275 થી વધારે સ્પર્ધકો કોઈએ ભાગ લીધો હતો અને સ્થળ પર મેડિકલ ની ટીમ પાણી નાસ્તો ની સુવિધા આયોજકો દ્વારા કરવામાં આવી હતી સમગ્ર સ્પર્ધા નું આયોજન મુકેશભાઈ પરમાર તેમજ શાળાના વ્યાયામ શિક્ષક અલ્પેશભાઈ બારોટ કુસ્તી કોચ તથા શૈલેષભાઈ ખો ખો કોચ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી ચિરાગભાઈ શાહ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા જિલ્લામાં સંખેડા તાલુકા નું નામ રોશન કરે તેવી શુભેચ્છા આપી હતી પ્રથમ અને દ્વિતીય વિજેતા ખેલાડી ઓ જિલ્લા કક્ષાએ ભાગ લેવા આગામી સમયમાં જશે.

## બાળકો અને વાલીઓ માટે આનંદનો મહાસાગર

# મોડાસા ખાતે બી-કનઈ સ્કૂલનો યુનિટી ઉત્સવ ફેન ફેર કાર્યક્રમ

રાકેશ મહેતા | ધનસુરા

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલી બી-કનઈ સ્કૂલ દ્વારા આયોજિત બે દિવસીય યુનિટી ઉત્સવ ફન ફેરનું ભવ્ય ઉદ્ઘાટન માનનીય મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ આનંદ મેળામાં 70 જેટલા ખાણી-પીણી અને રમતગમતના સ્ટોલ લગાવવામાં આવ્યા હતા, જેમાં નાના બાળકો માટે અલગથી આકર્ષક સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ઉત્સવમાં દેશી અને વિદેશી, મીઠી અને ખારી, ગરમ અને ઠંડી, એવી તમામ પ્રકારની વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નાના બાળકો માટે ખાસ કરીને તૈયાર કરાયેલી વાનગીઓ પણ ઉપલબ્ધ હતી. વિવિધ સ્ટોલ પરથી ગરમાગરમ પકોડા, દહીં વડા, પનીર ટિક્કા, ચાટ, પાણીપુરી, આઈસ્ક્રીમ અને અનેક પ્રકારના ફાસ્ટ ફૂડની મજા લઈ શકાતી હતી. વાનગીઓની સાથે સાથે વિવિધ પ્રકારના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું



હતું. બાળકો માટે ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન, ગરબા, ડાંડિયા રાસ,ડાન્સ જેવા અને અન્ય રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું જે કાર્યક્રમો બાળકો માટે ખૂબ જ આકર્ષક સાબિત થયા હતા.

આ ઉત્સવમાં બાળકો અને વાલીઓએ સાથે મળીને ખૂબ આનંદ માણ્યો હતો. વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈને બાળકોએ નવા મિત્રો બનાવ્યા અને એકબીજા સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સમય પસાર કર્યો.આ ઉત્સવની સફળતા પાછળ સ્કૂલના શિક્ષકો, સ્ટાફ અને વાલીઓની મહેનત રહી છે. તેમણે મળીને આ ઉત્સવને ખૂબ જ સુંદર રીતે યોજ્યો હતો.બી-કનઈ સ્કૂલનો યુનિટી ઉત્સવ ફન ફેર બાળકો અને વાલીઓ માટે એક અવિસ્મરણીય અનુભવ બની રહ્યો.

## બનાસકાંઠા જિલ્લા પોલી અને રોટરી ક્લબ પાલનપુર દ્વારા ઉતરાયણ નિમિત્તે સાવચેતી નાં પગલાં રુપે

# પતંગનાં દોરાથી બચવા માટે સેફ્ટી તારનું વિના મૂલ્યે વિતરણ કરાયું

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા પોલીસ અને રોટરી કલબ દ્વારા નાગરિકો ની સાવચેત નાં ભાગ રુપે ઉતરાયણ નિમિત્તે પતંગ નાં દોરાથી બચવા માટે જીલ્લા પોલીસ વડા અક્ષયરાજ



મકવાણા ની દેખરેખમાં ટૂ વ્હીલર ચાલકો ને ગુરુનાનક ચોક ખાતે સેફ્ટી તાર લગાવવામાં આવ્યા હતા તેમજ તાર નું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું ઉતરાયણ પર્વ નિમિત્તે પતંગ નાં દોરાથી ધણી વખત લોકો નાં ગળા કપાવવાની ધટનાઓ બને છે અને ધણાં કિસ્સામાં તો નાગરિકો ની જાન પણ ગુમાવ્યા નાં કિસ્સા સામે આવ્યા છે ત્યારે આજ રોજ બનાસકાંઠા જિલ્લા પોલીસ અને રોટરી ક્લબ પાલનપુર સંયુક્ત રીતે ટુ વ્હીલર વાહન ચાલકો ને પતંગ નાં દોરાથી બચવા માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા દ્વારા નાગરિકો ને ચાયનીઝ દોરી નો ઉપયોગ નાં કરવાં સલાહ આપવામાં આવી છે.

# રાજપીપળાપતંગ અને દોરીની નિરાશાજનક ઘરાકી

ભરત શાહ | નર્મદા



રાજપીપળામાં આ વર્ષે ઉત્તરાયણ પર્વ વેપારીઓ માટે જાણે નિરાશાજનક જણાઈ રહ્યું છે કેમ કે દર વર્ષ કરતા આ વર્ષે પતંગ ખરીદી માટે ગ્રાહકો નો ઓછી ભીડ બજાર માં જોવા મળી અને એ જ પ્રમાણે પતંગ ની રીલ ખરીદી અને દોરી સુતાવવા માં પણ જાણે પતંગરસિયાઓ આ વર્ષે નિરાશ હોય તેમ ત્યાં પણ ગ્રાહકો ખાસ જોવા મળતા ન હતા. જોકે મોંઘવારી ના માર ના કારણે લોકો માં હવે ઉત્તરાયણ માં પતંગ દિવાળી માં ફટાકડા કે અન્ય તહેવારો ઉજવવા મુશ્કેલ બન્યા હોવાથી હવે આવા મોટા પર્વ આવનારા વર્ષો માં લોકો માટે ઉજવવા કદાચ એક સ્વપ્ન બની રહે તો નવાઈ નહી. ચાઈનીઝ દોરી કે ચાઈનીઝ તુક્કલ બાદ હવે સાદી દોરી સુતાવવા માટે પણ માંજા માં કાંચ ની ઉપયોગ નહી કરવાનો હોવાથી હવે ઉત્તરાયણ માં પતંગ કાપવા માટે એકમાત્ર મજબૂત દોરી ની જરૂર પડશે ત્યારે નર્મદા જિલ્લા માં પતંગ રસિયાઓ હાલ માં ઉત્તરાયણ માટે પતંગ ઉડાડવા તૈયાર છે.

# નિશાણા ગામે EMRI ગ્રીન હેલ્થ સર્વિસ સંસ્થા દ્વારા વાછરડાની સારણગાંઠનું ઓપરેશન કરી પીડા મુક્ત

કમલેશ પટેલ | સંખેડા

હાલ ડાંગ જીલ્લામાં ૭ ગામ દીઠ ૧૦ ફરતા પશુ દવાખાનાની એમ્બ્યુલન્સ કાર્યરત છે. ત્યારે સુબીર તાલુકાના જામલા ગામે કાર્યરત પશુ દવાખાનામાં ડો. અમિતકુમાર અને પાયલટ જીવાભાઈ ઉપર નીશાણા ગામેથી ઈમર્જન્સ કોલ આવ્યો હતો.એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.અને વાછરડાની તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે, વાછરડાને સારણગાંઠ છે.જેથી વાછરડાની તાત્કાલિક સર્જરી કરવી પડે એમ હતી.તો વાછરડાની ઘટના સ્થળે જ સર્જરી



કરવામાં આવી હતી.આમ ઓપરેશન કરી વાછરડાને પીડા મુક્ત કર્યો હતો.અને એનો જીવ બચાવી લેવાયો હતો.આ ઓપરેશનમાં પ્રોગામ મેનેજર ડો. રવિ, ડો.અમિત અને પાયલટ જીવાભાઈનાઓએ ભેગા મળીને આખુ ઓપરેશન સફળતા પૂર્વક પાર પાડયુ હતુ.અને વાછરડાને નવુજીવન આપ્યુ હતુ.તે માટે અજયભાઈ ગામીત અને ગામના લોકોએ નિ:શુલ્ક અને સમયસર સારવાર આપવા બદલ EMRI Green health services સંસ્થા અને પ્રોગામ મેનેજર ડો.રવિ, ડો.અમિત અને પાયલટ જીવાભાઈનો ખૂબ આભાર માન્યો હતો.

# સુરત ખાતેથી રુ. 69 લાખનુ 25 ટન ભેળસેળયુક્ત ઘી પકડી પાડતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર"

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યનાં નાગરિકો ને સલામત અને સ્વચ્છ આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કટીબદ્ધ છે અને રાજ્યમાં ભેળસેળ યુક્ત કે ડુપ્લીકેટ ખોરાક બનાવનાર ઈસમો વિરૂદ્ધ તંત્ર કડક કાયદાકીય કાર્યવાહી કરી રહ્યું છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, સુરત દ્વારા માસ્મા, મુકામે ઓલપાડ, સુરતમાં તા: ૧૧-૦૧-૨૦૨૫ નાં રોજ કરેલ રેડ દરમિયાન ઉત્પાદક પેઢી વીર મિલ્ક પ્રોડક્ટસ, ૧૦૮ હની ઈન્ડસ્ટ્રીઝ, માસ્મા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે કુલ ૩ નમુનાઓ તથા આશરે ૫૦૦૦ કીલોગ્રામ ગાયનુ ઘી, ૨૪૦૦ કિલોગ્રામ શુભ બ્રાન્ડ ગાયનુ ઘી તથા ૧૪૦ કિલોગ્રામ જેટલો ઘીના એસેન્સનો જથ્થો સીઝ કરવામાં આવેલ. આ સાથે ઉપરોક્ત પેઢી ના સામે આવેલ પેઢી આર. કે એન્ટરપ્રાઈઝ, ૧૬૩ હની ઈન્ડસ્ટ્રીઝ, માસ્મા, તા. ઓલપાડ, જી. સુરત ખાતેથી કુલ ૦૨ નમુના લેવામાં આવેલ છે, ૧૦૨૦૦ કિલોગ્રામ જેટલો વેજ ફેટ અને ૭૦૦૦ કિલોગ્રામ જેટલો ફેટી એસિડ મોનો એન્ડ ડાય ગ્લિસરાઈડ નો જથ્થો સીઝ કરવામાં આવેલ. આર. કે એન્ટરપ્રાઈઝ અને વીર મિલ્ક પ્રોડક્ટસ પેઢી એકબીજા સાથે સંકળાયેલ છે તથા આર. કે એન્ટરપ્રાઈઝ ના માલીક રાકેશ ઈશ્વરભાઈ ભરતીયા બન્ને ભાઈ છે તેવુ વીર મિલ્ક પ્રોડક્ટસ ના માલીક ભુપેશ ઈશ્વરભાઈ ભરતીયા એ કબુલ્યુ હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## થોડીવાર બંધ રહ્યા બાદ દુકાનો ખુલ્લી, ધાનાણીએ કહ્યું- 'લડાઇ ચાલુ રહેશે, સોમવારે સુરતમાં ધરણા કરીશું'

# અમરેલી લેટરકાંડ...બંધને પ્રતિસાદ ન મળ્યો...



અમરેલી | અમરેલીમાં બનાવટી લેટરકાંડમાં પાટીદાર યુવતી પર અત્યાચારના મુદ્દે 24 કલાકના ઉપવાસ કરનાર પરેશ ધાનાણીએ શુક્રવારે ઉપવાસ આંદોલન વધુ 24 કલાક લંબાવ્યું હતું, જે આજે( 11 જાન્યુઆરી ) 10 વાગ્યે પૂર્ણ થયું છે. પરેશ ધાનાણીએ આજે અડધો દિવસ અમરેલી બંધની અપીલ કરી છે, જેને લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આગામી 22મી તારીખ સુધી અમરેલીમાં 144મી કલમ લાગુ કરવામાં આવી છે. કોંગ્રેસનેતા પરેશ ધાનાણીએ આપેલા અમરેલી બંધના એલાનને વહેલી સવારે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. જે વિસ્તારમાં ધાનાણીએ ધરણાં કર્યાં હતા એ વિસ્તારમાં મોટા ભાગની દુકાનો બંધ જોવા મળી હતી. જોકે બાદમાં દુકાનો ખુલી ગઈ હતી. જ્યારે શહેરના અન્ય વિસ્તારોમાં તમામ દુકાનો ખુલી જોવા મળી હતી. શહેરમાં કોઈ અનિચ્છીય બનાવ ન બને એ માટે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવાયો છે.

**પાયલ ગોટીએ કેવા આક્ષેપ કર્યા?:** પાયલ ગોટીએ આક્ષેપ કરતાં કહ્યું હતું કે શુક્રવારે હું નોકરીથી છૂટીને આવી સૂઈ ગઈ પછી આગળનો દરવાજો ખખડાવ્યો. મારા પિતા ઊઠીને બહાર આવ્યા, બે લેડીઝ અને ત્રણ જેન્ટ્સ પોલીસ હતી અને મને ઉઠાડવાનું કહ્યું. સવારે મૂકી જઈશું એમ કરી મને પોલીસ સ્ટેશન લઈ ગયાં હતાં. કોઈને હું ઓળખતી નથી, જેનીબેન મને એક દીકરી તરીકે મદદ કરવા આવ્યાં હતાં. મારા પિતાનું શું થાય? હું જેલમાં હતી. મારાં મમ્મી-પપ્પાને સાચવવા આવ્યાં હતાં અને મેં ગુનો કર્યો જ નથી. જેનીબેન મારાં મમ્મી-પપ્પાને આશ્વાસન આપવા અને સાચવવા આવ્યાં હતાં અને હવે મારા ભવિષ્ય માટે ન્યાય મળે એ માટે મુખ્યમંત્રી અને ધારાસભ્ય કૌશિક વેકરિયાને વિનંતી કે ન્યાય અપાવે. મારી જે ઈજ્જત અને મારી આબરૂનો જે વરઘોડો કાઢ્યો છે, પોલીસે મને માર માર્યો છે. મને રાજકારણમાં કોઈ રસ નથી.

**'SPની કોલ ડિટેઈલની તપાસ થવી જોઈએ'** પરેશ ધાનાણીએ એવી માગ ઉઠાવી હતી કે અમરેલી જિલ્લા પોલીસવડા ઉપરાંત રાજકીય નેતાઓ વચ્ચે થયેલી વાતચીત અને મેસેજની વિગતો બહાર આવવી જોઈએ અને તેમની કોલ ડિટેઈલની તપાસ થવી જોઈએ.

**'ગુજરાતના દરેક જિલ્લામાં નારી સ્વાભિમાન મંચની રચના કરાશે':** પરેશ ધાનાણીએ જણાવ્યું હતુ કે ગુજરાતના દરેક જિલ્લા, તાલુકા, શહેરમા નારી સ્વાભિમાન મંચની રચના કરવામા આવશે અને દરેક તાલુકા મથકો પર ન્યાય માટે આંદોલન કરવામાં આવશે. તેમણે ગુજરાતના સાધુ-સંતો, સમાજના શ્રેષ્ઠીઓ અને સંસ્થાઓને પણ લડતનું સમર્થન કરવા અપીલ કરી હતી. આ મુદ્દે આજે બપોર સુધી અડધો દિવસનો બંધ પાળવા વેપારીઓને અપીલ કરી હતી. તેમણે ગુજરાતની મહિલાઓને એવી અપીલ પણ કરી હતી કે તમે જ્યાં પણ રહેતાં હો ત્યાં આજુબાજુનાં ઘરના દરવાજા ખટખટાવી મહિલા સ્વાભિમાન માટે રાજ્યની દરેક મહિલાને જાગૃત કરવા પ્રયાસ કરો. તેમણે લોકોને કોઇ આંદોલનને ભટકાવવાનો પ્રયાસ કરે તો તેને રોકવા પણ અપીલ કરી હતી.

# સુરતની પતંગબજારમાં ચોરી-છેડતી રોકવા પોલીસ એક્શનમાં, ડ્રોન અને દૂરબીનથી રખાઈ રહી છે નજર

(એજન્સી) સુરત | તા. 11

સામાન્ય રીતે ચોર કે રોમિયોને પકડવા માટે પોલીસ હાથમાં ડંડો લઈને ફરતી હોય છે, પરંતુ સુરતમાં આ વખતે પોલીસ હાથમાં ડંડો નહીં, પરંતુ પિપૂડા લઈને ફરી રહી છે. ઉત્તરાયણ પર્વને લઈને સુરતના 100 વર્ષ જૂના ડબગરવાડમાં ચોરી અને છેડતીની ઘટના ન બને અને અસામાજિક તત્વો વેપારીઓ-લોકોને હેરાન ન કરે તે માટે ખાખીમાં નહીં, પરંતુ સાદા ડ્રેસમાં હાથમાં પીપૂડી લઈને પોલીસ ફરી રહી છે. આ સાથે જ ડ્રોન કેમેરા અને દૂરબીનથી પણ બજારમાં આવનારા લોકો ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે.

ઉત્તરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સુરતિલાલાઓ પતંગ-દોરાની ખરીદીમાં લાગી ગયા છે. શહેરના પ્રખ્યાત પતંગ બજાર એવા ડબગરવાડમાં પતંગ-દોરાની ખરીદીમાં લોકો ભીડ જામી છે. આગામી 11, 12 અને 13 તારીખે પતંગ-દોરીની ખરીદી માટે ડબગરવાડમાં લોકોની ભીડ એ હદે વધશે કે પગ મૂકવાની પણ જગ્યા નહિ રહે. ત્યારે આવી ભીડનો ફાયદો ખિસ્સાકાતરું ઉઠાવી મોબાઈલ અને પર્સની ચોરી કરતા હોય છે. ત્યારે



આ વર્ષે એ પ્રકારની ઘટના ન બને તે માટે લાલગેટ પોલીસે પ્લાન ઘડી કાઢ્યો છે. પતંગ બજાર પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પોલીસ આ 3 દિવસ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર બંદોબસ્ત રાખશે. સાથે જ ડ્રોન કેમેરાની મદદથી સતત વોચ રાખવામાં આવશે. એટલું જ નહીં, ગ્રાહકના વેશમાં પોલીસકર્મીઓ સતત બજારમાં ફરતા રહેશે અને કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાય તો પૂછપરછ કરવામાં આવશે. સાથે બજારમાં આવેલી ઊંચી ઈમારતો પરથી પોલીસ દૂરબીનની મદદથી પણ ચાંપતી નજર રાખી રહી છે, જેથી દરેક હિલચાલ પર નજર રહે. કોઈ ચોરી કરી ભાગવાની કોશિશ કરે તો તેને તુરંત ઊંચી ઈમારતો પર તૈનાત રહેલા પોલીસ કર્મચારીઓ દૂરબીન અને વોકીટોકીની મદદથી માહિતી આપશે, જેથી ચોર તુરંત પકડાઈ જાય.

ઊંચી બિલ્ડિંગ પરથી દૂરબીનથી પણ ચાંપતી નજર

લાલગેટ પોલીસ સ્ટેશનના પી.આઈ. એન. એમ. ચૌધરીએ જણાવ્યું હતું કે, ઉત્તરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી છે, ત્યારે લાલગેટ પોલીસ સ્ટેશનના ડબગરવાડ વિસ્તારમાં ખૂબ જ ભીડ રહેતી હોય છે. આ સમય દરમિયાન મોબાઈલ અને પર્સ સ્નેચિંગની ઘટનાઓ બનતી હોય છે. આવી ઘટનાઓ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બજારના બંને બાજુ બેરિકેડિંગ કરી પોલીસ બંદોબસ્ત ગોઠવેલ છે. આ સિવાય ધાબા પોઈન્ટ પણ રાખવામાં આવ્યા છે, જ્યાંથી દૂરબીનથી શંકાસ્પદ મૂવમેન્ટ પર પણ નજર રાખી રહી છે.

### ખેડૂતોની માંગ, દિવસે વીજળી આપો...

# રાત્રે દીપડા-ભૂંડના ભય વચ્ચે ખેતી કરવા મજબૂર, દિવસે વીજળી ન મળવાથી મુશ્કેલીઓ વધી...

(એજન્સી) નવસારી | તા. 11

નવસારી જિલ્લાના પૂર્વ પટ્ટીના ખેડૂતો માટે રાત્રિ દરમિયાન ખેતી કરવી મોટો પડકાર બની ગયો છે. ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) દ્વારા અમલમાં મૂકાયેલી વીજળી વિતરણ યોજના મુજબ, ખેડૂતોને બે તબક્કામાં વીજ પુરવઠો મળે છે - એક અઠવાડિયે સવારે 5થી બપોરે 1 વાગ્યા સુધી અને બીજા અઠવાડિયે બપોરે 1થી રાત્રે 9 વાગ્યા સુધી.

આ વિસ્તારમાં મુખ્યત્વે ડાંગર, શેરડી અને બાગાયતી પાકોનું વાવેતર કરવામાં આવે છે. નદીઓની કોતરો નજીક હોવાથી દીપડાઓ માટે ખેતરો આશ્રયસ્થાન બની ગયા છે. વળી, જંગલી ભૂંડના ઝુંડ પણ પાકને નુકસાન પહોંચાડે છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતોએ રાત્રે પિયત માટે જૂથમાં જવું પડે છે અને સુરક્ષા માટે લાકડી કે અન્ય હથિયારો સાથે રાખવા પડે છે. સરકારની કિસાન સૂર્યોદય યોજના હોવા છતાં, પૂર્વ પટ્ટીના ગામડાઓમાં દિવસે વીજળી ન મળવાથી ખેડૂતોની મુશ્કેલીઓ વધી છે. ઘણી વખત સહાય ન મળવાથી ખેડૂત રાત્રે ખેતરે જઈ શકતો નથી, જેના કારણે પિયતમાં અનિયમિતતા સર્જાય છે અને પાકને નુકસાન થાય છે. આ સમસ્યાના નિવારણ



માટે ખેડૂતોએ દિવસ દરમિયાન વીજ પુરવઠો આપવાની માંગ કરી છે. નવસારીના પૂર્વ પટ્ટીના ગામડાઓના ખેડૂતો દ્વારા સ્થાનિક ધારાસભ્યને અનેકવાર રજૂઆતો કરીને સરકારમાં પોતાની વ્યથા પહોંચાડી છે, તેમ છતાં કિસાન સૂર્યોદય યોજનાનો સૂર્ય ન ઉગતા ખેડૂતોમાં રોષ છે. જોકે યોજના હેઠળ નવસારીના પશ્ચિમ વિસ્તારના ગામડાઓમાં સવારે 9 થી 5 વાગ્યા દરમિયાન ખેડૂતોને વીજ પુરવઠો મળે છે. ત્યારે ખેડુતો સાથે અન્યાય કેમ..? નો પ્રશ્ન ખેડૂતોના માનસમાં ઉઠી રહ્યો છે.

# બ્રાસ સ્ક્રેપની ખરીદીમાં 20.76 લાખની છેતરપિંડી : ખોટી ઓળખ અને જીએસટી નંબરનો ઉપયોગ કરી વેપારીને છેતર્યો



(એજન્સી) જામનગર | તા. 11

જામનગરમાં બ્રાસ સ્ક્રેપની ખરીદીમાં મોટી છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી સાગર કાળુભાઈ નંદાણીયા વિરુદ્ધ પંચકોશી બી. પોલીસ મથકમાં રૂપિયા 20.76 લાખની છેતરપિંડીનો નવો કેસ નોંધાયો છે. આરોપીએ મૂળ પુણેના વતની અને હાલ જામનગરમાં રહેતા ઉદ્યોગકાર ખુશાલસિંહ રઘુજી રાજપુત સાથે છેતરપિંડી કરી હતી. તેણે મનીષ જૈન નામના અન્ય વેપારીની ખોટી ઓળખ અને મોદી મેટલ નામની પેઢીનો જીએસટી નંબર વાપરીને 20,76,558 રૂપિયાનો બ્રાસ સ્ક્રેપ ખરીદ્યો હતો, પરંતુ પૈસા ચૂકવવામાં આનાકાની કરી હતી. આ પહેલાં પણ સાગર નંદાણીયા સામે સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં 13 લાખની છેતરપિંડીનો કેસ નોંધાયેલો છે. જેમાંથી જામીન મળ્યા બાદ તરત જ તેની નવા કેસમાં ધરપકડ કરવામાં આવી છે. કેસમાં નવો વળાંક આવતા આરોપી સાગર નંદાણીયાએ ફરિયાદી ખુશાલસિંહ રાજપુત સામે વળતી ફરિયાદ નોંધાવી છે. તેના આક્ષેપ મુજબ, ખુશાલસિંહે તેને મોબાઈલ પર "તુજે ઘર સે ઉઠવા લુંગા" જેવી ધમકી આપી હતી. પોલીસે બંને ફરિયાદોની તપાસ શરૂ કરી છે અને આરોપીને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવી રહ્યો છે.

### પોલીસ ભરતીની દોડમાં ફેલ થતાં યુવકે જિંદગી ટૂંકાવી...


# 8 વર્ષથી પરીક્ષાની તૈયારી કરતા પરેશે જંગલમાં બાવળ પર દોરી બાંધી આત્મ હત્યા કરી લીધી...

(એજન્સી) જુનાગઢ | તા. 11

સમગ્ર રાજ્યમાં હાલ પોલીસ વિભાગની લોકરક્ષક અને પીએસઆઈની ભરતી પ્રક્રિયા શરૂ છે, ત્યારે માણાવદર તાલુકાના દગડ ગામના 29 વર્ષીય પરેશ હમીરભાઈ કાનગડ નામનો યુવક 9/1/2025ના પોલીસ ભરતીની પરીક્ષા આપવા માટે જામનગર ગયો હતો. છેલ્લા 8 વર્ષથી પરીક્ષાની તૈયારી કરતો યુવક પોલીસ ગ્રાઉન્ડમાં સમયસર દોડ પુરી ન કરતા નાપાસ થયો હતો. જેથી યુવકને મનમાં લાગી આવતા બાંટવા નજીક જંગલમાં જઇ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરતા પરિવાર પર આભ ફાટ્યું છે.

આ અંગે મૃતકના સગા સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે, પરેશ છેલ્લા ઘણા સમયથી અલગ-અલગ પરીક્ષાની તૈયારી કરતો હતો. ત્યારે ગત 9/1/2025ના જામનગર ખાતે પોલીસ ભરતી પ્રક્રિયા માટે ગયો હતો, જ્યાં દોડમાં પરેશ નાપાસ થયો હતો. આ બાદ પરેશ જામનગરથી ઘરે આવવા નીકળ્યો હતો ત્યારે બાટવા નજીક આવેલા જંગલમાં જઈ પ્લાસ્ટિકની દોરી બાવળ સાથે બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.

**પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો**



આ અંગે ડીવાયએસપી બીસી ઠક્કર સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ગત 9 જાન્યુઆરીના રોજ બાટવા નજીક બાવળની કાંટમાં માણાવદર તાલુકાના દગડ ગામના 29 વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કર્યાની જાણ થતાં બાંટવા પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો છે. મૃતક પરેશના ભાઈ મનીષ કાનગડેએ બાટવા પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યું હતું કે,
તેમનો ભાઈ પરેશ કાનગડ ગત 9 જાન્યુઆરી 2025ના જામનગર ખાતે પોલીસ ભરતી માટે દોડ માટે ગયો હતો. જ્યાં દોડમાં પરેશ નાપાસ થયો હતો જેનુ લાગી આવતાં તેણે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૃતકના સગાએ વધુમાં જણાવ્યું કે, ઘણા કલાકો સુધી પરેશ ઘરે ન ફરતા અમે તેને ફોન કરતાં તેનો મોબાઇલ પણ બંધ આવતો હતો. જેથી અમે પરેશના પરિવાર અને મિત્રો સાથે શોધખોળ હાથ ધરી હતી. જ્યાં રાત્રે પરેશનું બાઈક રોડ પર જોવા મળ્યું હતું અને જંગલ વિસ્તારમાં બાવળ પર દોરી બાંધેલી હાલતમાં પરેશ લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો. આ મામલે અમે પોલીસને જાણ કરી હતી અને ત્યારબાદ મૃતક પરેશના મૃતદેહને પીએમ માટે માણાવદર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

# ભુજમાં 17 વર્ષીય યુવક ગેમ હારી જતાં કર્યો આપઘાત...

(એજન્સી) ભુજ | તા. 12

હાલના ટેક્નોલોજીના યુગમાં બાળકોને મોબાઈલનું વલગણ લાગી ગયું છે. ઘણીવાર આ મોબાઈલ ભૂત ભારે પડી શકે છે. આવો એક કિસ્સો ભુજના એક નાનકડા ગામમાંથી સામે આવ્યો છે. ભુજના મોખાણા ગામે મોબાઈલ ફોનમાં ગેમ હારી જતાં કિશોરે ઝેરી દવા પીને જિંદગીનો કરૂણ અંત આણી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર 17 વર્ષીય કાર્તિક કાનજીભાઈ મેરીયાએ ગત 4 જાન્યુઆરીના નિંદામણ બાળવાની ઝેરી દવા પી લેતા તેને કાનજીભાઈ મેરીયા ભુજની જનરલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં તેઓનું 8મી જાન્યુઆરીના સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પથ્થર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર એ.જી.પરમારના જણાવ્યા પ્રમાણે હતભાગી કિશોર ઘરે મોબાઈલમાં કોઈ ગેમ રમતા તે હારી ગયો હતો. જેના આઘાતમાં તેણે આત્મહત્યા કરી લીધી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળે છે. હતભાગીનો મોબાઈલ કબજે લેવામાં આવ્યો છે. આ કિશોર કઈ ગેમ રમતો હતો તે તપાસ દરમિયાન બહાર આવવા પામશે.

# વડોદરામાં સગીર વયની વિદ્યાર્થીની પર દુષ્કર્મના ગુનામાં આરોપીની ધરપકડ

વડોદરા : વડોદરામાં 15 વર્ષની કિશોરી જ્યારે પણ સ્કૂલેથી છૂટી પરત ઘરે આવતી હોય ત્યારે આરોપી ભરત ઉર્ફે યોગેશ સોલંકી (રહે. નુર્મ આવાસ યોજના વુડાના મકાનમાં. જાંબુવા) અવારનવાર તેનો પીછો કરી હેરાન કરતો હતો. વર્ષ 2023 માં એપ્રિલ, જુન, સપ્ટેમ્બર મહિનામાં બપોરના ત્રણ વાગ્યાના સમયમાં તેના ઘરે જઈ આરોપીએ શારીરિક સંબંધો બાંધ્યા હતા અને વિદ્યાર્થીનીને ધમકી આપી હતી કે તારા માતા-પિતા કે અન્ય કોઈને જાણ કરીશ તો તારા ભાઈને જાનથી મારી નાખીશ. યોગેશ સોલંકીનું કહેવાનું નહીં માનતા વિદ્યાર્થીનીના ભાઈ સાથે આરોપીએ ઝઘડો કર્યો હતો આ ગુનામાં પીઆઇ ડી.સી.રાઓલે આરોપી યોગેશ જુગાભાઈ સોલંકીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### 5 વર્ષીય બાળકીની કસ્ટડી માટે કાનૂની જંગ...

# માસી-નાની પાસેની કસ્ટડી ગેરકાયદેસર નથી તેવું ટાંકીને કોર્ટે દાદાની સર્ચ વોરંટની અરજી નામંજૂર કરી

(એજન્સી) સુરત | તા. 11

માતા-પિતાનું અકસ્માતમાં અવસાન થતાં પાંચ વર્ષિય બાળકીની કસ્ટડી માટે માસી-નાની તથા દાદા વચ્ચે કાનૂની જંગ ખેલાયો હતો. જેમાં માસી અને નાની પાસે પાંચ વર્ષીય બાળકીની કસ્ટડી ગેરકાયદેસર નથી તેવું ટાંકીને કોર્ટે દાદાની સર્ચ વોરંટની અરજી નામંજૂર કરી હતી.

મૂળ મહેસાણાના વતની અને હાલ શહેરના ઉધના વિસ્તારમાં રહેતા રામુભાઇ (ઉં.વ. 57)એ પોતાના દીકરાની પાંચ વર્ષીય દીકરી કવિતા (પક્ષકારોના નામ બદલેલ છે)નો કબ્જો મેળવવા અત્રેની કોર્ટમાં સર્ચ વોરંટની અરજી કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, તેમના દીકરા અને વહુનું ઉધના વિસ્તારમાં એક માર્ગ અકસ્માતમાં સપ્ટેમ્બર, 2024માં અવસાન થયું હતું. તેમની પાંચ વર્ષીય પૌત્રીને વહુની બહેન અને માતા એટલે કે, દીકરીની માસી અને નાનીએ ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલ છે. અહીં દાદાએ એવી રજૂઆત કરી હતી કે, પુત્ર અને વહુનું અવસાન થતાં પૌત્રીના તેઓ કાયદેસરના વાલી છે. વધુમાં માસી અને નાની તરફે એડવોકેટ ધ્રુમા લંગાલિયા અને અશ્વિન જોગડિયાએ લેખિત જવાબ રજૂ કરી દલીલ કરી હતી કે, બાળકી કવિતા માતા-પિતાના અવસાન બાદથી જ તેમની પાસે છે. તેઓ સારી રીતે બાળકીની સારસંભાળ રાખી રહ્યા છે તથા બાળકી હાલમાં સિનિયર કે.જી. માં અભ્યાસ કરે છે અને તેમના પરિવારમાં ઘણી ખુશ છે. સાથે તેમણે એવી પણ દલીલ કરી હતી કે, જ્યારે બાળકના માતા-પિતા બંને ન હોય તો ડી ફેક્ટો ગાર્ડિયન નીમી શકાય છે. જે અંગે હિન્દુ માઈનોરિટી એન્ડ ગાર્ડિયન એક્ટ 1956ની કલમ 6માં જોગવાઈ કરવામાં આવી છે. બંને પક્ષકારોને સાંભળ્યા બાદ કોર્ટે દાદાની અરજી રદ કરી ટાંક્યું હતું કે, અરજીની સુનાવણી દરમિયાન દર તારીખે બાળકી માસી અને નાની સાથે કોર્ટમાં હાજર હતાં. જેમાં બાળકી માસી અને નાની સાથે ખુબ જ ખુશ તથા સુંદર અને વ્યવસ્થિત કપડામાં દેખાતી હતી. જે જોતા માસી અને નાની બાળકીનું વધુ સારી રીતે ધ્યાન રાખી શકે તેમ છે.

# રખડતા ઢોર માટે રાજ્ય સરકારની 20 લાખની ગ્રાન્ટ : પાટણમાં કેટલ પોન્ડ સુવિધા વિકસાવાશે

પાટણ | પાટણ શહેરમાં રખડતા પશુઓની સમસ્યાના નિવારણ માટે મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. નગરપાલિકા ખાતે યોજાયેલી કેટલ ન્યુસન્સ કન્ટ્રોલ કમિટી (સીએનસીડી)ની બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી 20 લાખની ગ્રાન્ટના ઉપયોગ અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.

કમિટીએ આ ગ્રાન્ટમાંથી શહેરમાં રખડતા પશુઓને પકડીને રાખવા માટેના કેટલ પોન્ડ્સની માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, મોતીશા ઢોર ડબ્બાનું રિપેરિંગ કાર્ય હાથ ધરવામાં આવશે અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. વિશેષ રૂપે, પાટણ નગરપાલિકામાં પશુ




ચિકિત્સકની નિમણૂક કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ પહેલ અંતર્ગત ગાય, આખલા અને ભેંસ જેવા રખડતા પશુઓને નિયંત્રિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જોકે કૂતરાઓને આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા નથી. મહત્વપૂર્ણ બેઠકમાં કમિટી ચેરમેન સાથે દેવચંદ પટેલ, ધર્મેશ પ્રજાપતિ, પ્રવિણાબેન પ્રજાપતિ અને સેનેટરી ઈન્સ્પેક્ટર આસમાન પાલ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટમાં નશામાં ધૂત યુવકે આતંક મચાવ્યો

# ગજાનંદ ફૂડના માલિકે દારૂ ઢીંસી પૂરપાટ કાર હંકારી રિક્ષા, કાર અને બાઇકને હડફેટે લીધું

(એજન્સી) રાજકોટ | તા. 11

રાજકોટ શહેરના હાર્દ સમા કાલાવડ રોડ પર કેકેવી હોલ ચોક ખાતે એક કારચાલક દારૂના નશામાં ધૂત બની પૂરપાટ ઝડપે કાર ચલાવી એક રિક્ષા, એક કાર અને એક બાઈકને હડફેટે લઇ નાસી છૂટ્યો હતો. જો કે, અન્ય વાહન ચાલકે તેનો પીછો કરી તેને ઝડપી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે કારચાલકને પોલીસ સ્ટેશન લઇ જઈ પૂછપરછ કરતા તેનું નામ રાજ ગામી હોવાનું અને તે નશાની હાલતમાં હોવાનું જણાઈ આવતા પોલીસે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ અને મોટર વહિકલ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ માલવિયાનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ બ્રીજરાજસિંહ રઘુભા જાડેજાએ કારચાલક રાજ ગામી વિરુદ્ધ પ્રોહી કલમ 66(1)બી, તથા એમ.વી.એક્ટ કલમ 185, 184, 177 તથા BNS કલમ-281 મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, રાજ ગામીની પત્ની ડોક્ટર છે અને પોતે કોટેચા ચોક સ્થિત ગજાનંદ ફૂડ રેસ્ટોરન્ટ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.અકસ્માતે ઈજાગ્રસ્ત થયેલી મહિલાએ જણાવ્યું હતું કે, સિગ્નલ પર ઉભા હતા સાઈડ ખુલતાની સાથે એકદમ ફાસ કદાચ 100થી વધુ સ્પીડ હશે, એટલી સ્પીડમાં ગાડીવાળો આવ્યો હતો. મેં બ્રેક મારી દીધી હતી એને જોઈને તો પણ એને મને મારા એક્ટિવા સહિત મને ઉડાવી દીધી હતી. કેટલા લોકોને ઉડાવ્યા એ મને નથી ખબર પણ બધા વાતો કરતા હતા કે, એને બે ત્રણ વાહનને ઉડાવ્યા છે. ભગવાનની કૃપા કહેવાય કે હું બચી ગઈ, બાકી મને એમ હતું કે હું મરી જ જાત એટલી સ્પીડમાં મને ઉડાવી હતી. કારચાલક નશાની હાલતમાં હોય એવું મને લાગતું હતું. રાજકોટ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ બ્રીજરાજસિંહ રઘુભા જાડેજાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના 1 વાગ્યાથી તેઓ નોકરી પર હાજર હતા.

# વૈશ્વિક ગુજરાતી સંગઠન દ્વારા ૧૧ ગુજરાતીઓને સેલ્યૂટ ઈન્ડિયા એવોર્ડ એનાયત



(એજન્સી) અમદાવાદ તા. 11

દરિયાપાર વસતા ગુજરાતીઓ ભારતની મૂડી છે. તેઓ ભારતની સંસ્કૃતિ અને સંસ્કારને પરદેશની ભૂમિમાં જીવંત રાખે છે. તેમનો વતનપ્રેમ ઘણો પ્રેરક હોય છે. આ શબ્દો અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને ગ્લૉબલ ગુજરાતી ફેડરેશન એટલે કે વૈશ્વિક ગુજરાતી સંગઠનના ઉપક્રમે આજરોજ એએમએમાં યોજાયેલા સમારંભમાં સેલ્યૂટ ઈન્ડિયા એવોર્ડ એનાયત કર્યા હતા. આ સમારંભમાં દરિયાપાર તથા ભારતની કેટલીક વ્યક્તિ વિશેષનું સેલ્યૂટ ઈન્ડિયા એવોર્ડ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સંસ્થાના સ્થાપક પ્રમુખ રમેશ તન્નાએ જણાવ્યું હતું કે દરિયાપાર વસતા ગુજરાતીઓની પ્રતિભા, પ્રતિબદ્ધતા અને વતનપ્રેમને પોંખવા 2014થી નિયમિત રીતે આ એવોર્ડ એનાયત કરાય છે. આ સમારંભમાં આ સમારંભમાં ડૉ. મીતા પીર (પેન્સેવેલિયા-અમેરિકા), હેમાબહેન શેઠ- ભગિની સમાજ- દાહોદ, રેખાબહેન ગાંધી- ઈન્દોર, અશોક ભટ્ટ (લોસ એન્જેલસ), શ્રી તેજસ પટવા (એટલાન્ટા), ડૉ. વાસુદેવ પટેલ (એટલાન્ટા), ડૉ.પ્રતિભા આઠવલે, (ગુજરાત), પ્રકાશ પટેલ-પીવી (હ્યુસ્ટન-અમેરિકા), ભાવિક શાહ (જાપાન), રાજેન્દ્ર પરમાર (જાપાન), તથા શ્રી કેના શાહ (જાપાન, યુવા પ્રતિભા)ને એવોર્ડ એનાયત કરાયા હતા. આ પ્રસંગે પૂજ્ય ભાગવત ઋષિ શાસ્ત્રીજી, (સોલા ભાગવત વિદ્યાપીઠ), શ્રીમતી પ્રતિભા જૈન, (મેયર, અમદાવાદ) જાણીતા ચિત્રકાર શ્રી વૃંદાવન સોલંકી, પૂર્વ સનદી અધિકારી બિપીન ભટ્ટ તથા માનવતાવાદી તબીબ ડૉ. સ્મિતા જોશી ઉપસ્થિત રહ્યાં હતાં. વિદેશમાં વસતા આશરે બે કરોડ એનઆરઆઈ સમુદાયમાં 35% જેટલા ગુજરાતીઓ છે. વિશ્વના 195 દેશોમાંથી 129 દેશમાં ગુજરાતીઓ વસવાટ કરે છે. દરિયાપારના ગુજરાતીઓનો વતન પ્રેમ હંમેશાં લીલોછમ હોય છે. તેઓ ગુજરાતના ઉત્થાનમાં પણ વિવિધ રીતે મદદ કરે છે. સંસ્થા દ્વારા 10મી જાન્યુઆરી, 2025, શુક્રવારે સવારે આઠથી દસ દરમિયાન એએમએમાં જ એક એક્ચ્યૂઅલ અને વર્ચ્યૂઅલ યુવા સંમેલનનું પણ આયોજન કરાયું હતું. જેમાં દરિયાપાર વસતી યુવાપેઢીને ગુજરાતના ઉત્થાન સાથે જોડવાની ચર્ચા થઈ હતી.

## ભારતની સર્વપ્રથમ સાયકોડ્રામા કોન્ફરન્સ 'આદિઃ એ ન્યુ બિગીનીંગ' અમદાવાદમાં તા. 18 અને 19 જાન્યુઆરી 2025નાં રોજ યોજાશે

અમદાવાદ : "આદિઃ એ ન્યુ બિગીનીંગ" ભારતની સર્વપ્રથમ સાયકોડ્રામા કોન્ફરન્સ અમદાવાદમાં તા. 18 અને 19 જાન્યુઆરી, 2025ના રોજ યોજાશે. આ કોન્ફરન્સનું આયોજન સાયકોડ્રામા ઈન ઈન્ડિયા (પીઆઈઆઈ) દ્વારા કરવામાં આવ્યું છે, જે માનસ ધ ઈનસાઈડ સ્ટોરી (એમટીઆઈએસ)નું એક પગલું છે. આ સિમાચિન્હરૂપ કાર્યક્રમ સાયકોડ્રામાનાં પ્રણેતા ડો. જે એસ મોરેનોને હૃદયસ્પર્શી સ્મરણાંજલિ છે, કે જેમણે માનસિક સ્વાસ્થય સંભાળમાં પાયાનું પ્રદાન કર્યું છે અને તેની 100 વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસનાં આ કાર્યક્રમમાં વિશ્વનાં જાણીતા સાયકોડ્રામેટિસ્ટ્સ દ્વારા 13 પ્રયોગશીલ વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું છે. તેનાથી આ કાર્યક્રમમાં ભાગ લઈ



રહેલા લોકોને સાયકોડ્રામાનાં ગ્રૂપ થેરાપી અભિગમ સાથે જોડાવાની અજોડ તક મળશે. સાયકોડ્રામા થેરાપી તેની વિશેષ લાક્ષણિકતાઓ જેમકે લાગણીશીલ માવજત, સ્વજાગૃતિ અને આંતરઅંગત સંબંધ માટે જાણીતી છે. ભારતની સંસ્કૃતિ અને માનસિક સ્વાસ્થય જરૂરિયાતોનાં સંદર્ભમાં સાયકોડ્રામા થેરાપી વિશેષપણે અનુકૂળ છે.આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય તજજ્ઞો ભાગ લેશે. તેમાં ડો. માર્સિયા કાર્પ અને સુશ્રી ઈવા ફલસ્ટોર્મ બોર્ગ (ફેડરેશન ઓફ યુરોપિયન સાયકોડ્રામા ટ્રેનીંગ ઓર્ગેનાઈઝેશન્સનાં સ્થાપક સભ્યો), ડો. કલાર્ક બેઈમ (બ્રિટિશ સાયકોડ્રામા એસોસિએશનના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ) ડો. જોશેન બેકર - એબલ, સુશ્રી સવિતા ધવન અને શ્રી ક્લોસ અર્ન્સ્ટ હાર્ટર (જર્મની) તેમજ સુશ્રી જુલિયા વિન્કલર નનાટ્ટુ (એસ્ટોનિયા)નો સમાવેશ થાય છે.

### 12 દિવસ પૂર્વે ભદ્રાવડી નજીકથી છ શખ્સોએ કર્યું હતું અપહરણ

## ભદ્રાવડીના ઓઈલ મીલ માલિકનું અપહરણ કરી ખંડણી માંગનાર બે શખ્સ ગિરફ્તાર

(એજન્સી) ભાવનગર તા. 11

બોટાદ તાલુકાના ભદ્રાવડી ગામના રેલવેના પાટા પાસે રહેતા ભદ્રાવડી હડદડ રોડ પર મારૂતી સ્પીનટેક્ષની સામે રાધે ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ખાતે સીંગતેલનું ઉત્પાદન કરતા યુવાનના ભાઈનું મારૂતી સુજુકી એસ એક્સ૪ તથા કાળા કાંચ વાળી ક્રેટામાં ધસી આવેલા છ શખ્સે અપહરણ કરી આડેધડ માર મારી રૂ.૫૦ કરોડ ખંડણીની માંગણી કરી પૈસા નહી આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ પ્રકરણમાં પોલીસે બે શખ્સની ધરપકડ કરી સાત દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર ગત ૨૮ ડિસેમ્બરના દિવસે બોટાદ તાલુકાના ભદ્રાવડી ગામના રેલવેના પાટા પાસે રહેતા ભદ્રાવડી હડદડ રોડ પર મારૂતી સ્પીનટેક્ષની સામે રાધે ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ખાતે સીંગતેલનું ઉત્પાદન કરતા વિપુલભાઈ શેખ ભદ્રાવડી ઘરેથી મોટર સાયકલ નં.જીજે-૩૩-જે-૯૭૫૫ લઈને રાધે ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ખાતે જવા નિકળેલ અને ભદ્રાવડી હડદડ રોડ ઉપર હનુમાનજી આશ્રમ પાસે આશરે દશેક વાગ્યે પહોંચતા હડદડ ગામ તરફથી એક સફેદ કલરની ક્રેટા ગાડી અને ભદ્રાવડી ગામ તરફથી એક સફેદ કલરની મારૂતી સુઝુકી ગાડી આવેલ અને વિપુલભાઈ દબાવતા મોટરસાયકલ સાથે રોડની ડાબી સાઈડમાં પાડી દીધા હતા. અને મારૂતી સુઝુકી ગાડી તથા સફેદ કલરની કાળા કાંચ વાળી ક્રેટામાં સંજય મનુભાઈ ઓળકીયા તથા હીતેષ મનુભાઈ ઓળકીયાતથા સાગર ઝાપડીયા તથા ગાડીમાંથી ઉતર્યા હતા.અને ત્રણ અજાણ્યા ઈસમોએ અપહરણ કરી રસ્તામાં લાફા તથા ઢીકા મારી રૂ. ૫૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી.અને છેવટે આંગડીયાથી આપી દે તેમ કહી મારી નાખવાની ધમકી આપી હતી.અને સમઢીયાળા ગામ પાસે ક્રેટા ગાડી બંધ થઈ જતા વિપુલભાઈ શેખ બચીને નીકળી ગયા હતા.

### 16 વર્ષ પૂર્વે લેવાયેલાં સેમ્પલના કેસનો ચૂકાદો આવ્યો

## પ્રતિબંધિત કાર્બાઈડ વેચતી રામ ફ્રૂટ પેઢી અને તેના ત્રણ ભાગીદારને રૂા.30 હજારનો દંડ

(એજન્સી) ભાવનગર તા. 11

ભાવનગર જિલ્લા ફૂડ વિભાગ દ્વારા ૧૬ વર્ષ પૂર્વે શહેરના ગંગાજળિયા તળાવમાં આવેલ રામ ફ્રૂટ પેઢીમાંથી પ્રતિબંધિત કાર્બાઈડના વેચાણ બદલ કરેલો કેસ લોક અદાલતમાં ચાલી જતાં કોર્ટે પેઢી અને તેના ત્રણ ભાગીદારોને રૂ.૩૦ હજારનો દંડ ફટકાર્યો હતો. ભાવનગર જિલ્લા ફૂડ વિભાગના ફૂડ ઈન્સપેક્ટર ડી.વાય. પદુવંશીએ ગત તા.૧૬ મે, ૨૦૦૮ના રોજ શહેરના ગંગાજળિયા તળાવ ખાતે આવેલ રામ ફ્રૂટ દુકાન નં.૫માં તપાસ હાથ ધરી હતી જ્યાંથી ૫૦૦ પડીકા કાર્બોઈડના મળી આવ્યા હતાં જેનો ઉપયોગ ફળ પકવવામાં થતો હોય જે પ્રતિબંધિત વસ્તુ ગણાતી હોય જે મામલે તે સમયે ૪૫ પેકેટના નમૂના તરીકે લીધા હતા અને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલાયા હતાં. રાજકોટ, મૈસૂર ખાતે લેબ.માં મોકલાયેલા સેમ્પલમાં પડીકા કાર્બાઈડના જ હોવાનું સાબિત થયા બાદ કોર્ટમાં પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટ્રેશન એક્ટ ૧૯૫૪ની કલમો હેઠળ પેઢી સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.આ કેસ તાજેતરમાં ચોથા એડિ.ચીફ જ્યુ.મેજિસ્ટ્રેટ જોય મહેતાની લોક અદાલત હેઠળ ચાલી જતાં કોર્ટે રામ ફ્રૂટ પેઢી તથા તેના ત્રણ ભાગીદાર શૈલેષ સુરેશભાઈ ઠક્કર, સુરેશ ગીરધરભાઈ ઠક્કર અને રામદેવસિંહ ગીરવાનસિંહ ગોહિલ એમ પ્રત્યેકને ૭,૫૦૦ મળી કુલ ૩૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

### રેલવે કોર્ટે છ માસની કેદ અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો

## રેલવે ટિકિટની કાળાબજારીના કેસમાં ડિસ્ટ્રીક્ટ કોર્ટે શખ્સની અપીલ ફગાવી

(એજન્સી) ભાવનગર તા. 11

રેલવે ટિકિટની કાળાબજારીના કેસમાં રેલવે કોર્ટે ફટકારેલી સજાને ડિસ્ટ્રીક્ટ કોર્ટે કાયમ રાખી આરોપીએ કરેલી અપીલને ફગાવી દીધી હતી.આ અંગે જાણવા મળ્યા મુજબ શહેરના વાઘાવાડી રોડ, રાધધામોહન એપાર્ટમેન્ટમાં રહેતો ઉમેશ મહેશભાઈ ઓઝા નામના શખ્સની સામે ટ્રેનની ઓનલાઈન ટિકિટનો કાળાબજાર કરવા બદલ આરપીએફ દ્વારા રેલવે એક્ટની કલમ ૧૪૩ (એ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ રેલવે કોર્ટમાં ચાલી જતાં રજૂ થયેલા આધાર-પુરાવા અને દલીલોને ધ્યાને લઈ ઉમેશ ઓઝા સામે ફરિયાદ સાબિત થતાં રેલવે કોર્ટે શખ્સને તકસીરવાન ઠેરવી રેલવે એક્ટની કલમ ૧૪૩ (એ) હેઠળ ગુનાના કામે છ માસ સાદી કેદની સજા, રૂા.૧૦,૦૦૦નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩૦ દિવસ સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો હતો. તેની સામે આરોપી ઉમેશ ઓઝાએ સેશન્સ અદાલતમાં અપીલ દાખલ કરતા સરકાર પક્ષે રેલવે પ્રોટેક્શન ફોર્સ વતી જિલ્લા સરકારી વકીલ મનોજભાઈ આર. જોષીએ હાજર રહી અસરકારક દલીલો કરી હતી અને કોર્ટે કાયદા મુજબ રેલવે પોલીસ રૂબરૂનું નિવેદન પુરાવામાં ગ્રાહ્ય છે, તેમજ રેલવે ઓફિસર રૂબરૂ આરોપીએ ગુનાની કબૂલાત કરવામાં આવી છે. માટે રેલવે કોર્ટ દ્વારા જે પુરાવો માનવામાં આવે છે, તે યોગ્ય છે તેવી દલીલ કરતા ભવાનગરના પ્રિન્સિપાલ એન્ડ ડિસ્ટ્રીક્ટ જજ એચ.એસ.મુલિયાએ રેલવે કોર્ટ દ્વારા કરવામાં આવેલા સજા અને દંડના હુકમને કાયમ રાખ્યો હતો. તદુપરાંત સજાની સુનવણી સમયે આરોપી ઉમેશ ઓઝા કોર્ટ સમક્ષ હાજર રહ્યો ન હોય, તેની સામે સજાની અમલવારી માટેનું વોરંટ ઈન્સ્યુ કરવામાં આવ્યું છે.

### મૃત ભાઈના સસરા, પત્ની સહિત ત્રણ સામે ગુનો

## નડિયાદમાં મિલકત બાબતે તકરાર કરી મહિલાને મારી નાખવાની ધમકી

(એજન્સી) નડિયાદ તા. 11

નડિયાદમાં મૃત યુવકના ફ્લેટનું તાળું તોડી મૃતકના સસરા, પોસ્ટ ઓફિસના એજન્ટ સહિત ચાર શખ્સો દસ્તાવેજોની ચોરી કરતા હતા. જેથી મૃતકની બહેને તેમને અટકાવવાનો પ્રયાસ કરતા મૃતકના સસરાએ તેણીને ધક્કો મારી, નીચે પાડી દઈ, વાળ ખેંચીને મિલકત બાબતે તકરાર કરી, તારા ભાઈને મારી નાખ્યો તે રીતે તને અને તારા પતિને મારી નાખીશ તેવી ધમકી આપી નાસી છુટયા હતા. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે મહિલાની ભાભી, તેના પિતા સહિત ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નડિયાદમાં રહેતા સેજલ રોનકભાઈ ભટ્ટના ભાઈ શિલ્પનું તા.૩૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ મૃત્યુ થયું હતું. શિલ્પનું ઘર ઈન્દિરા માર્ગ પર અયોધ્યાનગર પાસે આવેલા શિલ્પ એપાર્ટમેન્ટમાં આવેલું છે. શિલ્પના અવસાન બાદ તેની પત્ની અંજલી (રહે. નડિયાદ) અને અંજલીના પિતા મુકેશ ભગવત દણાંક (રહે. આણંદ) ઘણા સમયથી મિલકત બાબતે સેજલ સાથે તકરાર કરતા હતા. તેવામાં ગત તા.૨૧ માર્ચ ૨૦૨૪ના રોજ શિલ્પના ઘરનું તાળું તોડી મુકેશ દણાંક અને સેજલના પિતાના ઈન્વેસ્ટમેન્ટનું કામ કરતા પોસ્ટ વિભાગના એજન્ટ હિતેશ દેસાઈ સહિત ચાર શખ્સો ઘરમાં ઘૂસ્યા હતા. મકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરા તોડી, સેજલના પિતાના ફાઈબર ગ્લાસના વેપારના હિસાબોના કાગળો, પોલીસી, બેંકના કાગળો, શેર સર્ટિફીકેટ સહિતના દસ્તાવેજો એકઠા કરતા હતા. આ અંગે સેજલને જાણ થતાં તેણીએ પોલીસ મથકે જાણ કરી ભાઈના ઘરે પહોંચી હતી. તેણી મોબાઈલમાં રેકોર્ડિંગ કરતા કરતા ફ્લેટમાં જઈ રહી હતી ત્યારે મુકેશે મોબાઈલમાં ચાલુ રેકોર્ડિંગ બંધ કરાવી સેજલને ધક્કો મારી પાડી દીધી હતી. તેણીના વાળ પકડીને, તું હક કમીમાં સહી કરી દે, તારું કશું ઉપજવાનું નથી, તારા ભાઈ શિલ્પને મારી નાખ્યો તે રીતે તને અને તારા પતિને મારી નાખતા વાર નહીં લાગે, હું વકીલ છું તેવી ધમકી આપી મુકેશ સેજલને ધક્કો મારી નાસી ગયો હતો. તેમજ સેજલના પિતાની પીપલગમાં આવેલી ફેક્ટરીમાંથી પણ મુકેશ અને એક શખ્સે જઈ ડોક્યુમેન્ટ લઈ લીધા હતા. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે મુકેશ, હિતેશ અને અંજલી સામે ગુનો નોંધ્યો હતો.

### મામલતદારે સીઝર મેમો ફટકાર્યો, ગુનો નોંધવા તજવીજ

## ખેડા પાસે ગેરેજની પાછળથી અનધિકૃત રીતે ગેસ રી-ફિલિંગનું કૌભાંડ ઝડપાયું

(એજન્સી) નડિયાદ તા. 11

ખેડા-નડિયાદ રોડ પર ગેરેજમાં પાછળના ભાગે અનધિકૃત રીતે ગેસ રી-ફિલિંગનું કૌભાંડ ઝડપાયું હતું. ખેડા એસઓજીએ એક શખ્સને રૂ.૩૧ હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો. મામલતદારે ઘટનાસ્થળે પહોંચી સીઝર મેમો આપતા પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. ખેડા-નડિયાદ રોડ પર શાંતિનગર સોસાયટી સામે આવેલા નવકાર ઓટો ગેરેજમાં પાછળના ભાગે અનધિકૃત રીતે ગેસ રી-ફિલિંગનું કામ ચાલતું હોવાની ખેડા એસઓજીને બાતમી મળી હતી. જેના આધારે એસઓજીએ દરોડો કરતા બનાવસ્થળેથી પાર્થ મહાવીરભાઈ ચોપડા (ઉં.વ.૨૭, રહે. ગાંધીપોળ, ખેડા)ને ભારત ગેસ કંપનીના રાંધણ ગેસની પાંચ ભરેલી અને એક ખાલી બોટલ, અલગ અલગ કંપનીની પાંચ નાની રાંધણ ગેસની બોટલ, ૯ રેગ્યુલેટર, ૯ પ્રેશલ વાલ્વ, ગેસ ભરવાની નોઝલ સહિત રૂ.૩૧,૧૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો. જેથી પુરવઠા મામલતદાર, ખેડાને સ્થળ પર બોલાવતા મામલતદારે ખરાઈ કરતા પાર્થ ચોપડા અનધિકૃત રીતે ગેસ રી-ફિલિંગનો મુદ્દામાલ રાખતા હોવાથી મામલતદાર ખેડાએ મુદ્દામાલ જપ્ત કરી સીઝરમેમો આપ્યો હતો. આ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

**ગેસના છ મોટા અને પાંચ નાના સિલિન્ડર સહિત ૩૧ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત**



## નડિયાદમાં મોબાઈલની લોન કરાવીને 4.61 લાખની છ લોકો સાથે ઠગાઇ

(એજન્સી) નડિયાદ તા. 11

નડિયાદ એસટી બસ સ્ટેશન આગળ આવેલી મોબાઈલના દુકાનદાર અને કર્મચારીએ ફોનની લોન કરાવી આપવાનું કહી નવ શખ્સોને ૬.૯૪ લાખની લોન કરીને ૨.૩૩ લાખ આપ્યા હતા. મોબાઈલ ફોન કે બિલ નહીં આપી ૪.૬૧ લાખની છેતરપિંડી આચરતા ફરિયાદ નોંધાવી હતી. નડિયાદ એસઆરપી કેમ્પ સામે સ્કેવર સોસાયટીમાં રહેતા નરેશ સખારામ પાટીલ મફતલાલ મિલમાં કોન્ટ્રાક્ટમાં સુરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. તેમને રૂપિયાની જરૂર પડતા મિલમાં નોકરી કરતા ભાવેશ પટેલને તા. ૭.૩.૨૪ના રોજ મળ્યા હતા અને તેઓએ મોબાઈલની દુકાનમાં લઈ જઈ પ્રણવ ચીમન પટેલ મારો ભત્રીજો થાય છે તે પૈસા અપાવી દેશે તેમ કહી મુલાકાત કરાવી હતી. પ્રણવએ દુકાનમાં કામ કરતા કર્મચારી સમીરની પાસે લઈ જઈ વાત કરતા સમીરભાઈએ દૂકાનમાં ફાઈનાન્સનું કામ કરતા શખ્સને બતાવ્યું હતું અને આધારાકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ આપતા ફાઈનાન્સવાળાઓએ પ્રક્રિયા કરી હતી.

## સે-૭ની સરકારી જમીન પર યોગી સર્વિસનો કબ્જો:ગેરકાયદે બસ પાર્કિંગ સામે કાર્યવાહી

### મંજુરી વગર સરકારી જમીનમાં વર્ષોથી બસો પાર્ક કરવા સામે કોમર્શિયલ ભાડું વસૂલવા પાટનગર યોજના વિભાગની ભલામણ

(એજન્સી) ગાંધીનગર તા. 11

ગાંધીનગર શહેરના સેક્ટર-૬માં ઘ-૩ના પેટ્રોલપંપ પાસે સરકારી જમીન યોગી એજ્યુટ્રાન્ઝિટ નામની બસ સર્વિસની બસના પાર્કિંગ માટે ફાળવવા દરખાસ્ત કરવામાં આવી છે જેની સામે પાટનગર યોજના વિભાગ દ્વારા સરકારને ભલામણ કરવામાં આવી છે કે, અહીં ઘણા વખતથી આ એજન્સીની બસો મંજુરી વગર ગેરકાયદે પાર્ક થાય છે તેવા કિસ્સામાં પહેલા તેમની પાસેથી એપ્રિલ-૨૦૨૪થી અત્યાર સુધી આ આઠ હજાર ચોરસ મીટર જેટલી જગ્યાનો ગેરકાયદે ઉપયોગ કરવા બદલ કોમર્શીયલ ભાડું વસુલવું જોઈએ. મહાનગરપાલિકા એક બાજુ નાના વેપારીઓ અને ફુટપાથના ફેરીયાને ઉઠાવી દબાણો હટાવી દિધા હોવાનો રૂઆબ કરે છે તો બીજીબાજુ કોર્પોરેશનની બસ એજન્સી દ્વારા જ ઘણા સમયથી સરકારી જમીન ઉપર



ગેરકાયદે પાર્કિંગ કરીને દબાણ કરવામાં આવ્યું હોવાની વાત બહાર આવી છે. ગાંધીનગરના સેક્ટર-૬,ઘ-૩ના ખુણેથી શહેરી બસ સર્વિસનું સંચાલન થાય છે. આ સર્વિસ યોગી એજ્યુટ્રન્ઝીટ નામની એજન્સી દ્વારા ચલાવવામાં આવે છે ત્યારે આ યોગી એજ્યુટ્રાન્ઝિટ એજન્સી પોતાની બસો કોઈ પણ મંજુરી વગર ગેરકાયદે રીતે પેટ્રોલપંપની પાસે ગરબા ગ્રાઉન્ડમાં પાર્ક કરે છે જે નહીં કરવા પાટનગર યોજના વિભાગ દ્વારા અગાઉ નોટિસ પણ આપવામાં આવી હતી તેમ છતા મહાનગરપાલિકા સંચાલિત આ બસ એજન્સી દ્વારા અહીં દબાણ કરીને આઠ હજાર ચોરસ મીટર જમીનનો ગેરકાયદે ઉપયોગ કરવામાં આવે છે.

હવે આ જગ્યાએ બસ પાર્કિંગ માટે સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે તેવી સ્થિતિમાં સરકારી વિભાગે સ્થાનિક તંત્રની ભલામણ માંગી છે. જેમાં પાટનગર યોજના વિભાગ દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, અહીં ઘણા વખતથી ગરેકાયદે પાર્કિંગ કરવામાં આવે છે. વારંવાર ટકોર કરવામાં આવી છતા આ સરકારી કિમતી જગ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.સરકારે પહેલા આ જગ્યાનો ઉપયોગ કરવા બદલ બસ એજન્સી પાસેથી એપ્રિલ-૨૦૨૪થી આજદિન સુધી કોમર્શીયલ ભાડું અથવા સરકાર નક્કિ કરે તે પ્રમાણે ભાડું વસુલવું જોઈએ અને ત્યાર બાદ જ આ જમીન હંગામી ભાડાપટ્ટે ફાળવણી કરવી જોઈએ.

### મહાનગરપાલિકા અને બસ એજન્સીને પાટનગર યોજનાની નોટિસ:સુધારો નહીં

ગાંધીનગરના સેક્ટર-૬માં પેટ્રોલપંપની પાસેની સરકારી જમીન ગેરકાયદે વાપરવા માટે અગાઉ મહાનગરપાલિકાની બસ સવિસ એજન્સી યોગી દ્વારા ફેન્સીંગ કરી દેવામાં આવી હતી. જે અંગે અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા મહાનગરપાલિકા તથા બસ એજન્સીને પણ નોટિસ આપવામાં આવી હતી તેમ છતા અહીં ગેરકાયદે ખાનગી બસ પાર્કિંગ કરવાની પ્રવૃત્તી તો ચાલુ જ રહી છે. આવી સ્થિતિમાં વારંવાર સુચના આપવામાં આવી હોવા છતા પણ અહીંથી બસો દૂર કરવામાં આવતી નથી. જેના પગલે હવે જ્યારે આ જમીન પાર્કિંગ માટે ફાળવવાની દરખાસ્ત કરવામાં આવે છે તેવા કિસ્સામાં જુની રિકવરી વિભાગ દ્વારા ભરવા સરકારને ભલામણ કરવામાં આવી છે.

## નડિયાદ અને નરસંડા ચોકડી પાસે અકસ્માત, પાંચને ઈજા

(એજન્સી) નડિયાદ તા. 11

નડિયાદ રિંગરોડ અને નેશનલ હાઈવે નં.૪૮ પર નરસંડા ચોકડી બ્રિજ નજીક બે ટુવ્હીલરના અકસ્માતમાં કુલ પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતો અંગે અનુક્રમે નડિયાદ ગ્રામ્ય અને વડતાલ પોલીસે એક બાઈક ચાલક અને એક ટુવ્હીલર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદમાં મોટી પાણીની ટાંકી પાસે રહેતા અંકિતભાઈ ઘનશ્યામભાઈ ભટ્ટને બુધવારે સાંજે તેમના મિત્ર મુકેશ પ્રજાપતિ નો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, હું અમદાવાદ એરપોર્ટ જાઉં છું, નડિયાદ એક્સપ્રેસ નજીક આવી ગયો છું, તું મળવા આવ. જેથી અમિત બાઈક લઈને એક્સપ્રેસ-વે તરફ જતો હતો. ત્યારે રિંગરોડ પર આલ્ફા સ્કૂલ નજીક અન્ય બાઈક ચાલકે તેમને પાછળથી ટક્કર મારતા બંને બાઈક ચાલકો અને બાઈક પાછળ બેઠેલા વ્યક્તિને ઈજા પહોંચી હતી. સ્થાનિકોએ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડયા હતા. આ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે બાઈક ચાલક સામે ગુનો નોંધ્યો હતો. તેમજ અમદાવાદમાં અભ્યાસ કરતો પ્રિન્સ દિલીપભાઈ પાંડે અને તેનો મિત્ર યોગેશ વીરપાલ મહિપાલસિંગ ટુવ્હીલર લઈને વડોદરા જઈ રહ્યા હતા. આ અંગે યોગેશની ફરિયાદના આધારે વડતાલ પોલીસે ટુવ્હીલર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)** એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે.

**વૃષભ (બ,વ,ઉ)** શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)** તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે.

**કર્ક (ડ,હ)** તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**સિંહ (મ,ટ)** મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે! લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે.

**કન્યા (પ,ઠ,ણ)** તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.

**તુલા (ર,ત)** તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે.

**વૃશ્ચિક (ન,ય)** સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**ધન (ભ,ધ,ફ)** તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો.

**મકર (ખ,જ)** મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**કુંભ (ગ,શ,સ)** તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે.

**મીન (દ,ચ,ઝ,થ)** તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

RBI ખેડૂતલક્ષી મોટું પગલું ભરશે

### નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને નાના અને મોટા શહેરોની સહકારી બેન્કના માધ્યમથી ધિરાણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરવાની નેમ છે

# સરળતાથી ધિરાણ મળે એ માટે નવી સહકારી બેન્ક શરૂ કરવા આપશે લાઈસન્સ



(એજન્સી) નવી દિલ્હી | તા.11

કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે દેશના દરેક શહેર અને ગામડાઓમાં સહકારી બેન્કની સંખ્યામાં વધારો થાય, ત્યારે બીજી તરફ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ છેલ્લા 20 વર્ષથી સહકારી બેન્કની સ્થાપના કરવા માટે લાયસન્સ આપવાનું અટકાવી જ દીધું છે. માધવપુરા મર્કેન્ટાઈલ કોઓપરેટિવ બેન્કમાં કેતન પારેખ દ્વારા કરવામાં આવેલા ફ્રોડ થયા બાદ ગુજરાતની 70થી 80 જેટલી સહકારી બેન્ક ફડચામાં ગઈ હોવાથી રિઝર્વ બેન્કે સહકારી બેન્ક ચાલુ કરવા માટે નવા લાયસન્સ આપવાનું જ બંધ કરી દીધું છે. આ સ્થિતિમાં હવે ગમે ત્યારે નવી સહકારી બેન્કની સ્થાપના કરવા માટેના લાયસન્સ આપવાનું ચાલુ કરી દેવામાં આવે તેવી સંભાવના છે. વર્ષ 1993થી 2001 સુધીના આઠ વર્ષના ગાળામાં રિઝર્વ બેન્કે સહકારી બેન્ક ચાલુ કરવા માટે 823 લાઈસન્સ ઈશ્યૂ કર્યા હતા. પરંતુ આ બેન્કનું સંચાલન વ્યવસ્થિત ન થતાં તેમાંથી અંદાજે 35 ટકા બેન્કોની આર્થિક હાલત બહુ જ ખરાબ થઈ ગઈ હતી. તેથી જ કદાચ રિઝર્વ બેન્કે નવી સહકારી બેન્કો ચાલુ કરવા માટે લાયસન્સ આપવાનું બંધ કરી દીધું હતું. રિઝર્વ બેન્કે તાજેતરમાં જ બહાર પાડેલા ટ્રેન્ડ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેન્કિંગ ઈન ઈન્ડિયા અંગેના અહેવાલમાં જણાવ્યું છે. પરિણામે છેલ્લા 20 વર્ષમાં સહકારી બેન્કોની સંખ્યા 1928થી ઘટીને 1472 પર આવી ગઈ છે. દરમિયાન નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને નાના અને મોટા શહેરોની સહકારી બેન્કના માધ્યમથી ધિરાણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરવાની નેમ છે. દરેકના હાઉસિંગ અને એજ્યુકેશન લોન સરળતાથી અને નિશ્ચિતપણે મળી જાય તેવી વ્યવસ્થા ઊભી કરવા માગે છે. આ જ રીતે કૃષિ અને કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓ માટે પણ સરળતાથી ધિરાણ મળી જાય તેવી વ્યવસ્થા ઊભી કરવા માગે છે. રિઝર્વ બેન્ક હવે માત્ર એક શહેર કે વિસ્તારમાં ઓપરેટ કરતી સહકારી બેન્કને બદલે એક કરતાં વધુ રાજ્યોમાં સક્રિય બનીને કામ કરે તેવી સહકારી બેન્કોની સંખ્યામાં વધારો થાય તે માટેના પ્રયાસ કરી રહી છે.

### ક્રૂડતેલમાં ત્રણ ટકાની ઓચિંતી તેજી આવતાં રૂપિયા પર દબાણ વધ્યું

# ડોલર સામે રૂપિયામાં સતત દસ સપ્તાહથી એકધારું ધોવાણ

(એજન્સી) નવી દિલ્હી | તા.11



મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં રેકોર્ડ તેજી આગળ વધતાં રૂપિયો નવા તળિયે પટકાયો હતો. રૂપિયા સામે ડોલર ઉછળી ચાલુ બજારે આજે એક તબક્કે રૂ.૮૬ની નજીક પહોંચી ગયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. શેરબજારમાં પીછેહટ તથા ડોલરમાં આઉટફલો વધતાં રૂપિયા પર આજે દબાણ ચાલુ રહ્યું હતું. ડોલરના ભાવ રૂ.૮૫.૮૭ વાળા આજે સવારે રૂ.૮૫.૮૮ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૫.૮૫ થયા પછી ભાવ ઝડપી ઉછળી ઉંચામાં રૂ.૮૫.૯૮ સુધી પહોંચી છેલ્લે ૯ પૈસા ઘટીને રૂ.૮૫.૯૬ બંધ રહ્યો હતો. રૂપિયો આજે ઓલ ટાઈમ-લો લેવલે ટ્રેડ થતો જોવા મળ્યો હતો. વિશ્વ બજારમાં અમેરિકાના ૧૦ વર્ષના બોન્ડની યીલ્ડ વધી ઉંચામાં ૮ મહિનાની ટોચે પહોંચતા ડોલર પર તેની પોઝીટીવ અસર જ્યારે રૂપિયા પર તેજી નેગેટીવઅસર જોવા મળી હતી. મુંબઈ બજારમાં ડોલર સામે રૂપિયાના ભાવ વિકલી ધોરણે છેલ્લા સતત ૧૦ સપ્તાહથી ઘટતા જોવા મળ્યા હતા. અમેરિકામાં બેરોજગારીના દાવા ઘટયા પછી જોબગ્રોથના આંકડાઓ પર ખેલાડીઓની નજર રહી હતી. દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે નીચામાં ૧૦૯.૦૮ તથા ઉંચામાં ૧૦૯.૩૮ થઈ ૧૦૯.૧૭ રહ્યાના સમાચાર મળ્યા હતા. આજે જો કે ડોલરમાં ઉંચા મથાળે અમિક સરકારી બેન્કો ડોલર વેંચવા નિકળી હતી અને તેના પગલે રૂપિયો રૂ.૮૬ના તળિયા નજીક ઉતરી ગયા પછી ધીમા સુધારા પર રહ્યો હતો. આ મહિનામાં ફોરેન ઈન્વેસ્ટરોએ સ્ટોક તથા બોન્ડ બજારમાંથી આશરે ૩ અબજ ડોલર વિથ ડ્રો કર્યાની ચર્ચા હતી. દરમિયાન, અમેરિકામાં જોબલેસ કલેઈમ્સ બેરોજગારીના દાવા ૨ લાખ ૧૧ હજારથી ઘટી ૨ લાખ ૧ હજાર આવ્યાના સમાચાર હતા. દરમિયાન, મુંબઈ બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ આંચકા પચાવી ૩૧ પૈસા વધ્યા હતા. પાઉન્ડના ભાવ ઉંચામાં રૂ.૧૦૫.૮૦ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૧૦૫.૭૭ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૬ પૈસા વધ્યા હતા. યુરોના ભાવ ઉંચામાં રૂ.૮૮.૬૨ થઈ છેલ્લેબંધ ભાવ રૂ.૮૮.૫૬ રહ્યા હતા. રૂપિયા સામે આજે જાપાનની કરન્સી ૦.૨૬ ટકા વધી હતી. ચીનની કરન્સી ૦.૧૧ ટકા પ્લસમાં ટ્રેડ થતી જોવા મળી હતી. અમેરિકામાં નવા પ્રમુખની સોગંદવિધી ૨૦મી જાન્યુઆરીએ થવાની છે અને નવા પ્રમુખ ટ્રમ્પની નીતિ જોતાં ત્યાં ફુગાવાનો દર ઉંચો રહેવાની શક્યતા છે તથા તેના પગલે ત્યાં ફુગાવાનો દર ઉંચો રહેવાની શક્યતા છે તથા તેના પગલે ત્યાં હવે પછી વ્યાજના દરમાં ઘટાડો ધીમો પડશે તથા ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધુ વધી ઉંચામાં ૧૧૦ની ઉપર જતો રહેશે એવી ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા. આવા સંજોગોમાં મુંબઈ કરન્સી બજારમાં રૂપિયો વધુ ગબડી રૂ.૮૬.૨૫થી ૮૬.૫૦ સુધી ઉતરી જવાની ભીતિ બજારમાં બતાવાઈ રહી હતી. જો કે આવા સંજોગોમાં હવે રિઝર્વ બેન્કના નવા ગવર્નરની ભઊમિકા પર બજારની નજર રહી હતી. વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ ૩ ટકા ઉછળતાં તથા ભાવ ઉંચામાં બેરલના ૮૦ ડોલર નજીક પહોંચતાં તેની અસર પણ રૂપિયા પર નેગેટીવ જોવા મળી હતી. એવું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

# વેદાંતા રિસોર્સીસને ડેટ રિફાઈનાન્સિંગ માટે 300 મિલિયન ડોલરનું લોન કમિટમેન્ટ મળ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.11

વેદાંતા રિસોર્સિસ લિમિટેડે શુક્રવારે જણાવ્યું હતું કે તેને બાર્કલેઝ, ફર્સ્ટ અબુ ધાબી બેંક અને માશરેક તરફથી 3 વર્ષ અને 3 મહિનાના લોન સમયગાળા માટે કુલ 300 મિલિયન ડોલરના કમિટમેન્ટ્સ મળ્યા છે. આ રકમનો 2024 અને 2026ના કેટલાક બાકી બોન્ડ્સના રિફાઈનાન્સિંગ માટે અને ડેટ સર્વિસીંગ જવાબદારીઓને પહોંચી વળવા માટે ઉપયોગ કરવામાં આવશે.કંપની આ સોદાને આગળ વધારવા માંગે છે અને 200 મિલિયન ડોલરની વધારાની લોન માટે અન્ય બેંકો સાથે વાત કરી રહી છે. રેટિંગ એજન્સીઓ એસએન્ડપી ગ્લોબલ અને મૂડીઝે ગત વર્ષે વેદાંતા રિસોર્સિસનું રેટિંગ વધાર્યું હતું. લંડન સ્થિત કંપની તેની નાણાંકીય સ્થિતિ મજબૂત કરી રહી છે. સપ્ટેમ્બર, 2024માં વેદાંતા રિસોર્સિસે બે વર્ષ કરતા વધુ સમયમાં તેના પહેલા ડોલર બોન્ડ ઈશ્યૂમાં 900 મિલિયન ડોલર એકત્રિત કર્યા હતા અને બાદમાં કેટલાક બાકી દેવાના રિફાઈનાન્સ માટે નવેમ્બરમાં બીજા એક ડોલર બોન્ડ ઈશ્યૂ દ્વારા 800 મિલિયન એકત્રિત કર્યા હતા. વેદાંતા રિસોર્સિસે જણાવ્યું હતું કે લોનની વ્યવસ્થાથી ગ્રુપની તરલતા સ્થિતિ વધી છે. ડિલિવરેજિંગ પર વેદાંતાના ધ્યાનથી છેલ્લા બે વર્ષમાં તેનું દેવું 4.7 અબજ ડોલર ઘટ્યું છે એમ ચેરમેન અનિલ અગ્રવાલે આ વર્ષે નવેમ્બરમાં શેરધારકોને લખેલા પત્રમાં જણાવ્યું હતું. વીઆરએલને 20 ડિસેમ્બરના રોજ એસએન્ડપી ગ્લોબલ તરફથી અપગ્રેડનું રેટિંગ મળ્યું હતું જ્યારે એજન્સીએ કંપનીના કોર્પોરેટ ફેમિલી રેટિંગને 'B-'થી 'B'માં અપગ્રેડ કર્યું હતું.

### વારી એનર્જીસ લિમિટેડે રૂ. 792 કરોડમાં ઈજીપી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ હસ્તગત કર્યું

મુંબઈ : 13.3 ગીગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે ભારતના સૌથી મોટા સોલર પીવી મોડ્યુલ્સના ઉત્પાદક વારી એનર્જીસ લિમિટેડે અનેલ ગ્રીન પાવર ડેવલપમેન્ટ એસ.આર.એલ. પાસેથી અનેલ ગ્રીન પાવર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (ઈજીપી ઈન્ડિયા)નો 100 ટકા હિસ્સો હસ્તગત કરવા માટે એક નિશ્ચિત કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ હસ્તાંતરણનું વર્તમાન મૂલ્ય રૂ. 792 કરોડ છે, જે સમાપન ગોઠવણોને આધીન છે.ઈપીજી ઈન્ડિયા સોલર અને વિન્ડ પ્રોજેક્ટ્સ સહિત આશરે 640 MWAC (760 MWDC)ની કુલ ક્ષમતા ધરાવતા રિન્યૂએબલ પ્લેટફોર્મનું સંચાલન કરે છે (તેમાં ભાગીદારો સાથેના સંયુક્ત માલિકીના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જેમાં ઈજીપી ઈન્ડિયા સાથે બહુમતી હિસ્સો છે) અને ભારતના વિવિધ રાજ્યોમાં આશરે 2.5 ગીગાવોટની પ્રોજેક્ટ પાઈપલાઈન ધરાવે છે.

# સોનું વધી રૂ.80,500 ચાંદી ઉછળીને રૂ.91,000

(એજન્સી) નવી દિલ્હી | તા.11

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી. વિશ્વ બજાર ઉંચકાતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો ગબડતાં દેશમાં આયાત થતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે તેજીના ઉછાળા આગળ વધ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૪૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૮૦૩૦૦તથા ૯૯.૯૦ના રૂ.૮૦૫૦૦ બોલાતા થયા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૫૦૦ વધી રૂ.૯૧૦૦૦ની સપાટીને આંબી ગયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલમાં ઝડપી ૩ ટકાની તેજી આવતાં વૈશ્વિક સોનામાં આજે ફંડોનું એક્ટીવ બાઈંગ ચાલુ રહ્યું હતું. વૈશ્વિક સોનાના ભાવ ઔંશના ૨૬૭૨થી ૨૬૭૩ વાળા ઉંચામાં ૨૬૮૩થી ૨૬૮૪ થઊ ૨૬૭૯થી ૨૬૮૦ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ૩૦.૩૫ વાળા નીચામાં ૩૦.૦૮ તથા ઉંચામાં ૩૦.૪૪ થઈ ૩૦.૩૨થી ૩૦.૩૩ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ઔંશના ઉંચામાં ૯૬૮ થઈ ૯૬૨થી ૯૬૩ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઉંચામાં ૯૫૪ થઈ ૯૫૦થી ૯૫૧ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૫૨ ટકા ઉંચકાયા હતા.

### ઈ-વે બિલની માત્રા પરથી દેશમાં અર્થતંત્રની સ્થિતિનો અંદાજ મળે છે

# ડિસેમ્બરમાં ઈ-વે બિલની સંખ્યા ઊંચી રહેતા માગમાં સુધારો થશે

(એજન્સી) નવી દિલ્હી | તા.11

રાજ્યની અંદર અથવા એક રાજ્યથી બીજા રાજ્યમાં માલસામાનની હેરફેર માટે વેપાર ગૃહો દ્વારા ઈ-વે બિલ્સ અથવા ઈલેકટ્રોનિક સ્વરૂપમાં અપાતી મંજુરી જનરેટ કરવાની માત્રા ૨૦૨૪ના ડિસેમ્બરમાં વધી બે વર્ષની ઊંચી સપાટીએ રહી હતી. ૨૦૨૩ના ડિસેમ્બરની સરખામણીએ ઈ-વે બિલની સંખ્યા ૨૦૨૪ના આ મહિનમાં વધી ૧૧.૨૦ કરોડ પર પહોંચી ગઈ હતી, એમ ગુડસ એન્ડ સર્વિસીસ ટેક્સ નેટવર્ક (જીએસટીએન) પોર્ટલના ડેટા જણાવે છે. નવેમ્બર ૨૦૨૪માં ઈ-વે બિલની સંખ્યા ૧૦.૧૮ કરોડ સાથે પાંચ મહિનાની નીચી સપાટીએ રહી હતી. ઈ-વે બિલની માત્રા પરથી દેશમાં અર્થતંત્રની સ્થિતિનો અંદાજ મળી શકે છે. રૂપિયા ૫૦,૦૦૦થી વધુના કન્સાઈનમેન્ટ માટે ઈ-વે બિલ કઢાવવાનું જરૂરી બની રહે છે. ડિસેમ્બરમાં ઈ-વે બિલની ઊંચી સંખ્યાનું પ્રતિબિંબ ૧લી ફેબુરઆરીએ બહાર પડનારા જાન્યુઆરી જીએસટી વસૂલીના ડેટામાં જોવા મળશે. ઈ-વે બિલની સંખ્યામાં વધારાનો અર્થ દેશમાં માલસામાનની હેરફેર વધી છે. ઓક્ટોબરમાં તહેવારોની મોસમને કારણે માલસામાનની હેરફેર વધુ રહી હતી જેને કારણે ઈ-વે બિલની સંખ્યા વધી ૧૧.૭૨ કરોડ રહી હતી. ઓકટોબર ઉપરાંત ડિસેમ્બરમાં પણ ઈ-વે બિલની ઊંચી સંખ્યા દેશમાં ઉપભોગમાં વધારો થઈ રહ્યાના સંકેત આપે છે, એમ એક એકાઉન્ટિંગ પેઢીના સુત્રોએ જણાવ્યું હતું. જાન્યુઆરીમાં જીએસટીની વસૂલી પણ ઊંચી જોવા મળવાની આનાથી સંભાવના રહેલી હોવાનું તેમણે ઉમેર્યું હતું. જો કે ડિસેમ્બરનો ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ ઘટીને ૧૨ મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો.

# રિલાયન્સ JIOની 5.5G ઈન્ટરનેટ સુવિધા શરુ

(એજન્સી) નવી દિલ્હી | તા.11

રિલાયન્સ જિઓએ 5.5G સર્વિસ લોન્ચ કરી છે. જે 5G કરતાં વધુ સ્પીડે ઈન્ટરનેટ સેવાઓ આપશે. ભારતની ડિજિટલ ઈકોનોમીને વેગ આપવાના પ્રયાસના ભાગરૂપે 5.5G સર્વિસ શરુ કરનારી રિલાયન્સ દેશની પ્રથમ ટેલિકોમ કંપની છે. જેને 5G એડવાન્સ તરીકે પણ ઓળખી શકાશે. જેનો હેતુ શ્રેષ્ઠ નેટવર્ક, ફાસ્ટ સ્પીડ ઈન્ટરનેટ પ્રદાન કરવાનો છે. જિઓ 5.5G અંતર્ગત યુઝર્સ 1GBpsથી વધુ સ્પીડે સેવા પ્રદાન કરશે. 5.5G નેટવર્ક 5Gનું એડવાન્સ વર્ઝન છે. જેનો ઉદ્દેશ હાઈ સ્પીડ ડેટા, વ્યાપક કવરેજ અને અપલિંક કનેક્ટિવિટીમાં સુધારો કરવાનો છે. મલ્ટી કરિયર એગ્રીગેશનની મદદથી યુઝર્સ 5.5G નેટવર્ક પર 10Gbps સુધીની મહત્તમ ડાઉનલિંક સ્પીડ તેમજ 1Gbpsની અપલિંક સ્પીડ મેળવી શકશે. જિઓ 5.5G નેટવર્ક મલ્ટી સેલ કનેક્ટિવિટી સાથે લોન્ચ કરવામાં આવી છે. જે એક સાથે અનેક નેટવર્ક સેલ સાથે કનેક્ટ કરી શકશે. જેના લીધે સારું કવરેજ અને ફાસ્ટ સ્પીડ બંને મળશે. આ ટેક્નોલૉજી વધુ નેટવર્ક કન્ઝેશન ધરાવતાં વિસ્તારોમાં ઉપયોગી સાબિત થશે. જે વાયરલેસ નેટવર્કમાં સુધારો કરશે. મોટાભાગના ફોનમાં આપમેળે એક્ટિવેટ થાય છે. પરંતુ અમુક ફોનમાં તેને મેન્યુઅલી એક્ટિવ કરવી પડશે. જેના માટે ફોનના સેટિંગમાં સેલ્યુલર વિકલ્પમાં મોબાઈલ નેટવર્કમાં ફેરફાર કરવાનો હોય છે.

# જીએસટીના માસિક-ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.11

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના માસિક અને ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરવાને માંડ ૪૮ કલાર બાકી હતા ત્યારે જીએસટીનું પોર્ટલ ઠપ થઈ જતાં મુશ્કેલીમાં મૂકાઈ ગયેલા વેપારીઓને સુવિધા આપવના ઈરાદાથી જીએસટીઆર-૧માં માસિક અને ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરવા માટે બે દિવસની મુદત વધારી આપવાની આજે જાહેરાત કરવામાં આવી છે. માસિક રિટર્ન ફાઈલ કરનારાઓને અગિયારમી જાન્યુઆરીને બદલે હવે ૧૩મી જાન્યુઆરી સુધીમાં આ રિટર્ન ફાઈલ કરવાની છૂટ આપી છે. જ્યારે ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરનારાઓને ૧૩મી જાન્યુઆરીને બદલે ૧૫મી જાન્યુઆરી સુધી રિટર્ન ફાઈલ કરવાની છૂટ આપી છે. જીએસટીનું પોર્ટલ ૯મી જાન્યુઆરીએ ઠપ થઈ ગયું હોવાનું સ્વીકારીને જીએસટીએન કાઉન્સિલે ટ્વિટ કરીને પોર્ટલ ન ચાલતું હોવા બદલ દિલગીરી પણ વ્યક્ત કરી હતી. ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. નવમી જાન્યુઆરીએ લગભગ આખો દિવસ જીએસટીનું પોર્ટલ ચાલ્યું જ નહોતું. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેકિસ એન્ડ કસ્ટમ્સ-સીબીઆઈસીએ આજે પરિપત્ર બહાર પાડીને પ્રસ્તુત જાહેરાત કરી છે. માસિક રિટર્ન ફાઈલ કરનારાઓને માસિક રિટર્ન ફાઈલ કરવા માટે ડિસેમ્બર માસ હોય તો બીજા મહિનાની એટલે કે જાન્યુઆરી મહિનાની ૧૧મી તારીખ સુધીનો સમય આપવામાં આવે છે. તેમ જ ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરનારાઓને જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર ત્રિમાસિક ગાળો પૂરો થયો પછીના મહિનાની ૧૧મી તારીખ સુધીમાં તેમનું રિટર્ન ફાઈલ કરી દેવાનું આવેછે. આ જ રીતે ડિસેમ્બર મહિનાનું જીએસટીઆર ૩-બી ફાઈલ કરીને જીએસટી જમા કરાવવા તારીખ ૨૦મી જાન્યુઆરીથી લંબાવીને ૨૨મી જાન્યુઆરી કરી આપવામાં આવી છે. ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરનારાઓને જીએસટીઆર૩-બી ભરીને ટેક્સ જમા કરાવવા માટે ૨૪મી જાન્યુઆરીને બદલે ૨૬મી જાન્યુઆરી સુધીમાં ટેક્સ જમા કરાવવાની છૂટ આપી છે. નવમી જાન્યુઆરીએ જીએસટીનું પોર્ટલ ઠપ થઈ ગયું હોવાની દેશભરમાંથી બૂમ ઊઠી હોવાથી આ પગલું લેવામાં આવ્યું છે. ગુરૂવાર અને શુક્રવારે પોર્ટલ બરાબર ચાલ્યું નહોતું. શનિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પોર્ટલ કામ કરતું થઈ જશે, એમ ટ્વિટર હેન્ડલ પર આપવામાં આવેલી માહિતીમાં જણાવવામાં આવ્યું છે.

# LICની મહિલાઓને સશક્ત બનાવતી યોજનાને બહોળો પ્રતિસાદ, તાલીમ સાથે સ્ટાઈપેન્ડનો પણ લાભ

(એજન્સી) નવી દિલ્હી | તા.11

દેશની સૌથી મોટી લાઈફ ઈન્સ્યોરન્સ કૉર્પોરેશન(એલઆઈસી)એ હાલમાં જ લોન્ચ કરેલી બીમા સખી સ્કીમને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. મહિલાઓને સશક્ત બનાવતી આ સ્કીમ લોન્ચ થયાના એક મહિનામાં જ 50 હજારથી વધુ મહિલાઓ જોડાઈ છે. સરકારની આ મહિલા સશક્તિકરણની સ્કીમ મહિલાને તાલીમ આપવાની સાથે કમાણી કરવાની તક આપે છે. હાલમાં જ નવ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના પાણીપતમાં એલઆઈસી બીમા શક્તિ યોજના લોન્ચ કરી હતી. જેના એક મહિનામાં જ 52511 મહિલાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. તેમજ 27000થી વધુ મહિલાઓએ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ એપોઈન્ટમેન્ટ લેટર પણ મેળવી લીધા છે. એલઆઈસીની બીમા સખી યોજનામાં જોડાનારી મહિલાઓ એલઆઈસી એજન્ટ બનવાની તાલીમ મેળવે છે. તાલીમની સાથે-સાથે દર મહિને રૂ. 5000થી 7000નું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. તાલીમ લેનારી મહિલાઓને પ્રથમ વર્ષે દર મહિને રૂ. 7000, બીજા વર્ષે રૂ. 6000 અને ત્રીજા વર્ષે રૂ. 5000 મળે છે. મહિલાઓને ટાર્ગેટ પૂરો કરવા પર કમિશન આધારિત ઈન્સેન્ટિવ પણ મળે છે. એલઆઈસી બીમા સખી યોજના હેઠળ મહિલાઓને સ્ટાઈપેન્ડ આધારિત તાલીમ મળે છે. જેમાં ત્રણ વર્ષ એલઆઈસી એજન્ટ બનવાની તાલીમ મળે છે. શરુઆતમાં જ અમુક પોલિસીનો ટાર્ગેટ આપી સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. આ સ્કીમ સાથે જોડાવવા માટેની વય મર્યાદા 18થી 70 વર્ષ છે. લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ 10 છે. ઉલ્લેખનીય છે, એલઆઈસી એજન્ટ કે કર્મચારીના પરિવારજનો આ સ્કીમનો લાભ લઈ શકશે નહીં. બીમા સખી યોજના માટે ઓનલાઈન અરજી કરી શકો છો અથવા તો નજીકની બ્રાન્ચમાં થઈને પણ અરજી કરી શકાશે. અરજી કરવા માટે મહિલા પાસે જન્મનો દાખલો અથવા જન્મ તારીખના પુરાવા ધરાવતો દસ્તાવેજ, રહેઠાણનો પુરાવો તથા ધોરણ 10 પાસનું સર્ટિફિકેટ અટેસ્ટેડ કોપી સાથે રજૂ કરવાનું રહેશે. ફોર્મમાં તમામ વિગતો ડોક્યુમેન્ટ્સના આધારે ભરી અરજી કરવાની રહેશે.

### શું મ્યુચ્યુઅલ ફંડો રિટેલ ઈન્વેસ્ટરોની મૂડીનું દરેક ભાવે શેરોમાં રોકાણ કરી પ્રમોટરો, ઓપરેટરોને એક્ઝિટ અપાવી રહ્યા છે ?

# ઈક્વિટી ફંડોમાં ડિસેમ્બરમાં માત્ર ફાર્મા ફંડોમાં પોઝિટીવ વળતર : બાકી નેગેટીવ




(એજન્સી) નવી દિલ્હી | તા.11

મ્યુચ્યુઅલ ફંડોમાં ઈક્વિટી રોકાણ પ્રવાહ ડિસેમ્બરમાં ૧૪ ટકા વધ્યો છે, પરંતુ રોકાણકારોના મળતાં વળતરમાં ગાબડાં પડી રહ્યાના અને ખાસ ચુનંદા એક કેટેગરી ફાર્મા-હેલ્થકેરમાં જ ફંડ રોકાણકારોને પોઝિટીવ વળતર આપવામાં સમર્થ રહ્યા છે. બાકી ઈક્વિટી ફંડ કેટેગરીમાં રોકાણકારોને નેગેટીવ વળતર રહ્યું મળ્યું છે. ફાર્મા અને હેલ્થકેર સેક્ટર આધારિત ફંડો છેલ્લા એક મહિનામાં અપવાદરૂપ પર્ફોર્મર રહ્યા છે, કેમ કે માત્ર આ કેટેગરીએ આ મહિનામાં આશરે ૧.૩૪ ટકાનું પોઝિટીવ વળતર આપ્યું છે. જેનું મુખ્ય કારણ ફાર્મા સેકટરમાં સકારાત્મક ત્રીજા ત્રિમાસિકના પરિણામ માટેનું આઉટલૂક હતું. પ્રાઈસ પરિબળનો આમાં સમાવેશ થઈ ગયો છે. આ ઉપરાંત કેટલાક અન્ય પરિબળોએ આ કામગીરીમાં ફાળો આપ્યો છે. છેલ્લા એક મહિનામાં ફાર્મા ફંડોએ અન્ય ક્ષેત્રોમાં નકારાત્મક વળતરની સામે ૧.૩૪ ટકાનું સરેરાશ વળતર આપ્યું છે. આ માટે અન્ય પરિબળોની સાથે વિકાસના કેટલાક ચાલકો, જેમ કે પીએલઆઈ પ્રોત્સાહનોના સ્વરૂપમાં સરકાર તરફથી મળેલા સપોર્ટથી આયાતી દવાઓનું ઘર આંગણે ઉત્પાદન શકય બન્યું હતું. આ તમામ પરિબળોએ સાથે મળીને છેલ્લા એક મહિનામાં વળતરમાં ફાળો આપ્યો છે. આ ફાર્મા ક્ષેત્રની મોટાભાગની કંપનીઓએ ત્રીજા ત્રિમાસિકના પરિણામો માટે પોઝિટીવ આઉટલૂક-અંદાજ આપ્યા હતા. વધતી માંગ, નવી પ્રોડક્ટ લોન્ચ, ગ્રોસ માર્જિનમાં વધારો, યુએસ બિઝનેસ પોર્ટફોલિયોમાં વિસ્તરણ સાથે આ ક્ષેત્રની મોટાભાગની કંપનીઓએ ત્રીજા ત્રિમાસિકની કમાણી માટે સકારાત્મક દ્ષ્ટિકોણ આપ્યો છે. આ પરિબળોને ધ્યાનમાં રાખીને નાણા વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિકની કમાણીની જાહેરાત પહેલા આ ક્ષેત્રના શેરોમાં તેજી જોવા મળી હતી. દરમિયાન માત્ર એક ઈક્વિટી કેટેગરીમાં હેલ્થકેર ક્ષેત્રના ફંડમાં પોઝિટીવ વળતર સિવાય અન્ય ફંડોનું પરફોર્મન્સ નબળું રહ્યું છે. જ્યારે બીજી તરફ સંખ્યાબંધ અન્ય ક્ષેત્રની કંપનીઓના પ્રમોટરોના હોલ્ડિંગમાં આ સમયગાળામાં ઘટાડો થયાનું અને પ્રમોટરોએ મોટી સંખ્યામાં શેરો વેચ્યા હોવાના અહેવાલ બહાર આવી રહ્યા છે. બીજી તરફ મ્યુચ્યુઅલ ફંડોમાં ડિસેમ્બરમાં રિટેલ રોકાણકારોનું રોકાણ સતત પોઝિટીવ રહ્યું છે, ત્યારે મ્યુચ્યુઅલ ફંડો રિટેલ ઈન્વેસ્ટરોની મૂડીનું દરેક ભાવે શેરોમાં રોકાણ કરી પ્રમોટરો, ઓપરેટરોને એક્ઝિટ અપાવી રહ્યા છે કે એવા સવાલો બજારમાં ચર્ચાવા લાગ્યા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-13

# ડિજિટલ પ્રદૂષણની વધતી સમસ્યા



આધુનિક સંદેશા વ્યવહારના ઉપલબ્ધિ સાથેના વર્તમાન સમયમાં એક તરફ આપણી ડિજિટલ નિર્ભરતા વધી રહી છે ત્યારે બીજી તરફ આ ગતિવિધિઓ ડિજિટલ પ્રદૂષણ અને ઈ-કચરાનું કારણ બની રહી છે. સ્માર્ટફોન, લેપટોપ અને કમ્પ્યુટરના ઉપયોગ કરવા સમયે, ખાસ કરીને ઈન્ટરનેટના માધ્યમથી કાંઈપણ મોકલવા, નિહાળવા કે ડાઉનલોડ કરવાથી કાર્બન ફુટપ્રિન્ટ ઉત્પન્ન થાય છે. આ પ્રકારનું ડિજિટલીકરણ પર્યાવરણ સંરક્ષણના અભિયાનમાં મુશ્કેલીઓ ઉભી કરે છે. જે લાંબા ગાળે સ્વચ્છ પર્યાવરણના માનવ અધિકારમાં બાધક બને છે. ડિજિટલ પ્રદૂષણ દુનિયાના વૈશ્વિક ગ્રીનહાઉસ ઉત્સર્જનમાં ચાર ટકાની ભાગીદારી રાખે છે. વધતા ડિજીટલકરણના કારણે આ સમસ્યા વધુ ગંભીર બની રહી છે. ડિજિટલ ઉપકરણોનું નિર્માણ, વિતરણ, ઉપયોગ અને કચરામાં રૂપાંતરણ આ ચાર તબકકાઓથી પર્યાવરણને વ્યાપક નુકસાન પહોંચે છે. ડિજિટલ ગૈજેટસના નિર્માણમાં પ્રાકૃતિક સંસાધનો - ધાતુ, પાણી અને ઈંધણનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. એક કમ્પ્યુટર બનાવવમાં લગભગ ૨૪૦ કિલોગ્રામ ઈંધણ, ૨૨ કિલોગ્રામ ધાતુ અને ૧૫૦૦ લીટર પાણીની જરુર પડે છે. ગૈજેટ બનાવવા માટે પ્રાકૃતિક સંસાધનોનું ખનન અને નિષ્કર્ષણ કરવામાં આવે છે. એક મોબાઈલ ફોન લગભગ ૭૦ રાસાયણિક તત્વોની તૈયાર થાય છે. તેમાં સંમ્મિલિત ધાતુ કોઈ એક દેશ કે મહાદેશમાં ઉપલબ્ધ હોતી નથી. વધતી ટેકનીકી માંગના કારણે આ ખનિજોનું અંધાધૂંધ ખનન, ધોવાણ કરવામાં આવે છે. જે ભવિષ્યમાં કોઈ તકનીકી ખાઈ ઉત્પન્ન કરી શકે છે. ગૈજેટસના નિર્માણ દરમ્યાન પાણી, ઈંધણ, રસાયણની જરુરિયાત ઉભી થાય છે. વધતી માંગના સમાંતર તેના ઉપયોગમાં વૃદ્ધિ થાય છે. નિર્મિત ગૈજેટસના વિતરણમાં ઉર્જા અને ધનની વ્યાપક ખપત થાય છે. જયારે ઉપકરણ ગ્રાહક પાસે આવે છે તો તેના ઉપયોગની પ્રવૃતિ પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. ડિજિટલ ઉપકરણ ઉર્જા વપરાશ માટે જવાબદાર હોય છે. કારણ કે ડિજિટલ ઉપકરણને દિવસમાં અનેક વખત ચાર્જ કરવાની જરુરિયાત ઉભી થાય છે. બીજી તરફ ઈન્ટરનેટના માધ્યમથી આપણે જે કાંઈ મોકલીએ છીએ તે કાર્બન ફુટપ્રિન્ટ ઉત્પન્ન કરે છે. એક ફોટો પોસ્ટ કરવાથી ૦.૧૫ ગ્રામ, એક સેલ્ફી મોકલવાથી ૫ ગ્રામ અને ઈન્ટરનેટ મીડિયા પર ૨૮ મિનિટની સ્ક્રોલિંગથી ૪૨ ગ્રામ કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન થાય છે. ઉપરાંત ઉપયોગ બાદ ડિજિટલ ઉપકરણ કચરાનું રુપ ધારણ કરે છે. પુનર્ચક્રણ ન હોવાની સ્થિતિમાં તે ભૂમિ અને જળ પ્રદૂષણનું પણ કારણ બને છે. પોતાના ડિજિટલ કાર્બન ફુટપ્રિન્ટને ઘટાડવા માટે પોતાની આદતો અને પ્રાથમિકતાઓમાં બદલાવ લાવવો આવશ્યક છે. ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરવા સમયે સતર્કતા અને જવાબદારી વર્તવી જોઈએ. બિનજરુરી ડાઉનલોડ અને સ્ટ્રીમિંગને ઓછી કરવા અને ઉર્જાદક્ષ ઉપકરણોનો ઉપયોગ કરવો પણ મહત્વનું છે.

## સાવરકુંડલા | બસસ્ટેશન ઉપર વિદ્યાર્થીઓનું રોડ રોકો આંદોલન



કિશોર આર. સોલંકી | જાફરાબાદ સાવરકુંડલા ના બસસ્ટેશન રોડ રસ્તા ઉપર બેસી ને સક્કા જામ કરતા વિદ્યાર્થીઓ સાવરકુંડલા મહુવા બસ ટાઈમે ન આવતા આંદોલન વિદ્યાર્થીઓ ની એકજ માંગ સાવરકુંડલા મહુવા બસ ટાઈમ ટુ ટાઈમ જોઈએ વીજપડી બસસ્ટેશન ઉપર લોકો ના ટોળે ટોળા એકઠા થયા.. વાહનો ના થપ્પા લાગી ગયા હતા વિદ્યાર્થીઓ ને સરપંચ દ્વારા સાવરકુંડલા ડેપો વતી બાહેંધરી આપતા મામલો શાંત પડયો હતો.

# ભુજની ગટર સમસ્યા ગંભીર તો બની ગઈ... પરંતુ શું હવે કોઈ મોટા અકસ્માતની રાહ જોવાઈ રહી છે

મહેશ એલ. સોની | નખત્રાણા



ભુજ તા.૧૧, જે સમસ્યા શહેરનો પીછો નથી છોડતી, નગરપાલિકા નો પીછો નથી છોડતી. એ સમસ્યા લોકોના જીવ જાય કે કોઈ મોટી દુર્ઘટના સર્જાય એટલી હદે ગંભીર બની ગઈ હોવા છતાં, તેનાં ઉકેલ માટે નગરપાલિકા સ્તરેથી કરવામાં આવતા પ્રયત્નો શા માટે સફળ થતાં નથી એવો પ્રશ્ન આજે ભુજના સામાજિક કાર્યકર મહંમદ લાખા દ્વારા અખબારી માધ્યમો સમક્ષ ઉપાડવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અગાઉ એક સાયકલ ચાલક ઊંધા માથે પટકાયો હતો. અને તંત્ર દોડતું થયું હતું ગઈકાલે ફરી એક વાહન ચાલક નું વાહન આ ખાડામાં ફસાયો અને એ વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા હૃદય દ્રવ્ય ઉઠ્યું કે શું નગરપાલિકા પ્રશાસન મુખ્ય અધિકારીની ગેરહાજરીમાં કોઈનું જીવ જાય એટલી હદે બેદરકાર થઈ ગયું છે. કે પછી ઈન્ચાર્જ પ્રાંત અધિકારી શ્રી અને મુખ્ય અધિકારી શ્રી ભુજ નગરપાલિકાના કાન સુધી આ વાત સમસ્યા પહોંચાડવામાં આવતી નથી એવું સ્પષ્ટ દેખાઈ આવે છે. આજે વહેલી સવારે પણ વિસ્તારની મુલાકાત લેતા એક વૃદ્ધ ગટરના એ પાણીમાં ફસાયા અને એમનું વાહન બંધ થઈ ગયું ત્યારે પણ સ્થાનિક લોકો એમને મદદરૂપ થયા. આજે ભુજના દાદુ પીર રોડ, શેખ ફળિયા , બાપા દયાળુ નગર, વઢીયારાવાસ જેવા વિસ્તારો ગટરની સમસ્યાથી ફરી એક વખત ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ત્યારે જો સમસ્યાનો ઉકેલ ન આવે તો સોમવારે આંદોલનને ચરમશીમા ઉપર લઈ અને નવતર પ્રયોગ કરવામાં આવશે અને આ માટે નગરપાલિકાના તમામ જવાબદાર અધિકારીઓ કર્મચારીઓ પદ અધિકારીઓ ને જવાબદાર ઠેરવવામાં આવશે અને જો ઉકેલ ના આવે તો તજજ્ઞોની સલાહ લઈ કાયદાકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે તેવી ચિમકી આજ રોજ વ્યથિત થઈને સામાજિક કાર્યકર દ્વારા અત્રે એક અખબારી યાદીમાં ઉચ્ચારવામાં આવી હતી.

# ગુજરાતનો પતંગોત્સવ વૈશ્વિક ઓળખ બન્યો : CM

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ના શુભારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરાયણના આ તહેવારને 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. એટલું જ નહિ પતંગોના આ પર્વને આધુનિક આયામો આપ્યા અને સાથો સાથ પ્રવાસન સાથે આ ઉત્સવને પણ જોડ્યો છે. આમ, આ પતંગોત્સવ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ગયો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

CM પટેલે અમદાવાદથી તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો.આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દર વર્ષે દેશ અને દુનિયાના એમ્બેસેડર્સ આ પતંગ મહોત્સવ જોવા ગુજરાત આવે છે. મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વોકલ ફોર વોકલ અભિયાન પતંગોત્સવમાં આવતા પ્રવાસીઓથી ખુબ મોટો વેગ મળ્યો છે. આ ઉત્સવ દરમિયાન ફૂડ સ્ટોલ અને ક્રાફ્ટ સ્ટોલ ધારકોને લાખો રૂપિયાની આવક થાય છે. એટલું જ નહિ, ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં ગયા વર્ષે સાડા પાંચ લાખથી વધુ લોકો જોડાયાં હતા.

### સૌથી વધુ પતંગો બનાવનારૂ ગુજરાત

ગુજરાતના પતંગ ઉદ્યોગ અંગે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતીઓના પતંગ પ્રેમને કારણે સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે વિશ્વમાં ગુજરાતને ઓળખ મળી છે. અમદાવાદ, નડિયાદ, ખંભાત તેમજ સુરત કાઈટ મેન્યુફેક્ચરીંગના હબ બન્યા છે.એટલું જ નહિ, આજે દેશના પતંગ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતમાંથી દર વર્ષે પતંગો અમેરિકા, યુ.કે., કેનેડા જેવા દેશોમાં એકસપોર્ટ પણ થાય છે.

### દાન-મહિમાનું પર્વ ઉત્તરાયણ



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસતિ રાષ્ટ્ર બનાવવાની વડાપ્રધાનની નેમ છે, ત્યારે આ નેમને સાકાર કરવા ગુજરાતના વિકાસ પતંગને પર્યાવરણ અને પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને વિકાસ વિશ્વમાં ઊંચી ઊડાન ભરાવવાની એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.આ પ્રસંગે ઉત્તરાયણ પર્વની વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે,ઉત્તરાયણ ઉત્સવ દાન તેમજ ધર્મનું અને સૂર્ય નારાયણની ઉપાસનાનું પર્વ છે. એટલું જ નહિ, દાન-મહિમાની પરંપરા સાથે ઉજવાતા આ પર્વમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદના પણ સમાયેલી છે. જીવમાત્રની સુરક્ષા માટે સંવેદના દર્શાવીને આ પર્વને સુરક્ષિત રીતે ઉજવવુ જોઈએ તેમજ પતંગ ઉડાડવામાં પણ ખુબ કાળજી રાખવી જોઈએ એવી રાજ્યના દરેક નાગરિકોને મુખ્યમંત્રી શ્રી દ્વારા અપિલ કરવામાં આવી હતી.

## નર્મદા જિલ્લામાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે

# પશુ-પક્ષીની સારવાર અને રક્ષા માટે 20મી સુધી કરુણા અભિયાન ચાલશે

ભરત શાહ | નર્મદા



**પતંગની દોરીથી ઈજા પામેલા પશુ-પક્ષીઓને સારવાર કેન્દ્ર ઉપર પહોંચાડવા નર્મદા જિલ્લાના નાગરિકોને અનુરોધ કરાયો**

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગ દોરી દ્વારા પક્ષીઓને થતી ઈજાઓ નિવારવા અને ઈજા પામેલા પક્ષીઓને ત્વરીત સારવાર મળી રહે તે હેતુસર દર વર્ષે સરકાર દ્વારા કરૂણા અભિયાન ચલાવવાવમાં આવે છે. તા.૧૦ મીથી ૨૦ જાન્યુઆરી- દરમિયાન પતંગદોરીથી પક્ષીઓને ઈજાઓ થવાની સંભાવના રહેલી છે. પ્રતિબંધિત દોરી ન વેચવા અને વાપરવા તેમજ ઈજા પામેલા પશુ-પક્ષીઓને સારવાર આપીને બચાવવા માટે વિવિધ તાબાના પરિક્ષેત્ર વન અધિકારીઓ, તાલુકા કક્ષાએ પશુચિકિત્સક કેન્દ્રો અને બિન-સરકારી સંસ્થાઓના નામ તથા સંપર્કની વિગતો જાહેર કરાઈ છે. જેને અનુલક્ષીને આ વર્ષે હેલ્પલાઈન અને સંપર્ક નંબર જારી કરી ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓ સારવાર કેન્દ્ર ઉપર પહોંચાડવા નાગરિકોને નર્મદા વન વિભાગ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

આ સમય ગાળામાં ઈજા પામેલા પશુ-પક્ષીઓને સારવાર અર્થે વન વિભાગ દ્વારા વાઈલ્ડલાઈફ હેલ્પલાઈન નંબર-૮૩૨૦૦૦૨૦૦૦ પર વોટ્સએપ મેસેજમાં "Karuna" મેસેજથી ઓનલાઈન મેપની લીંક સ્વંય સંચાલિત છે. જેમાં તમામ સારવાર કેન્દ્રોની વિગતો દર્શાવવામાં આવી છે. તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર નાંદોદ માટે સંપર્ક નં-(૦૨૬૪૦-૨૨૦૪૪૭) મો. ૮૭૮૦૫૬૬૦૨૪, દેડીયાપાડા માટે સંપર્ક નં-૦૨૬૪૯ -૨૩૪૧૨૦ મો. ૯૭૨૪૨૧૭૮૩૮, સાગબારા માટે સંપર્ક નં-(૦૨૬૪૯-૨૫૪૭૪૩) મો- ૮૪૬૦૨૮૩૨૪૨ તેવી જ રીતે પરિક્ષેત્ર વન અધિકારી રાજપીપલા સંપર્ક નં-૯૯૨૫૮૯૯૦૮૮, દેડીયાપાડા સંપર્ક નં-૯૬૮૭૭૦૫૮૫૮, સોરાપડા સંપર્ક નં- ૬૩૫૧૮૦૧૧૨૫, સગાઈ સંપર્ક નં-૯૬૮૭૪૭૩૭૫૯, ફુલસર સંપર્ક નં-૯૯૭૯૭૪૩૩૯૫ અને પીપલોદ સંપર્ક નં-૯૭૨૬૮૩૧૯૭૩, સાગબારા સંપર્ક નં-૯૯૧૩૮૧૩૩૩૯ તેમજ બિન સરકારી સંગઠન ભાષા સંસ્થા સેલંબા સંપર્ક નં-૮૪૬૦૨૮૩૨૪૨ નો સંપર્ક સાધી શકાશે તેમ નર્મદા જિલ્લાના નાગરિકોને નાયબ વન સંરક્ષક, નર્મદા દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

**ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓની સારવાર માટે વાઈલ્ડલાઈફ હેલ્પલાઈન નંબર:- ૮૩૨૦૦૦૨૦૦૦ છે જે સ્વયં સંચાલિત ઓનલાઈન મેપની લિંક વોટ્સ એપ મેસેજમાં Karuna મેસેજથી મળી શકશે**

## ટાટા મોટર્સ દ્વારા ટિયેગો 2025 રજૂ કરાઇ

ટાટા મોટર્સ દ્વારા 2025 ટિયેગો, Tiago.ev અને ટિગોર માટે બુકિંગ આજે શરૂ કરાયું. ટિયેગો રૂ. 4.99 લાખ, Tiago.ev માટે રૂ. 7.99 લાખ અને ટિગોર માટે રૂ. 5.99 લાખની આકર્ષક કિંમતથી શરૂ ગ્રાહકો વધુ વિગતો માટે તેમની રુચિ નોંધાવવા કંપનીની વેબસાઈટની વિઝિટ કરી શકે છે.

# નર્મદા જિલ્લામાં રોફ ઝાડતાં અધિકારીઓને મનસુખ વસાવાની ટકોર : સાદગી મંત્રી ભાનુબેન પાસેથી શીખો

ભરત શાહ | નર્મદા



એક્તાનગર કેવડિયા ખાતે પોષણ માહની ઉંચી ઉડાન કાર્યક્રમ યોજાયો હતો જેમાં રાજ્યના મંત્રી ભાનુબેન બાબરીયા સહિત સચિવ કક્ષા ના અધિકારીઓ હાજર રહ્યા હતા.સાથે નર્મદા જિલ્લાના પણ તમામ અધિકારીઓ હાજર હોય તાલુકા જિલ્લાઓ માં પોતાનો રોફ ઝાડતાં આધિકારીઓ અને રૂપિયા વગર લોકોના કામ કરતા નથી. આવા અધિકારીઓ પર સાંસદ વરસી પડ્યા અને તેમના જુના અંદાજ પ્રમાણે તેમના ભાષણ માં કહી નાખ્યું કે તાલુકા અને જિલ્લા લેવલે મોટા અધિકારીઓ ને ટકોર કરી કે સાદગી વિનમ્રતા મંત્રી ભાનુબેન પાસે થી શીખવી જોઈએ હું ટીકા ટીપ્પણી માં નથી માનતો, ઉપલા અધિકારીઓ એમને સહયોગ આપે, આ બેન માંથી હું શીખ્યો છું. આજે મંત્રી ધારાત તો એ રોપ બતાવી શકત પણ એમને મંત્રી નો રોપ ન બતાવ્યો

જે સ્ટોર ના બેહનો હતા એમને સાદગી પૂર્વક વાત કરી ખુશ કર્યા, અહીં તાલુકા અને જિલ્લાના અધિકારીઓ પોતાનો રોપ બતાવે છે. આ ભાવના બધા લોકોએ કેળવવી પડશે તેવી વાત કરી ભાનુબેન બાબરીયા ની જેમ અધિકારીઓ ને પણ તેમને હંમેશા મદદ કરવાની સાંસદ મનસુખ વસાવા એ ટકોર કરી ત્યારે આ ટકોર થી કેટલાક સ્થાનિક અધિકારીઓ સમજી ગયા હતા. જે અધિકારીઓ ના સમજ્યા અને તેમની અકળ યથાવત રાખી તો પછી સંસદનો પ્રકોપ સહન કરવો પડશે.

## ઝાલોદ તાલુકા કક્ષાના રમતોત્સવમાં થાળા (લીમડી) શાળાની બાળાઓએ બાજી મારી

દિપક રાવલ | દાહોદ લીમખેડા



ઝાલોદ તાલુકા કક્ષાનો રમતોત્સવ હાલ એસ.આર.પી ગ્રુપ પાવડી ખાતે યોજાઈ ગયો જેમાં અંડર -૧૪ વિભાગમા થાળા લીમડી પ્રાથમિક શાળાની બાળાઓ વોલીબોલ, ખો - ખો અને કબડ્ડીની સ્પર્ધામા પ્રથમ નંબર મેળવતા આગામી સમયમાં જિલ્લા કક્ષાએ રમવા માટે જશે. અને 36,000 હજાર રૂપિયા ઈનામમાં જીતવા બદલ થાળા લીમડી ગામના તમામ લોકોએ બાળાઓને અભિનંદન આપ્યા હતા અને આગામી સમયમાં જિલ્લા કક્ષાએ પણ આવી જ જીત મેળવો તેવી શુભેચ્છાઓ આપવમા આવી હતી. ભાઈઓએ કબડ્ડી અને ખો ખોમાં તૃતીય નંબર મેળવેલ છે.

## HS પટેલ હાઈસ્કુલમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન થયું



ભરત શાહ | નર્મદા

એચ.એસ.પટેલ હાઈસ્કુલ, વડોદરા માં વાર્ષિક રમતોત્સવનું આયોજન થયું હતું. જેમાં ધોરણ 9 થી 12 ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રમતોત્સવમાં વિવિધ રમતો જેવી કે 100 મીટર દોડ, કરચલા દોડ, કોથળાદોડ, આંધળો પાટો જેવી વ્યક્તિગત રમતો અને ક્રિકેટ, કબ્બડી અને ખોખો જેવી જૂથ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે શાળાના ટ્રસ્ટી વિરેનભાઈ કે. પટેલ, શાળાના ઈન્ચાર્જ આચાર્ય ઈલમાબેન એમ. સિંગલ, મુખ્ય અતિથિ અનુરાગ દુબે કે જેઓ અનિરુદ્ધ સૈનિક સ્કૂલ કાયાવરોહણમાં ડિફેન્સ ટ્રેનિંગ કોપ ના કમાન્ડિંગ ઓફિસર છે અને અતિથિ વિશેષ હિરેન ઉપાધ્યાય કે જેઓ એક્સ આર્મી મેન છે, તેઓની ઉપસ્થિતિમાં રમતોત્સવના ઈનામ વિતરણ નો કાર્યક્રમ તારીખ 02/01/2025 ના રોજ યોજવામાં આવ્યો હતો.

## કલેકટર ગાંધીનગરે અંબોડ યોજાનાર કાર્યક્રમની સ્થળ મુલાકાત કરી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સંસદ સભ્ય અમિતભાઈ શાહના હસ્તે તા.૧૫-જાન્યુઆરીના રોજ અનેક લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાને મળવા જઈ રહી છે, ત્યારે અંબોડ ખાતે બેરેજના નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે, મિની પાવાગઢ તરીકે વિકસેલા અંબોડ ખાતે આવેલાં મહાકાળી માતાજીના પૌરાણિક મંદિરની 600 મી. ઉપરવાસમાં આ બેરેજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેનું ખાતમુહુર્ત કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના હસ્તે કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી આવી રહ્યા છે, અને તેઓ અંબોડ ખાતે સભા સંબોધન પણ કરશે.ત્યારે તેની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે તંત્ર ખડે પગે સજ્જ છે. જેના ભાગરૂપે તા.૧૧-જાન્યુઆરીના રોજ ગાંધીનગર કલેકટર મેહુલ કે. દવે દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત કરી પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અને કોઈપણ રીતે કાર્યક્રમમાં કોઈ જ ક્ષતિ ન રહે તે અંગે સૂચન કરી, અધિકારીઓને તેમણે પ્રોટોકોલ થી માંડી કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક નાગરિકની સુરક્ષા તથા સલામતીના દરેક પાસાનું યોગ્ય રીતે ધ્યાન રાખવામાં આવે તે અંગે પણ અનુરોધ કર્યો હતો.

## ગરુડેશ્વર, ડેડિયાપાડા અને સાગબારા પોલીસે અંગ્રેજી દારૂનો રૂ.1.61 લાખથી વધુનો મુદામાલ ઝડપી પાડયો

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લામાં ગરુડેશ્વર, ડેડિયાપાડા અને સાગબારા પોલીસે અંગ્રેજી દારૂ સહિત નો મુદામાલ ઝડપી ગુના દાખલ કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગરુડેશ્વર પોલીસ ને જંતર ગામ તરફની મોટરસાઈકલ નં. GJ.22 K 7975 પર એક વ્યક્તિ દારૂ લઈ ને આવતા હોવાની બાતમી મળતા પોલીસે પંચલા ગામ પાસે વોચ રાખી હોય ત્યારે આ મોટરસાઈકલ ત્યાંથી પસાર થતા તેને ઊભી રાખવા ઈશારો કર્યો પરંતુ તે એક થેલો નાંખી નાશી છૂટ્યો હતો. ત્યારબાદ થેલો ચેક કરતા અંદર થી અંગ્રેજી દારૂ રૂ.8800 મળી આવતા પોલીસે જપ્ત કરી મોટરસાઈકલ લઈ ભાગેલા વ્યક્તિ કેમાભાઈ ભંગાભાઈ વસાવા રહે. જંતર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

બીજો ગુનો દેડિયાપાડા પોલીસે દાખલ કર્યો જેમાં પોલીસ ને બાતમી મળેલ કે કોલીવાડા ગામ માં વડ નીચે આવેલ દુકાનમાં પાછળ અશ્વિનભાઈ રમેશભાઈ વસાવા તેના ઘરે અંગ્રેજી દારૂ વેચાણ કરે છે જેથી પોલીસે ત્યાં રેડ કરતા અંદર થી રૂ.1700 નો દારૂ મળી આવેલ પરંતુ ઘરે કોઈ હાજર નહી હોવાથી દેડિયાપાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે સાગબારા પોલીસે વાહન ચેકીંગ દરમિયાન એક ફોર વ્હીલ ગાડી અટકાવી ચેક કરતા અંદર થી અંગ્રેજી દારૂ ની બોટલો મળી આવી હતી જેમાં પોલીસે દારુ અને ફોર વ્હીલ ગાડી મળી કુલ રૂ. 1.51.425 ની મુદામાલ જપ્ત કરી ડ્રાઈવર અક્ષય હરીશભાઈ પટેલ, રહે. આભવા વેસુ, જી.સુરત વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## ઉતરાયણના પર્વમાં વીજ અકસ્માત નિવારવા અમરેલી PGVCL દ્વારા અનુરોધ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી વીજ તંત્ર (પીજીવીસીએલ) દ્વારા ગ્રાહકો તથા જાહેર જનતાને ઉતરાયણ પર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખવા કેટલીક બાબતો ધ્યાનમાં રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. જેમાં પતંગ ચગાવતી વખતે પતંગ કે દોરી વીજળી ના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢવું નહીં વીજળી ના તાર કે કેબલને અડકવા નહીં વીજળીના વાયર કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખવા નહીં તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતા મોટા ભડકા થવાની તાર તૂટી જવાની અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો ઉપકરણો બળી જવાની સંભાવના રહે છે. વધુમાં થાંભલા કે વીજળી ના તારમાં અથવા વીજળી ના તાર નજીકના ઝાડ માં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડ ના સળિયા નો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે. ધાતુના તાર કે મેન્ગેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડવી નહીં તેમ કરવાથી વીજળીના તારને અડકતાં વીજળી નો આંચકો લાગવાથી અને અકસ્માતની સંભાવના રહેલી છે. નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીંદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો ચાયનીઝ દોરી નો ઉપયોગ કરવો નહીં તેનાથી વીજળી ના વાયરો કપાઈ શકે છે. વીજ વાયરો પસાર થતા હોય તેની સાવ નજીક થી પતંગ ઉડાડવી નહીં અને વીજ માળખાને લગતી કોઈ પણ ફરિયાદ નજીક ની પીજીવીસીએલ કચેરી નો સંપર્ક કરવો અને અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખવા તથા આપના બાળકો ની સાથે રહીં સંપૂણ સલામતી સાથે ઉતરાયણ નો ઉત્સવ ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા (પીજીવીસીએલ) અમરેલી દ્વારા અકબર ની યાદી માં જણાવ્યું છે.

## રૂ.500ની નકલી નોટોને કઈ રીતે ઓળખશો ?



ભરત શાહ | નર્મદા

હાલમાં સોશિયલ મીડિયા માં ફરતા મેસેજ માં જાણવા મળ્યા મુજબ રૂપિયા 500 ની નકલી નોટ બજાર માં ફરે છે જેમાં માત્ર રિઝર્વ બેંક ના સ્પેલિંગ નો અક્ષર ખોટો છે ત્યારે જો આ વાયરલ મેસેજ સાચો હોય તો આ નોટ કઈ રીતે ઓળખશો એ પણ વાયરલ મેસેજ માં દર્શાવ્યું છે.

આ 500 ની ચલણી નોટ ઓળખવી મુશ્કેલ છે એક માત્ર ફરક છે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોડણીનો જેમાં RESERVE શબ્દમાં S પછી E ની જગ્યાએ A છે જે ખોટું છે. માટે આવી નકલી નોટ કેવા માં ખૂબ કાળજી રાખો. અહીંયા આપેલ નકલી નોટનો ફોટો જુઓ તો ખ્યાલ આવી જશે જેથી આ મુદ્દે સાવધાન રહો.

**આ નોટ ઓળખવા માં સાચો spelling - RES E RVE. જ્યારે ખોટો spelling - RES A RVE**

# પપૈયા સાથે મિક્સ કરો એક વસ્તુ, ખોવાયેલી ચમક પાછી આવશે

**શું તમે પણ ચમકતી ત્વચા મેળવવા માંગો છો. તો રોજિંદા જીવનમાં રસોડામાં વપરાતા મસાલાથી પણ તમે ચહેરાને ચમકતા બનાવી શકો છો. તેમાની એક છે હળદર. પપૈયા અને હળદરનો ફેસ પેકને તમારી દિનચર્યામાં સામેલ કરો અને તે તમારા ચહેરાની સુંદરતામાં વધારો કરશે. અને ચહેરાને ચમકદાર બનાવશે. પપૈયામાં રહેલા પોટેશિયમ ત્વચાને મોઇશ્ચરાઇઝ કરે છે. તે ચહેરા પર રહેલ વધારાનું તેલ પણ દૂર કરે છે. ત્વચાને ચમકતી રાખવા માટે પાર્લરમાં જવાની જરુર નથી. તમે ઘરે બેઠા જ તમારી ત્વચાને ચમકદાર બનાવી શકો છો. પપૈયામાંથી કેમિકલ ફ્રી ફેસ પેક ક્યારેય બનાવ્યો છે? જો ના, તો તમારે આ ફળમાંથી બનાવેલા ફેસ માસ્કને તમારે ઉપયોગમાં લેવો જોઈએ. આ ફેસ પેક કઈ રીતે બને છે આવો જાણીએ.**





## ફેસ માસ્ક કેવી રીતે બનાવવો

કુદરતી ફેસ પેક બનાવવા માટે તમારે સૌ પ્રથમ તો પપૈયા અને હળદરની જરૂર પડશે. એક બાઉલમાં પપૈયાના નાના ટુકડા કરો ત્યારબાદ તેને સારી રીતે છૂંદી લો. હવે છૂંદેલા પપૈયામાં એક ચપટી હળદર ઉમેરો અને તેની પેસ્ટ બનાવો. આ કેમિકલ મુક્ત ફેસ પેકને ઉપયોગમાં લો. જો તમારી સ્કિન ડલ હશે તો તેના પર પણ મસ્ત ગ્લો આવી જશે.



## ઉપયોગ કરવાની યોગ્ય રીત

આ ફેસ માસ્કને તમારા આખા ચહેરા પર અને ગરદનના ભાગમાં સારી રીતે લગાવી દો. ત્યાર પછી સારા પરિણામો મળે તે માટે, આ ફેસ પેકને તમારા ચહેરા પર લગભગ 10થી 15 મિનિટ સુધી રહેવા દો. આ ફેસ પેક સુકાઈ જાય. ત્યાર પછી ચહેરો સાદા પાણીએ ધોઈ નાખો. ચહેરો ધોયા પછી તમને તેની સારી અસર દેખાવા લાગશે. તમારી સ્કિન કઈ છે તે પહેલા જાણો. ત્યારબાદ આ ફેસ પેકને તમારા આખા ચહેરા પર લગાવતા પહેલા પેચ ટેસ્ટ કરવાનું ભૂલશો નહીં.

**ખોવાયેલી ચમક પાછી આવશે |** તમારી ત્વચાને ચમકદાર બનાવવામાં મદદરુપ સાબિત થશે. આપણી દાદીમાના સમયથી હળદરને ત્વચા માટે વરદાન માનવામાં આવે છે. પપૈયા અને હળદરનું મિશ્રણ તમારી ત્વચા માટે ફાયદાકારક રહેશે.

# એક નહીં પણ 5 લાડુની રેસિપી એકસાથે

**શિયાળાની ઋતુમાં લોકો સ્વાસ્થ્ય અને આહાર પર ઘણુ ધ્યાન રાખતા હોય છે. શિયાળામાં શરીરને ગરમ રાખવા માટે ઘણી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાંથી સૌથી વધુ લોકપ્રિય છે તલ અને બાજરી જેવા અનાજમાંથી બનાવેલા લાડુ જે શરીર માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. શિયાળાની ઋતુ આવતાની સાથે જ દાદીમાના રસોડામાંથી વિવિધ પરંપરાગત વાનગીઓ બનવી એ પણ એક લહાવો છે. આ વાનગીઓમાં સૌથી ખાસ તેમના હાથે બનાવેલા લાડુ. આ લાડુ માત્ર સ્વાદમાં સ્વાદિષ્ટ નથી હોતા પણ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક હોય છે. બદલાતા હવામાનમાં શરીરને વધુ પોષણ અને હૂંફની જરૂર હોય છે. આ લાડુ આપણી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદરુપ થશે. લાડુમાં વપરાતી ચીજવસ્તુઓ જેવી કે અળસી, ખજૂર, તલ, બાજરી અને ગુંદ શરીરને ઠંડીથી બચાવવા અને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે. દાદીમા દ્વારા બનાવેલા 5 ખાસ લાડુ અને તેના ફાયદા વિશે જાણીએ.**



## અળસીના લાડુ

અળસીના બીજમાં ઓમેગા-3 ફેટી એસિડ અને ફાઈબર ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે હૃદય અને પાચનતંત્ર માટે ખૂબ જ ફાયદાકારક ગણાય છે. શિયાળામાં શરીરને ગરમ રાખે છે. અળસીના બીજને હળવા હાથે શેકી લો અને તેને પીસી લો. તેમાં ગોળ, દેશી ઘી અને સૂકા મેવા મિક્સ કરીને લાડુ બનાવો.



## ખજૂરના લાડુ

ખજૂરના લાડુ માત્ર સ્વાદિષ્ઠ જ નથી પરંતુ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. ખજૂરમાં આયર્ન અને કુદરતી સુગર ભરપૂર માત્રામાં હોય છે, તે શિયાળામાં લોહીની ઉણપને પૂર્ણ કરવામાં અને શરીરને મજબૂત કરે છે. આ લાડુ બનાવવા ખૂબ જ સરળ છે. ખજૂરને નાના ટુકડામાં કાપી લો. પછી તેમાં કાજુ, બદામ, અખરોટ અને ઘી ઉમેરો. તેને ગરમ કરો અને નાના લાડુ બનાવો.



## તલના લાડુ

તલના લાડુ શિયાળામાં સૌથી આરોગ્યપ્રદ અને સૌથી લોકપ્રિય લાડુ છે. તલમાં કેલ્શિયમ અને આયર્ન ભરપૂર માત્રામાં હોય છે, જે હાડકાં અને સાંધાઓને મજબૂત કરે છે. આ લાડુ બનાવવા માટે, તલને હળવા હાથે શેકી લો અને પીસી લો. તેમાં ગોળ અને ઘી મિક્સ કરીને લાડુ બનાવો.



## બાજરીના લાડુ

ઠંડીની સિઝનમાં અલગ અલગ વસ્તુઓ ખાવાનું મન થતુ હોય છે. બાજરી ફાઈબર અને પ્રોટીનનો સારો સ્ત્રોત છે. તે પાચનમાં સુધારો કરે છે બાજરીના લાડુ બનાવવા માટે બાજરીના લોટને ઘીમાં શેકો. તેમાં ગોળ અને સૂકા મેવા મિક્સ કરીને લાડુ બનાવો.



## ગુંદના લાડુ

ગુંદના લાડુ સાંધાના દુખાવા અને નબળાઈને દૂર કરવામાં મદદ કરે છે. ડિલિવરી પછી ઘણી સ્ત્રીઓ આ લાડુ ખાતી હોય છે. ગુંદના લાડુ બનાવવા માટે, તમારે ફક્ત ગુંદને ઘીમાં શેકીને પીસવાનો છે. તેમાં ઘઉંનો લોટ, ગોળ અને સૂકા મેવા મિક્સ કરીને લાડુ બનાવો. શિયાળામાં તે શરીરને ગરમ રાખશે. અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરુપ થશે.

# રાત્રિભોજન પછી કરો આ 5 કામ, વજન થશે નિયંત્રિત

આજના રોંજીદા જીવનમાં લોકો વધતા વજનને લઈને ઘણા ચિંતિત હોય છે. કેટલીક સરળ અને અસરકારક રીતો અપનાવે તો વજનને નિયંત્રિત કરી શકાય છે. માત્ર પેટની વધારાની ચરબી જ ઓછી કરવી શક્ય નથી. પરંતુ શરીરનો આકાર પણ સુધારી શકાય છે. તો જાણીએ રાત્રિભોજન પછી તમારે કયું કામ કરવાનું છે.. જો વાત કરીએ તો રાત્રિભોજન પછી તમારે થોડું ચાલવું જોઈએ. 10 થી 15 મિનિટ ચાલવાથી પાચનક્રિયામાં સુધારો આવે છે. રાત્રિભોજન કર્યા પછી, 30 મિનિટ પછી તમારે 1 થી 2 ગ્લાસ પાણી પીવું જોઈએ. જે તમારા સ્વાસ્થય માટે સારું રહેશે. આનાથી તમારું વજન ધીમે ધીમે ઘટશે અને શરીરને સંપૂર્ણ આકાર મળે છે. ઝડપી ચાલવાથી તમારા ચયાપચયને ઉત્તેજીત કરી શકાય છે અને રક્ત પરિભ્રમણમાં સુધારો થઈ શકે છે.

**તણાવ પણ ઓછો થઈ શકે છે |** રાત્રિભોજન પછી, ઊંડો શ્વાસ લો. આનાથી તમારો તણાવ પણ ઓછો થઈ શકે છે અને તમને શાંતિનો અનુભવ થાય છે. આ પ્રવૃત્તિ તમારું વજન ઘટાડવામાં પણ મદદરૂપ થઈ શકે છે.

**તરત જ સૂવાનું ટાળો |** રાત્રિભોજન તરત જ સૂવાનુ ટાળવું જોઈએ. જે પાચન ધીમું પાડે છે અને એસિડ રિફ્લક્સનું જોખમ પણ વધી શકે છે, જે બંને વજન ઘટાડવામાં અવરોધ લાવી શકે છે. આ સમસ્યાઓથી બચવા માટે, રાત્રિભોજન પછી ઓછામાં ઓછા બે થી ત્રણ કલાક પછી જ સુવુ જોઈએ.

**સ્ટ્રેચિંગ અથવા યોગ |** રાત્રિભોજન પછી હળવું સ્ટ્રેચિંગ કરવાથી શરીરને આરામ મળે છે જે વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. સ્ટ્રેચિંગ અથવા યોગ જેવી પ્રવૃત્તિઓ પાચનમાં સુધારો કરે છે, પેટનું ફૂલવું ઘટાડે છે અને સારી ઊંઘ પણ આવે છે.

**હર્બલ ચા પીવો |** રાત્રિભોજન પછી એક કપ ગરમ હર્બલ ચા પીવાથી પાચનક્રિયામાં સુધારો આવે છે. કેમોમાઈલ અથવા આદુ જેવી ચા પાચનતંત્રને માટે સારી માનવામાં આવે છે આરામ અને ઊંઘ માટે ફાયદાકારક માની શકાય છે.

**ઇલેક્ટ્રિક વસ્તઓનો વધુ પડતો ઉપયોગ ન કરો |** આખા દિવસના થાક પછી ફોન કે કોમ્પ્યુટરનો વધુ પડતો ઉપયોગ ન કરો. તે ફક્ત તમારી આંખો અને ત્વચાને જ નુકસાન પહોંચાડતું નથી, પરંતુ લાંબા સમય સુધી એક જગ્યાએ બેસીને સ્ક્રીન તરફ જોવાથી પણ તમારા શરીરને હાનિ પહોંચે છે. તેથી, રાત્રિભોજન પછી સ્ક્રીનોથી દૂર રહો.

# સગાઈ હિન્દુ ધર્મમાં તહેવાર તરીકે ઉજવવામાં આવે છે

મંડપ મુહૂર્તના પ્રસંગમા વિષ્ણુભાઈ ના દૂરના કાકા ના દીકરા વહુ જીલ સાથે મંડપ મુહૂર્ત ની પૂજા વિધિ માટે બેઠા હતા. ચંપા બા અને પુષ્પા બા એ મોટા આવજે લગ્ન ગીતો ના રાગડા દૂર દૂર સુધી સંભળાતા હતા.

લાખો એકરમાં ફેલાયેલ વિષ્ણુભાઈ ના બંગલા ના મેદાન પર વિશાળ સુંદર સાજ શણગાર થી સજ્જ મંડપ માં કાકાના દીકરા વહુ ધીરેન અને રાધિકા સાથે જીલ ને મંડપ મુહૂર્ત ની પૂજા વિધિ માં વ્યસ્ત નિહાળતા જ વિષ્ણુ ભાઈ ની આંખો ના ખૂણા ભીના થઈ ગયા મનોમન બોલ્યા કે મારી લાડલી બેત્રણ દિવસ બાદ વિદાઈ થઈ જશે, શું કરું? મારા હાથ સમાજ ના નીતીનીયમ એ બાંધી દીધા છે. મારું ચાલત તો નીતિન ને ઘર જમાઈ બનાવી ને રાખત.ઓહ!! વિધાતા, તે દીકરીઓના નસીબ કેમ આવા ચિત્ર વિચિત્ર બનાવ્યા છે તે? સંપૂર્ણ બાળપણ પિતા ના ઘરે વિતાવ્યા બાદ યુવાન થતાંજ અજાણ્યા પરિવાર નો હિસ્સો બનાવી દે છે. વિષ્ણુ ભાઈ ની આંખો માંથી દર્દ ના માર્યા દડ દડ આંસુ નિહાળતા જ એની બાજુ માં બેઠેલ કલકતા થી આવેલ ધીરુમામા એ ભાણેજ ના માંથા પર હળવે હળવે હાથ ફેરવતા ધીમેથી કહ્યું કે બેટા, આમ અત્યારથી જ ઢીલો થઈ જઈશ તો કેમ ચાલશે? જીલ ભૂલ થી પણ તારી આંખ માં આંસુઓ જોઈ જશે તો દુઃખી થઈ જશે. બાપ દીકરી નુ અતૂટ બંધન જીલ ના લગ્ન બાદ પણ અવિરત ચાલ્યા જ કરવાનું છે.જો બેટા, દીકરીઓ ને વિધાતા એ એવી તાકાત આપી હોય છે કે એ એની સુઝબુઝ અને વ્યવહાર થી બન્ને પક્ષ



સગાઈ

**- રુપાલી દવે**

પિયર પક્ષ અને સાસરી પક્ષ ને ઉજળા કરે છે. આપણી જીલ ના ધાર્મિક આચાર વિચાર અને રહન સહન સંસ્કાર એટલા ઉતમ છે ને કે માં નહતી તોય દીકરી એ લાંછન લાગે એવું કાર્ય કર્યું નથી.જીલ ના ઉછેર માં એના વૈષ્ણવી સંસ્કાર ધરવતા નાના નાની નો ખુબ અગત્ય નો ફાળો છે.અમે લોકો પ્રથમ સગા ગણાય પણ સંજોગો જ બધું નક્કી કરતા હોય છે.

વિષ્ણુભાઈ એ મામા ના ખંભા પર માથું મૂકતાં પૂછ્યું કે મામા જી, દીકરી જ શું કામ સાસરે જાય? દીકરો સાસરે કેમ ના જાય? ત્યારે મામા જી એ ભાણેજ ના હૃદય ની પીડા ઓછી થાય એટલે સમજાવ્યું કે બેટા, સત્ય હકીકત તો એ છે કે માબાપ દીકરો શું કામ ઈચ્છે છે? શું એ દીકરી ના જન્મ વખતે દુઃખી હોય છે? દીકરા ના જન્મ સમયની જેમજ માબાપ દીકરી ના જન્મ સમયે ખૂબ ખુશ હોય છે. પરંતુ માબાપ ને દીકરી યુવાન થતાંજ સાસરે વળાવી દેવી પડશે તો, અજાણ્યા પરિવાર મા દીકરી દુઃખી થશે તો.સાસરે પરિવાર ના લોકો દીકરી ને પ્રતિકૂળ મળશે તો વગેરે વગેરે વિચારો દુઃખી કરતા હોય છે.આ નિયમ સમાજ નો બનાવેલ છે એટલે નિયમ માં ફેરફાર થઈ શકતો નથી.સમાજ એ બનાવેલ આ નિયમ તંદુરસ્ત સમાજ વ્યવસ્થા માટે ખૂબ જ અગત્યનો અને અનુકૂળ છે. લગન એ એવી સંસ્થા અનુસાર દીકરી સાસરે ગયા બાદ એના પતિ ને અનુકૂળ બની તન, મન અને દિલ થી એની બની ને લાઈફ ટાઈમ પતિના સુખ દુઃખ માં વિતાવે છે. પતિ પત્ની બન્યા બાદ પત્નીના લીધે પતિ જીવન માં આવતી નાની મોટી સમસ્યા લાંબા સમય સુધી ટકતી નથી.એનું મુખ્ય કારણ એ છે કે સ્ત્રી એ સાક્ષાત જગદંબા સ્વરૂપ માનવામાં આવે છે એ ધારે એ બધું કરી શકે.



ધીરુ મામા નું કેટલુંય સમજાવ્યા બાદ પણ વિષ્ણુ ભાઈ ના મન માંનું ઊંડું દર્દ બેત્રણ દિવસ માં જીલ સાસરે જતી રહેશે?એના ડેડી ને છોડી ને કાયમ સાસરે સેટ થઈ જશે,એ પછી ક્યારેક જ વારે તહેવારે મળવા આવશે વગેરે વગેરે વિચારી ને વધારે ને વધારે બેચેન બની ગયું હતું. એની આંખ માંથી અવિરત વ્હેતા આંસુઓ રોકવાનું નામ નહતા લેતા.આમ તો કોઈપણ સંજોગો મા પિતા રડતો નથી પરંતુ દીકરી ના લગન ના દિવસો માં પિતા નું હદય મનોમન સતત તિલ તિલ રડતું હોય છે.એક પિતા સમાજ ના નિયમો નું પાલન કરે તો દીકરી ને વિદાય કરી ને લાઈફ ટાઈમ ની ખોટ સહવી પડે છે.પરંતુ એ સમાજ ના બનાવેલ નિયમો નું ઉલ્લંઘન કરે તો દીકરી નું જીવન એકલતા ના નિર્જીવ પહાડો માં વિતે. દીકરી એના જીવન સાથી સાથે સુખરૂપ ઘર સંસાર વિતાવી ને ખુશ ખુશાલ રહે એ જ મહત્વનું છે.

વિષ્ણુભાઈ ના બેસ્ટ ફ્રેન્ડ પરાગ ભાઈ એ મંડપ ની સામે મુકેલ ચેર પરથી વિષ્ણુભાઈ ને ઊભા કરીને પોતાની સાથે બંગલા ની અંદર લઇ ગયા. પરાગ ભાઈ એ પાણી ની બોટલ વિષ્ણુભાઇ ને આપતા કીધું કે દોસ્ત, પાણી પી ને મન કઠણ કરો, બેત્રણ દિવસ સુધી રડતા રહેશો તો તબિયત બગડી જશે.ભાભી થી આજ સુધી જે રોગ અંધારા માં રાખ્યો એ કૂદકા મારીને જાહેર થઈ જશે. સૂરીલી ભાભી ના સ્વભાવ મુજબ તમારા તેલ ઘી બંધ થઈ જશે તો મીઠાઈ ફરસાણના શોખ નું શું થશે? આપણા બન્નેનો ફેવરિટ સુરતી લોચો રવિવાર આપણા બન્નેની રાહ જોઈને થાકી જશે. શેનું રડવું આવે છે? એ બતાવો જીલ સાસરે જાય છે એટલે કે જીલ પરથી એના ડેડી નું ભૂત ઉતરશે ને, જીલ પર જમાઈ નામનું ભૂત કાયમી હક જમાવ્યા કરશે.

વિષ્ણુભાઈ ને પરાગ ભાઈ ની વાતમાં ખડખડાટ હસવું આવતા બોલ્યા કે યાર પરાગ, આવી ચિંતા થવી ખોટી તો નથી આ વાત તો મગજ માં અત્યાર સુધી આવી જ નહતી. જમ અને જમાઈ આમજ થોડા સરખા કીધા છે પણ કંઈ કરી શકતો નથી ને એટલે દુઃખી છું.


બેઠક ખંડ મા સૂરીલી એ પ્રવેસ્તા જ મીઠા મધુરા અવાજ માં કીધું કે શું નથી કરી શકતા? લાગે છે કે મારી ફરિયાદ પરાગ ભાઈ ને કરો છો. કેટલા કામ કરવાના બાકી છે એતો તમને યાદ છે ને, તમારા પોકેટ માં લીસ્ટ મૂક્યું છે કાઢી ને તપાસો જલદી. માન્યું કે તમે ઈવેન્ટ મેનેજમેન્ટ વાળાને લગ્ન ના કારભાર શોંપી દીધો છે પરંતુ જીલ ની વિદાઈ માં માટલું ભરવા માટેની ચીજ વસ્તુઓ સમય સર જોઈશે.

વિષ્ણુભાઈ ની બાજુ માં બેઠેલી સૂરીલી એ ઊભા થતા મીઠો છણકો કરતા કહ્યું કે પરાગ ભાઈ સમજવો તમારા ભાઈબંધને જ્યારે પણ એના તરફ નજર કરો ત્યારે આંખો માંથી વરસાદ વરસાવ્યા કરે છે, દીકરી ના બાપે દિલ પર પથ્થર રાખવા પડતાં હોય છે. પ્રસંગ બે દિવસ વીત્યા છતાંય એકવાર પણ મારા તરફ નજર કરીને મારા વખાણ નથી કર્યા. અરે!! તમારા ભાઈબંધ ને તો એ પણ ધ્યાન બહાર નીકળી ગયું છે કે કાલ અમારો લગ્ન દિવસ હતો. તમારા ભાઈબંધ ને યાદ કરાવવા કાલ મે એણે અમારા લગ્ન બાદ મને ગિફ્ટ માં આપેલ રેડ સાડી અને હીરા નો હાર પહેર્યા હતા. વિષ્ણુ ભાઈ એ પત્ની તરફ જોતા કહ્યું કે સોરી સૂરીલી, અત્યારે મારા મગજ પર જીલ ને લઈને એટલું ટેન્શન છે ને એટલે. તમને બન્ને નહિ સમજાય મારી દીકરીને સાસરે વળાવવા ની ઘટના મને સતત દુઃખી બેચેન કરી રહી છે. મારું મન આમ કરવા માટે માનતું નથી બસ આ વાતની કસમકસ સતત મનમાં વધી રહી છે, લગ્ન બાદ જીલ ને સાસરે મોકલું કે નીતિન ને મનાવી ને એના સાસરે રાખી લઉં..

સૂરીલી અને પરાગ ભાઈ વિષ્ણુ ભાઈના મનની કશ્મકશ સાંભળી ને આશ્ચર્ય માં બોલ્યા 'વોટ' સૂરીલી એ પતિ નો હાથ પોતાના હાથ માં લેતા સમજાવ્યું કે પ્લીઝ ભૂલ થી પણ ભૂલમાં આવું એકપણ સ્ટેપ ના ભરતા, ઓકે.દીકરી તો સાસરે જ શોભે, જીલ ના લગ્ન બાદ એના અંગત જીવનમાં ચંચુપાત આપણા થી ના થાય.માન્યું કે જીલ ને લગ્ન બાદ સાસરે વળાવી દેવી પડશે પણ જીલનું સાસરું પિયર થી માત્ર અડધી કલાક જ દૂર છે. દીકરી પરણી ને વિદેશ જતી હોય તો સમજ્યા પણ એનું સાસરું પિયર થી બે ડગલાં દૂર તો છે. એના કરતાં પણ વિશેષ એ કે જીલ ના સાસરિયાં એટલા બધા પ્રેમાળ છે ને કે એને વહુ કરતા પણ વિશેષ દીકરી જેમ સાચવે છે. સૂરીલી એ મોટી આંખો વિષ્ણુ ભાઈ તરફ કરતા કહ્યું કે જો તમે તમારા મનફાવે એમ કંઈ કર્યું ને તો જીલ ના લગન બાદ બેગ પેક કરીને પિયર ચોરવાડ કાયમી જતી રહીશ..

# હિના ખાને કહ્યું- હવે હું કામ માટે તૈયાર છું...

## 'તે સમયે હેલ્થ પ્રાથમિકતા હતી, કારકિર્દી પર ધ્યાન ન હતું;' ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે એક્ટ્રેસ



(એજન્સી) મુંબઇ | તા.11

ટીવી એક્ટ્રેસ હિના ખાન આ દિવસોમાં બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાના કરિયર વિશે વાત કરી હતી. હિનાએ કહ્યું કે તે ટૂંક સમયમાં ટીવી શો 'ગૃહ લક્ષ્મી'માં જોવા મળશે. આ સાથે હિનાએ એમ પણ કહ્યું કે જો તમે તમારા કામમાંથી બ્રેક લો છો તો લોકો તમને ભૂલી શકે છે. આ પછી તમારે ઘણા પડકારોનો સામનો કરવો પડશે.

ઈન્ડિયા ટુડે ડિજિટલ સાથે વાત કરતા હિના ખાને કહ્યું, 'મારી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો, મારે બ્રેક લેવો પડ્યો. પરંતુ હું માનું છું કે જ્યારે તમે સ્ક્રીન પર નથી હોતા ત્યારે લોકો તમને ભૂલી જાય છે. ઉદ્યોગનું આ કડવું સત્ય છે.

હિનાએ કહ્યું, 'મને લાગે છે કે કોઈ વ્યક્તિ માટે સૌથી મહત્વની વસ્તુ તેનું સ્વાસ્થ્ય છે. એવું ન હતું કે હું લગ્નમાં હાજરી આપી રહી હતી અથવા બીજા દેશમાં રજાઓ મનાવી રહી હતી. તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતું, તેથી મને તે સમયે મારી કારકિર્દીની ચિંતા નહોતી.

હિનાએ કહ્યું, 'મેં મારી સારવારની જર્ની લોકો સાથે શેર કરી. આ પાછળનો હેતુ એ નહોતો કે હું લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માગતી હતી. હું ઈચ્છતી હતી કે મારી આ જર્ની સામાન્ય લાગે, તેથી મેં નક્કી કર્યું કે હું બહાર રહીશ.

હિનાના કહેવા પ્રમાણે, જ્યારે તેને તેની બીમારી વિશે ખબર પડી ત્યારે તેની પાસે ઘણા પ્રોજેક્ટ્સ હતા જેને તેણે છોડવા પડ્યા હતા. પરંતુ હવે તે કામ પર પાછી ફરવા માટે તૈયાર છે અને તેને સારું કામ, સારા પાત્રો અને પ્રોજેક્ટ્સ મળવાની આશા છે.

હિના ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સરથી પીડિત છે હિનાએ 28 જૂન, 2024ના રોજ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, તેને સ્ટેજ 3 બ્રેસ્ટ કેન્સર છે. હિનાએ પોસ્ટમાં લખ્યું હતું કે, 'હાલમાં ઊડી રહેલી અફવાઓ વચ્ચે, હું તમને કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી આપવા માગુ છું. હું બ્રેસ્ટ કેન્સરના ત્રીજા તબક્કામાં છું. હું ઠીક છું! હું મજબૂત છું અને હું મક્કમ છું. હું આ રોગ પર કાબુ મેળવવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છું. મારી સારવાર શરૂ થઈ ગઈ છે અને હું આને વધુ મજબૂત બનાવવા માટે દરેક શક્ય પ્રયાસ કરવા તૈયાર છું.'

# અજય ભાણેજ માટે હોરર કોમેડી ફિલ્મ બનાવશે



મુંબઇ : અજય દેવગણના ભાણેજ અમન દેવગણની ડેબ્યૂ ફિલ્મ 'આઝાદ' રજૂ થાય તે પહેલાં જ અજય દેવગણે તેને લઈને વધુ એક ફિલ્મ બનાવવાની જાહેરાત કરી દીધી છે. આમ સ્ટાર કિડ હોવાના કારણે અમન દેવગણને પોતાની જાતને પુરવાર કર્યા વિના જ મામાની ફિલ્મ મળી ગઈ છે.

અજય પોતાના ભાણેજને બોલીવૂડમાં સેટ કરી દેવા તત્પર છે. ભાણેજને પોતાના સ્ટારડમનો લાભ મળે એટલે 'આઝાદ'માં તે પોતે ભૂમિકા ભજવી રહ્યો છે. હવે 'ઝલક' માટે પણ તેણે પાછલાં વર્ષમાં સૌથી હિટ નીવડેલાં કોમેડી હોરરનાં જોનરને પસંદ કર્યું છે.

આ માટે તેણે 'મૂન્જ્યા'ના લેખક તુપષાર અજગાંવકરને આ ફિલ્મ લખવાની જવાબદારી આપી છે. ગુજરાતી ફિલ્મ 'ઝમકૂડી'ના દિગ્દર્શક ઉમંગ વ્યાસ'ને દિગ્દર્શનની જવાબદારી સોંપાઈ છે.

# ટીવી-બોલીવૂડ એક્ટર ટીકુ તલસાણિયાને હાર્ટ-એટેક આવ્યો

## ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયા, 'દેવદાસ' અને 'ઇશ્ક' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળ્યા છે...



(એજન્સી) મુંબઇ | તા.11

પ્રખ્યાત ટીવી અને બોલિવૂડ એક્ટર ટીકુ તલસાણિયા અચાનક બીમાર પડી ગયા છે. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેતાની તબિયત સારી ન હતી, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના હોસ્પિટલમાં દાખલ થવાનું મુખ્ય કારણ હાર્ટ-એટેક હોવાનું કહેવાય છે, જોકે ડોક્ટરો હજુ પણ તેમની તબિયત બગડવાનું કારણ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ટીકુ તલસાણિયા વિશેના આ સમાચાર ખૂબ જ દુ:ખદ છે. તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક સિનિયર એક્ટર છે. આવી સ્થિતિમાં ટેલીવૂડ અને બોલીવૂડ જગત અને ચાહકો એવી આશા રાખી રહ્યા છે કે અભિનેતા જલદી સ્વસ્થ થઈ જાય. મીડિયાએ આ અંગે ટીકુ તલસાનિયાના પરિવારનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પરિવાર તરફથી હજુ સુધી આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી.

અભિનેતા ટીકુ તલસાણિયાનો જન્મ 1954માં થયો હતો. તેમણે 1984માં લોકપ્રિય શો 'યે જો હૈ જિંદગી'થી અભિનયક્ષેત્રે પ્રવેશ કર્યો હતો. 1986માં તેમણે 'પ્યાર કે દો પલ' ફિલ્મથી બોલિવૂડમાં પ્રવેશ કર્યો. ટીકુ તલસાણિયા, જેમણે વિવિધ પાત્રો ભજવ્યા છે, તેઓ તેમની કોમેડી ભૂમિકાઓ માટે જાણીતા છે. તેમની કોમિક સ્ટાઇલ અને ટાઇમિંગ બંને અદ્ભુત રહ્યાં છે. તેમની ડાયલોગ ડિલિવરી દર્શકોને હસાવવા માટે પૂરતી છે.

ચાર દાયકા લાંબી કારકિર્દીમાં ટીકુ તલસાણિયાએ 'એક સે બઢકર એક', 'હુકુમ મેરે આકા', 'ગોલમાલ હૈ ભાઈ સબ ગોલમાલ હૈ', 'પ્રીતમ પ્યારે ઔર વો' અને 'સજન રે જૂઠ મત બોલો' જેવા કેટલાક શાનદાર ટીવી શો આપ્યા છે. ફિલ્મોની વાત કરીએ તો તેમણે 'દિલ હૈ કિ માનતા નહીં', 'બોલ રાધા બોલ', 'અંદાઝ અપના અપના', 'ઈશ્ક', 'દેવદાસ', 'પાર્ટનર', 'ધમાલ' અને 'સ્પેશિયલ 26' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. 70 વર્ષની ઉંમરે પણ ટીકુ તલસાનિયા ફિલ્મ ઉદ્યોગમાં સક્રિય છે. તેઓ છેલ્લે 2024માં રિલીઝ થયેલી રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી અભિનિત ફિલ્મ 'વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયો'માં જોવા મળ્યા હતા. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેઓ રણવીર સિંહની 'સર્કસ' અને 'હંગામા 2' માં પણ જોવા મળ્યા છે.

નોંધનીય છે કે તેમની પુત્રી શિખા તલસાનિયા પણ એક અભિનેત્રી છે. તે 'વીરે દી વેડિંગ', 'કૂલી નંબર 1' અને 'આઈ હેટ લવ સ્ટોરીઝ' જેવી ફિલ્મોમાં જોવા મળી છે. ટીકુ તલસાણિયાનો પુત્ર, રોહન તલસાણિયા સંગીતકાર છે. થોડા સમય પહેલાં બેરોજગાર હોવાની વાત કહી હતી પોતાના અભિનયથી બધાને હસાવનાર આ એક્ટરે થોડા સમય પહેલાં ખુલાસો કર્યો હતો કે તેઓ આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે તેમની પાસે લગભગ 5 વર્ષથી કોઈ કામ નથી. તેમણે એક ઈન્ટરવ્યૂમાં આ વાતનો ખુલાસો કર્યો હતો.

આ રીતે તેઓ મેનેજ કરી રહ્યા હતા તેમણે જણાવ્યું હતું કે છેલ્લાં પાંચ વર્ષથી તેઓ થિયેટર કરીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે 'હું ઘણા સમયથી નિર્માતાઓ પાસેથી કામ માગી રહ્યો છું, પરંતુ અત્યારસુધી કોઈએ કોઈ ઓફર આપી નથી કે કોઈએ સંપર્ક કર્યો નથી. મારી ક્ષમતાઓ પર શંકા ના કરો. હું કામ કરવા માગું છું.'

ટીકુ ખલનાયક બનવા માગતા હતા ટીકુએ કહ્યું હતું કે તેમણે ઘણી કોમેડી ભૂમિકાઓ કરી છે, પરંતુ હવે તેઓ ખલનાયકની ભૂમિકા ભજવવા માગે છે. 'હું ઈચ્છું છું કે જો નિર્માતાઓ મને કોઈ ભૂમિકા માટે સંપર્ક કરે છે, તો એ વિલનની હોવી જોઈએ. નિર્માતાઓ વિચારી રહ્યા હશે કે આ માસૂમ દેખાતા માણસને ખલનાયક બનાવીને તેઓ શું કરશે, પણ એવું નથી, હું નકારાત્મક પાત્રો પણ ખૂબ સારી રીતે ભજવી શકું છું.'

# 'કરણ ને કહો મારી સાથે કામ કરે'

## કંગનાએ સંભળાવ્યું, 'હું એને સારો રોલ આપીશ, પંચાતિયાનો નહીં'



(એજન્સી) મુંબઇ | તા.11

આ દિવસોમાં કંગના રનૌત ફિલ્મ 'ઈમરજન્સી'ને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન એક્ટ્રેસને પૂછવામાં આવ્યું કે શું તે કરણ જોહર સાથે કોઈ ફિલ્મમાં કામ કરશે. આના પર કંગનાએ કહ્યું- તેણે મારી સાથે કામ કરવું જોઈએ, હું તેને ફિલ્મમાં સારો રોલ આપીશ, ચુગલીખોરનો નહીં.

ફરી વાર કંગનાએ કરણ વિશે ટિપ્પણી કરી કંગના રનૌત તાજેતરમાં તેની ફિલ્મ 'ઈમરજન્સી'ના પ્રમોશન માટે સિંગિંગ રિયાલિટી શો 'ઈન્ડિયન આઈડોલ 15'માં ગઈ હતી. આ દરમિયાન સ્પર્ધક માનુષી ઘોષે કંગનાને એક પ્રશ્ન પૂછ્યો કે તેના અને કરણ વચ્ચે ચાલી રહેલા કોલ્ડ વોર પછી શું તે કરણના ધર્મા પ્રોડક્શન માટે કામ કરવા માંગશે?

આ સવાલના જવાબમાં કંગનાએ હસીને કહ્યું- 'મને કહેતા દુ:ખ થાય છે પણ કરણ સરને મારી સાથે એક ફિલ્મ કરવી જોઈએ. હું તેમને ખૂબ જ સારો રોલ આપીશ અને ખૂબ જ સારી ફિલ્મ બનાવીશ. એ ફિલ્મમાં સાસુ અને વહુ વચ્ચે કોઈ ગોસિપિંગ નહીં હોય. આ એક યોગ્ય ફિલ્મ હશે અને તેને યોગ્ય રોલ મળશે.'

આ પહેલા વર્ષ 2017માં કંગના કરણ જોહરના શો 'કોફી વિથ કરણ સિઝન 5'માં ગઈ હતી. તે સમયે અભિનેત્રી સાથે કો-સ્ટાર સૈફ અલી ખાન અને શાહિદ કપૂર પણ હાજર હતા. આ શોમાં કંગનાએ કરણ જોહરને ઘણું કહ્યું હતું. તેણે કહ્યું હતું કે કરણ ભત્રીજાવાદને પ્રોત્સાહન આપે છે.'

ખરેખર, કોફી વિથ કરણ શોમાં કરણે કંગનાને પૂછ્યું કે તે તેની બાયોપિકમાં કોને વિલન તરીકે જુએ છે. આના જવાબમાં કંગનાએ કરણને આડકતરી રીતે કહ્યું હતું કે તે હંમેશા નેપોટિઝમની વાત કરે છે, જેના કારણે તે ક્યારેક આઘાતમાં રહેતી હતી. આ સિવાય કંગનાએ ઘણી વખત કરણ વિશે આડકતરી ટિપ્પણી કરી છે.

### કરણને કંગના સાથે કામ કરવાનું પસંદ નથી

કરણે કહ્યું હતું કે તેણે કંગના સાથે કામ કર્યું નથી કારણ કે તેને એક્ટ્રેસ સાથે કામ કરવું પસંદ નથી. કંગના સાથે કામ ન કરવાનું કારણ એ નથી કે તે બહારની વ્યક્તિ છે.

કંગના રનૌતે ગયા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર હિમાચલની મંડી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી હતી. તેમણે કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્ય સિંહને હરાવ્યા હતા, જે હિમાચલના પૂર્વ સીએમ વીરભદ્ર સિંહના પુત્ર હતા. કંગનાની ફિલ્મ 'ઈમરજન્સી' 1975થી 1977ના 21 મહિનાના સમયગાળા પર આધારિત છે. જ્યારે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશમાં ખતરાને ટાંકીને સમગ્ર દેશમાં ઈમરજન્સી જાહેર કરી હતી. આ ફિલ્મમાં કંગના પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ 17 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# રશ્મિકા મંદાના ઘાયલ થતાં અનેક ફિલ્મોનાં શૂટિંગ અટકી પડયાં



મુંબઇ : રશ્મિકા મંદાનાને જિમમાં વર્ક આઉટ દરમિયાન ઈજા થતાં સલમાન ખાન સાથેની તેની ફિલ્મ 'સિકંદર' સહિત અન્ય કેટલીક ફિલ્મોનાં શૂટિંગ અટકી પડયાં છે.

રશ્મિકા ૧૦મીએ 'સિકંદર'ના સેટ પર હાજર થવાની હતી. પરંતુ, તબીબોએ તેને આરામની સલાહ આપતાં શૂટિંગ મુલત્વી રખાયું હતું. અભિનેત્રીની ટીમનાં સૂત્રોના જણાવ્યા અનુસાર ડોકટરે તેને પૂરો આરામ લેવાની સલાહ આપી છે.જોકે તે ઠીક થઇ રહી છે અને જલદી જ સેટ પર પાછી ફરશે.તે સારી થઇ જશે પછી અભિનેત્રી અને સલમાન ખાન ફરી લાસ્ટ શેડયૂલનું શૂટિંગ શરૂ કરશે. ફિલ્મની ટીમ શૂટિંગ સમયસર પુરુ કરવા ઈચ્છે છે.

રશ્મિકા ટૂંક સમયમાં આયુષમાન ખુરાના સાથેની હોરર ફિલ્મ 'થામા'નું પણ શૂટિંગ શરુ કરવાની હતી. પરંતુ, હવે 'સિકંદર'નું શૂટિંગ ઠેલાતાં તેના કારણે 'થામા'નું શૂટિંગ પણ ઠેલાઈ શકે છે.

# નીના ગુપ્તા અડધી રાત્રે બેઘર થઈ ગઈ હતી

## કહ્યું- પૈસા નહોતા, મને સમજાતું નહોતું કે બાળકને ક્યાં લઈ જઉં

(એજન્સી) મુંબઇ | તા.11

નીના ગુપ્તા બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાના અંગત જીવન વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે એકવાર તેણે પોતાનું ઘર બદલવું પડ્યું. આ દરમિયાન તે થોડા દિવસો માટે તેની માસીના ઘરે રહેવા ગઈ હતી. પરંતુ અચાનક એક રાત્રે તેની કાકીએ તેને ઘરની બહાર કાઢી મૂકી. યુટ્યુબ ચેનલ હાઉસિંગ ડોટ કોમ સાથેની વાતચીતમાં નીના ગુપ્તાએ કહ્યું, 'જ્યારે હું દિલ્હીથી મુંબઈ આવી ત્યારે હું ભાડા પર રહેતી હતી. પરંતુ પાછળથી મેં મારા માતા-પિતાની મદદથી એક એપાર્ટમેન્ટ લીધું. આ પછી, જેમ જેમ મારી આવક વધી, મેં મારું એપાર્ટમેન્ટ પણ બદલ્યું.



નીના ગુપ્તાના જણાવ્યા અનુસાર, એકવાર તે નવા એપાર્ટમેન્ટ (3-BHK ફ્લેટ)માં શિફ્ટ થઈ રહી હતી. તેણે પોતાનું જૂનું મકાન વેચીને એ જ પૈસાથી નવું મકાન લીધું હતું. જો કે, તેની પાસે હજી વધુ પૈસા નહોતા આથી નવા મકાનનો કબજો મળ્યો ન હતો, જેના કારણે તે થોડા દિવસો માટે તેના કાકા-કાકીના ઘરે રહેવા ગઈ હતી.

નીનાએ કહ્યું, 'મેં મારી માસીના ઘરે ઘણો સમય વિતાવ્યો. પરિસ્થિતિ એવી હતી કે હું મારા ઘરે જ સૂવા જતી. મસાબા ત્યારે નાની હતી અને મારી કાકી તેની સંભાળ રાખતી હતી. પણ પછી અચાનક એક રાત્રે મારી કાકીએ મને ઘરની બહાર કાઢી મૂકી. તે સમયે મારી પાસે ન તો પૈસા હતા કે ન તો રહેવાની જગ્યા. સાથે એક નાની દીકરી પણ હતી. હું સમજી શકતી ન હતી કે શું કરવું. જો કે, પછી મને ખબર નથી કે મારા કાકાએ તેમનો વિચાર કેવી રીતે બદલ્યો અને મને જુહુમાં ખાલી ફ્લેટમાં રહેવાની મંજૂરી આપી.'

નીનાએ કહ્યું, 'મને જે ઘરમાં મોકલવામાં આવી હતી તે ઘર 20 વર્ષથી બંધ હતું. ઘરમાં જાળાં હતાં અને વસ્તુઓને કાટ લાગી ગયો હતો. મેં મારી નાની દીકરી સાથે ત્યાં સફાઈ કરી, પરંતુ ટૂંક સમયમાં મને ત્યાંથી પણ જવાનું કહેવામાં આવ્યું. આ પછી હું તે બિલ્ડર પાસે ગઈ અને કહ્યું કે મને પૈસા પાછા મળી શકે?, કારણ કે મારી પાસે રહેવા માટે કોઈ ઘર નથી. તેણે મારા પૈસા કોઈપણ કપાત વિના પરત કર્યા. નોંધનીય છે કે, નીના ગુપ્તા 1980ના દાયકામાં વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર વિવિયન રિચર્ડ્સ સાથે રિલેશનશિપમાં હતી. 1989 માં, તેણીએ મસાબા ગુપ્તાને જન્મ આપ્યો, જેનો તેણીએ એકલા ઉછેર કર્યો. વિવિયન પહેલેથી જ પરિણીત હતો અને તેણે નીના માટે તેની પત્નીને છોડવાની ના પાડી દીધી હતી. 2008માં નીનાએ એક ખાનગી સમારંભમાં વિવેક મહેરા સાથે લગ્ન કર્યા.

# સામંથા રૂથપ્રભુને ચિકનગુનિયા થયો...

(એજન્સી) મુંબઇ | તા.11

સામંથા રૂથપ્રભુએ શુક્રવારે એક સ્ટોરી શેર કરીને પોતાને ચિકનગુનિયા હોવાની માહિતી ચાહકોમાં શેર કરી હતી. પોતાની ગંભીર બીમારી વિશે માહિતી આપવા માટે, અભિનેત્રીએ તેના વર્કઆઉટનો વીડિયો શેર કર્યો છે અને કહ્યું છે કે તે આ સ્થિતિમાં પણ હાર માની રહી નથી.

સામંથા રૂથપ્રભુએ તાજેતરમાં જ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો છે. વીડિયોમાં અભિનેત્રી જીમમાં ઈન્ટેન્સ વર્કઆઉટ કરતી જોવા મળે છે. આ સાથે અભિનેત્રીએ લખ્યું છે કે, ચિકનગુનિયાથી સાજા થવામાં કેટલી મજા આવે છે. સાંધાનો દુખાવો અને બીજું ઘણું બધું

નોંધનીય છે કે, સામંથા રૂથપ્રભુ પોતાની તબિયતના કારણે ઘણા સમયથી ચર્ચામાં છે. વર્ષ 2022માં સામંથાએ જણાવ્યું હતું કે તેને માયોસાઈટિસ નામની દુર્લભ બીમારી છે. આ એક પ્રકારનો ઓટો-ઈમ્યુન રોગ છે જેમાં શરીરની માંસપેશીઓ ધીરે ધીરે નબળી પડી જાય છે. આ સ્થિતિમાં ચાલવામાં અને ઊભા થવામાં તકલીફ પડે છે.

બીમારીના કારણે ફિલ્મોમાંથી બ્રેક લીધો હતો થોડા સમય પહેલા અભિનેત્રી એમેઝોન પ્રાઈમની સીરિઝ 'સિટાડેલ: હની બન્ની'માં જોવા મળી હતી. આ ફિલ્મની એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન, સામંથાએ જણાવ્યું હતું કે 'સિટાડેલ: હની બન્ની' સિરીઝના શૂટિંગ દરમિયાન તેને માયોસિટિસનું નિદાન થયું હતું. તબિયત ખરાબ હોવાને કારણે અભિનેત્રીએ શ્રેણી છોડવાનો નિર્ણય કર્યો અને કારકિર્દીમાંથી બ્રેક લીધો.

## ભણસાલીનો ઠપકો સાંભળીને ભારતીનો પતિ ડરી ગયો હતો...

# હર્ષે કહ્યું- આસિસ્ટન્ટ તરીકે કામ કરવા ગયો હતો, તેમનો ગુસ્સો જોઈને ભાગી ગયો

(એજન્સી) મુંબઇ | તા.11

કોમેડિયન ભારતી સિંહના પતિ અને લેખક હર્ષ લિમ્બાચીયાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં સંજય લીલા ભણસાલી વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે જ્યારે તે ભણસાલીના સેટ પર આસિસ્ટન્ટ તરીકે કામ કરવા ગયો હતો ત્યારે તેણે ભણસાલીને બીજા આસિસ્ટન્ટને ઠપકો આપતા સાંભળ્યા હતા. જેના કારણે તે ખૂબ જ ડરી ગયો હતો અને તરત જ સેટ છોડીને ભાગી ગયો હતો.

વાસ્તવમાં, ભારતી ટીવીની યુટ્યુબ ચેનલ પર, હર્ષ લિમ્બાચીયાએ કહ્યું, 'ઘણા વર્ષો પહેલા હું સંજય લીલા ભણસાલીને મળ્યો હતો. મેં તેમને એક રમૂજી કોમેડી સ્ક્રિપ્ટ સંભળાવી. મને ખબર નથી કેમ, પરંતુ તેમણે સાંભળીને ખૂબ હસીમજાક કરી. તેમણે મને કહ્યું કે 'હર્ષ, હું તેને પ્રોડ્યુસ કરી શકતો નથી, પરંતુ તે ખૂબ સારું છે. તમારે મારી પાસે આવવું જોઈએ અને મને મદદ કરવી જોઈએ, મને તમારામાં કંઈક વિશેષ દેખાય છે.'

હર્ષે કહ્યું કે, તે સમયે તે ઈન્ડસ્ટ્રીમાં નવો હતો અને ભણસાલી પાસેથી તેની પ્રશંસા સાંભળીને ઘણો ખુશ હતો. તેણે કહ્યું, 'હું ટીવી પર જે પણ કરતો હતો તે મેં છોડી દીધું. તે સમયે હું 'કોમેડી સર્કસ' કરતો હતો અને પછી 'ગોલિયોં કી રાસલીલા રામ-લીલા'ના સેટ પર પહોંચ્યો હતો.

હર્ષે કહ્યું, 'મેં પહેલીવાર ભણસાલીનો સેટ જોયા હતા. તેમના 12-13 આસિસ્ટન્ટ હતા. પરંતુ આ દરમિયાન મેં તેમને સેટ પર એક આસિસ્ટન્ટને



ઠપકો આપતા જોયા, જેનાથી હું ઘણો ડરી ગયો. મેં જોયું કે તે કોઈની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા હતો અને હું તરત જ ત્યાંથી ભાગી ગયો. આ પછી મને તે વ્યક્તિનો ફોન આવ્યો જેણે મને ભણસાલી પાસે મોકલ્યો હતો. કારણ કે હું સેટ છોડીને ભાગી ગયો હતો, હવે તેઓએ તે વ્યક્તિને ઠપકો આપ્યો હતો.'

હર્ષ-ભારતીના લગ્ન 2017માં થયા હતા ભારતીએ 2017માં લેખક હર્ષ લિમ્બાચીયા સાથે લગ્ન કર્યા હતા. તે હર્ષ કરતા 7 વર્ષ મોટી છે. લગભગ 7 વર્ષ સુધી ડેટ કર્યા બાદ બંનેએ એકબીજાને પાર્ટનર તરીકે પસંદ કર્યા હતા. હર્ષે 'પીએમ નરેન્દ્ર મોદી બાયોપિક'ના ડાયલોગ્સ લખ્યા હતા. આ સિવાય તેણે ફિલ્મ 'મલંગ'નું ટાઈટલ ટ્રેક પણ લખ્યું હતું.



# રિંકુના છગ્ગાથી તૂટેલો કાચ હજુ બદલાયો નથી

(એજન્સી) કેપટાઉન તા 11

સેન્ટ જ્યોર્જ સ્ટેડિયમના કાચ, જે ભારતીય બેટર રિંકુ સિંહે ફટકારેલા સિક્સરથી તૂટી ગયા હતા, તે હજુ બદલવામાં આવ્યા નથી. ડિસેમ્બર 2023માં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની T20માં રિંકુએ એડન માર્કરમના બોલ પર સિક્સર ફટકારી હતી. તસવીર ડિસેમ્બર 2023ની છે. રિંકુએ પ્રેસ બોક્સમાં તરફ સિક્સર ફટકારી. જેના કારણે કાચમાં તિરાડ પડી હતી. તસવીર ડિસેમ્બર 2023ની છે. રિંકુએ પ્રેસ બોક્સમાં તરફ સિક્સર ફટકારી. જેના કારણે કાચમાં તિરાડ પડી હતી. બ્રેવિસે પણ એ જ જગ્યાએ સિક્સ ફટકારી SA-20ની ત્રીજી સિઝનની પ્રથમ મેચમાં, MI કેપટાઉનના બેટર ડેવાલ્ડ બ્રેવિસનો છગ્ગો પણ લગભગ આ જ જગ્યાએ માર્યો હતો. સ્ટેડિયમની જાળવણીનું કામ સંભાળતા ટેરેન્સે કહ્યું કે તૂટેલા કાચ સુરક્ષા માટે ખતરો નથી, તેથી તેને તાત્કાલિક બદલવાની જરૂર નથી. જોકે, સ્ટેડિયમમાં બજેટની સમસ્યા પણ છે. તેમણે વધુમાં કહ્યું કે, ઑગસ્ટમાં આવેલા તોફાનના કારણે એક સ્ટેન્ડની આખી છત ઉડી ગઈ હતી. જેના પર અમારે અંદાજે 18 લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો હતો. સ્ટેડિયમની છત અને અન્ય જરૂરી સમારકામને પ્રાથમિકતા આપવામાં આવી છે. કાચ બદલવા માટે ક્રેન અને ભારે મશીનરીની જરૂર પડશે, જે મેચ દરમિયાન શક્ય નથી. આ તસવીર 9 જાન્યુઆરી (ગુરુવાર)ની છે. રિંકુના છક્કાથી તૂટેલા કાચ હજુ રીપેર થયા નથી. કેબ્રાના સ્ટેડિયમ અને તેના કર્મચારીઓએ કાચ બદલવામાં ન આવવાને કારણે બજેટની સમસ્યાનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ તેઓ ઈચ્છે છે કે રિંકુ પાછો આવે અને તૂટેલા કાચનો ઓટોગ્રાફ આપે. જેથી તે ઈનિંગ્સની યાદમાં તેને સ્ટેડિયમમાં રાખી શકાય. રિંકુએ પ્રથમ ફિફ્ટી ફટકારી હતી ઉત્તર પ્રદેશના રિંકુએ પણ સાઉથ આફ્રિકા સામે તેની T20I કારકિર્દીની પ્રથમ અડધી સદી ફટકારી હતી. સેન્ટ જ્યોર્જ પાર્ક, કેબારા ખાતેની પ્રથમ T20Iમાં રિંકુએ 39 બોલમાં 9 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી અણનમ 68 રન બનાવ્યા હતા. તેના રન 174.35ના સ્ટ્રાઈક રેટથી આવ્યા અને ભારતે 180/7નો સ્કોર બનાવ્યો. 2023માં તે મેચ બાદ રિંકુએ કાચ તોડવા બદલ ગ્રાઉન્ડ સ્ટાફની માફી માગી હતી. તેણે ભારત માટે 30 T20Iમાં 46.09 ની એવરેજ, 165.14 ની સ્ટ્રાઈક રેટ અને 69* ના શ્રેષ્ઠ સ્કોરથી 507 રન બનાવ્યા છે. રિંકુએ 2 ODI મેચ પણ રમી છે.

# ભારતીય મહિલા ટીમે આયર્લેન્ડને 6 વિકેટે હરાવ્યું :34.3 ઓવરમાં ટાર્ગેટ ચેઝ કર્યો

(એજન્સી) રાજકોટ તા 11



કેપ્ટન હરમનપ્રીત સિંહ અને સ્ટાર ફાસ્ટ બોલર રેણુકા સિંહ વિના પણ, ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આયર્લેન્ડ સામેની વન-ડે શ્રેણીની શરૂઆત જીત સાથે કરી છે. રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં આજે ભારતીય વુમન્સ અને આયર્લેન્ડ વુમન્સ વચ્ચે 3 મેચની સિરીઝની પહેલી મેચ રમાઈ હતી. જેમાં ટીમ ઈન્ડિયાએ આયર્લેન્ડને 6 વિકેટે હરાવ્યું છે. આયર્લેન્ડે આપેલા 239 રનના ટાર્ગેટને ભારતીય વુમન્સ ટીમે 4 વિકેટ ગુમાવીને સરળતાથી ચેઝ કરી લીધો હતો. આ જીત સાથે જ ટીમ ઈન્ડિયા ત્રણ મેચની સિરીઝમાં 1-0થી આગળ છે. અગાઉ આયર્લેન્ડે ટૉસ જીતીને પહેલા બેટિંગ કરી હતી. કેપ્ટન ગેબી લેવિસના 92 રન અને લીહ પોલના 59 રનની મદદથી ટીમે 50 ઓવરમાં 7 વિકેટે 238 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતની વુમન્સ ટીમ તરફથી ઓપનર પ્રતિકા રાવલે શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું. તેણે 89 રનની મેચ વિનિંગ ઈનિંગ રમી હતી. જ્યારે તજલ હસબનીસે 53 રનની અણનમ ઈનિંગ રમીને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભારતીય ટીમે માત્ર 34.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 239 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. પ્રતિકા રાવલને તેની ઈનિંગ માટે પ્લેયર ઑફ ધ મેચનો એવોર્ડ મળ્યો હતો. ભારતીય ટીમ તરફથી પ્રિયા મિશ્રાએ 2 વિકેટ લીધી. જ્યારે તિતાસ સાધુ, દીપ્તિ શર્માને 1-1 વિકેટ મળી.

## આયર્લેન્ડની ખરાબ શરૂઆત, પછી આયરિશ કેપ્ટનની શાનદાર ઈનિંગ

આયર્લેન્ડની વુમન્સ ટીમે પહેલી બેટિંગ કરતા પોતાની પહેલી ચાર વિકેટ માત્ર 56 રનમાં ગુમાવી દીધી હતી. યુવા ઝડપી બોલર તિતાસ સાધુ અને સ્પિનર પ્રિયાએ આમાં મોટી ભૂમિકા ભજવી હતી. પ્રિયા તો હેટ્રિક પણ ચૂકી ગઈ. આવી સ્થિતિમાં, આયરિશ કેપ્ટન ગેબી લેવિસ પર એક મોટી જવાબદારી આવી પડી અને તેણે પોતાની ટીમને નિરાશ ન કરી. લેવિસ અને લીહ પોલે 117 રનની પાર્ટનરશિપ કરી. આ દરમિયાન બન્નેએ ફિફ્ટી પણ પૂરી કરી. આ પછી કેપ્ટન લેવિસ સદી ચૂકી અને 92 રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થઈ હતી. આ બન્ને બેટર્સની ઈનિંગની મદદથી આયરિશ ટીમે 238 રન બનાવ્યા.

# યોકોવિચનો દાવો- તેને ઓસ્ટ્રેલિયામાં ઝેર આપ્યું હતું

(એજન્સી) સિડની તા 110

સર્બિયાના સ્ટાર ટેનિસ ખેલાડી નોવાક યોકોવિચે દાવો કર્યો છે કે જાન્યુઆરી 2022માં ઓસ્ટ્રેલિયામાં તેને ઝેર આપ્યું હતું. તેણે આ દાવો વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનની શરૂઆત પહેલા કર્યો છે. ઓસ્ટ્રેલિયન ઓપન 2025 12 જાન્યુઆરીથી શરૂ થશે. કોવિડ-19ની રસી ન લીધી કારણે યોકોવિચને 2022માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લેવાથી પ્રતિબંધિત કર્યો હતો. તેણે ઓસ્ટ્રેલિયન ઓપન 2022 પહેલા ટ્રાવેલ ડોક્યુમેન્ટ્સમાં ખોટી માહિતી આપી હતી. આ માટે તેની મેલબોર્નમાં અટકાયત કરવામાં આવી હતી. આ પછી તેના વિઝા કેન્સલ કરીને ઓસ્ટ્રેલિયાથી પરત મોકલી દેવામાં આવ્યો હતો. કાયદાકીય કાર્યવાહી દરમિયાન તેને મેલબોર્નની એક હોટલમાં રાખ્યો હતો. તે કહે છે કે અહીં જ તેને ઝેર આપવામાં આવ્યું હતું.



### યોકોવિચ પાસે 24 ગ્રાન્ડ સ્લેમ છે

યોકોવિચ 24 ગ્રાન્ડ સ્લેમ જીતનાર પ્રથમ ખેલાડી છે. યોકોવિચે 2008માં ઓસ્ટ્રેલિયન ઓપનના રૂપમાં તેનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીત્યું હતું. તેણે 2023 સુધી 10 વખત જીત મેળવી હતી. યોકોવિચ 3 વખત ફ્રેન્ચ ઓપન અને 4 વખત યુએસ ઓપન જીતી ચૂક્યો છે. તે 7 વખતનો વિમ્બલ્ડન ચેમ્પિયન પણ છે.

### કારકિર્દી ગોલ્ડન સ્લેમ જીતનાર પાંચમો ખેલાડી

યોકોવિચે ગોલ્ડન સ્લેમ પણ જીત્યો છે. આવું કરનાર તે પાંચમો ખેલાડી છે. તેના પહેલા માત્ર સ્પેનના રાફેલ નડાલ, અમેરિકાના સેરેના વિલિયમ્સ, અમેરિકાના આન્દ્રે અગાસી અને જર્મનીના સ્ટેફી ગ્રાફ જ કરિયર ગોલ્ડન સ્લેમ જીતી શક્યા છે.

**મને કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓ હતી :** મને સમજાયું કે મેલબોર્નની તે હોટલમાં મને જે ખોરાક આપવામાં આવ્યો હતો તે ઝેરથી ભરેલું હતું. જ્યારે હું સર્બિયા પાછો આવ્યો ત્યારે મને કેટલીક બાબતોનો અહેસાસ થયો. મેં આ વાત ક્યારેય કોઈને જાહેરમાં કહી નથી, પરંતુ તે બહાર આવ્યું છે કે મારા શરીરમાં હેવી મેટલનું સ્તર ખૂબ જ ઊંચું હતું. મારા શરીરમાં સીસું હતું, સીસા અને પારાના ખૂબ ઊંચા સ્તરો.

# આરસીબીમાં જોડાતાની જ સાથે ખેલાડી ખતરનાક બની ગયો

(એજન્સી)સિડની તા 11



બિગ બેશ લીગની 29મી મેચમાં હોબાર્ટ હરિકેન્સે સિડની થંડરને 6 વિકેટથી હરાવ્યું હતું. હોબાર્ટની જીતમાં IPL ઓક્શનમાં RCBમાં સામેલ થયેલ ખેલાડીએ મોટો ભાગ ભજવ્યો હતો. આ ખેલાડીએ અણનમ 68 રન ફટકારીને ટીમને જીત અપાવી હતી.

જે ખેલાડી પર RCBએ IPL 2025 માટે દાવ લગાવ્યો હતો તે હવે વધુ આક્રમક બની ગયો છે. તેના બેટમાંથી લાંબી સિક્સર આવી રહી છે અને તે એકલા હાથે ટીમ માટે મેચ જીતી રહ્યો છે. અમે વાત કરી રહ્યા છીએ ટિમ ડેવિડની, જે હોબાર્ટ હરિકેન માટે મોટો મેચ વિનર સાબિત થયો હતો. ડેવિડે સિડની થંડર સામે 38 બોલમાં અણનમ 68 રન બનાવ્યા હતા. ડેવિડે પોતાની ઈનિંગમાં 6 સિક્સર અને 4 ફોર ફટકારી હતી. ક્રિસ જોર્ડન સાથે મળીને તેણે હોબાર્ટ માટે આસાનીથી મેચ જીતી લીધી હતી. ટિમ ડેવિડની તોફાની બેટિંગ પ્રથમ બેટિંગ કરતા સિડની થંડરે 20 ઓવરમાં 6 વિકેટે 164 રન બનાવ્યા હતા. આ પછી હોબાર્ટ હરિકેન્સની શરૂઆત સારી રહી ન હતી. હોબાર્ટના ઓપનર મિશેલ ઓવેન અને મેથ્યુ વેડ ત્રીજી ઓવર સુધીમાં આઉટ થઈ ગયા હતા.

# બોલરે બોલિંગથી બેટ્સમેનની બેટના બે ટુકડા કરી નાખ્યા

(એજન્સી) સિડની તા 11



બિગ બેશ લીગની 29મી મેચમાં હોબાર્ટ હરિકેન્સ અને સિડની થંડર વચ્ચે મુકાબલો ચાલી રહ્યો હતો. બેટ્સમેન ક્રિઝ પર બેસ્ટ સાથે શોટ ફટકારવા તૈયાર હતો અને બોલરે બોલ ફેંકતા જ કંઈક એવું થયું કે ખેલાડીઓની સાથે સ્ટેડિયમમાં હાજર દર્શકો પણ ચોંકી ગયા. બિગ બેશ લીગ 2025ની 29મી મેચમાં કંઈક એવું બન્યું જેણે ચાહકોને ચોંકાવી દીધા. હકીકતમાં સિડની થંડરની બેટિંગ દરમિયાન કેપ્ટન ડેવિડ વોર્નરનું બેટ જ તૂટી ગયું હતું. વોર્નરે રિલે મેરિડિથના બોલ પર શોટ રમ્યો અને તેના બેટના બે ટુકડા થઈ ગયા. આ મામલો અહીં પૂરો નથી થયો. બેટ તૂટતાની સાથે જ ડેવિડ વોર્નરના માથામાં વાગ્યું હતું. વોર્નરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.હોબાર્ટ મેદાન પર રમાઈ રહેલી મેચમાં ડેવિડ વોર્નરે 66 બોલમાં અણનમ 88 રન બનાવ્યા હતા. વોર્નરે પોતાની ઈનિંગમાં 7 ચોગ્ગા ફટકાર્યા હતા. મોટી વાત એ છે કે વોર્નરના બેટમાંથી આ રન મુશ્કેલ પિચ પર આવ્યા હતા. તેની ઈનિંગના આધારે સિડની થંડર 20 ઓવરમાં 164 રન સુધી પહોંચી હતી. જોકે, વોર્નરનું બેટ તોડી નાખનાર મેરેડિથે પણ મેચમાં સારી બોલિંગ કરી હતી. આ જમણા હાથના પેસરે 4 ઓવરમાં માત્ર 30 રન આપીને 2 વિકેટ લીધી હતી. ડેવિડ વોર્નરનું ફોર્મ શાનદાર ચાલી રહ્યું છે. આ ડાબા હાથના બેટ્સમેને 4 મેચમાં 3 અડધી સદી ફટકારી છે. વોર્નરે મેલબોર્ન રેનેગેડ્સ સામે અણનમ 86 રન બનાવ્યા હતા. આ પછી વોર્નરે પર્થ સ્કોર્ચર્સ સામે 49 રનની ઈનિંગ રમી હતી. તેણે બ્રિસ્બેન હીટ સામે 50 રન બનાવ્યા હતા. હવે વોર્નરે હોબાર્ટ હરિકેન્સ સામે પણ 88 રનની અણનમ ઈનિંગ રમી છે. વોર્નરે બિગ બેશ લીગમાં સૌથી વધુ 316 રન બનાવ્યા છે. તેની એવરેજ 63.20 છે અને તેણે અત્યાર સુધીમાં 34 ફોર અને 5 સિક્સર ફટકારી છે.

# લાઈવ મેચમાં બોલ વાગવાથી પક્ષીનું મોત

(એજન્સી) સિડની તા 11



બિગ બેશ લીગમાં મેલબોર્ન સ્ટાર્સ અને સિડની સિક્સર્સ વચ્ચે રમાયેલી મેચ દરમિયાન એક અકસ્માત થયો હતો. બોલ સીગલ પક્ષી સાથે અથડાતા જ બધાના હોશ ઉડી ગયા. બેટ્સમેનના ચહેરા પર ચિંતા સ્પષ્ટ દેખાતી હતી, જ્યારે દર્શકો પણ નિરાશ હતા. ક્રિકેટ હોય કે અન્ય કોઈ રમત, મેદાન કે કોર્ટ પર રમાતી આવી કોઈ પણ રમતમાં કોઈને કોઈ પ્રકારના નાના અકસ્માતો વારંવાર બનતા હોય છે. મોટાભાગે એવું બને છે કે ખેલાડી ઈજાગ્રસ્ત થાય છે. પરંતુ ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી બિગ બેશ લીગમાં એવો અકસ્માત થયો હતો, જેમાં કોઈ ખેલાડી નહીં પરંતુ એક પક્ષી ખરાબ રીતે ઘાયલ થઈ ગયું હતું. મેલબોર્ન સ્ટાર્સ અને સિડની સિક્સર્સ વચ્ચે રમાયેલી મેચમાં આ દુર્ઘટના થઈ હતી.આ BBL મેચ ગુરુવાર 9 જાન્યુઆરીએ મેલબોર્નમાં રમાઈ રહી હતી. જ્યારે સિડની સિક્સર્સની ટીમ આ મેચમાં બેટિંગ કરી રહી હતી ત્યારે તેના બેટ્સમેન જેમ્સ વિન્સના શોટને કારણે આ અકસ્માત થયો હતો. સિડનીની ટીમ 157 રનના લક્ષ્યનો પીછો કરી રહી હતી અને તે સમયે વિન્સ બેટિંગ માટે ક્રિઝ પર હાજર હતો. લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર જોએલ પેરિસ ઈનિંગની 10મી ઓવરમાં બોલિંગ કરી રહ્યો હતો અને તે જ ઓવરના પાંચમા બોલ પર આ અકસ્માત થયો હતો. વિન્સે આ બોલને સીધી બાઉન્ડ્રી તરફ રમ્યો હતો. બોલ થોડો સમય હવામાં હતો પરંતુ સીગલ પક્ષીઓનું મોટું ટોળું બાઉન્ડ્રી પાસે બેઠું હતું. બસ આ સમય દરમિયાન જ ઝડપથી આવતો દડો આમાંથી એક પક્ષી પર સીધો પડ્યો. દડો સીગલને અથડાતાં જ તેના પીંછાના ચીથડા ઉડી ગયા અને જમીન પર વેરવિખેર થઈ ગયા. ઘાયલ સીગલ વેદનાથી તડપી રહ્યું હતું, જ્યારે બાકીનું ટોળું હવામાં ઉડી ગયું. બોલ બાઉન્ડ્રી પાર ગયો અને 4 રન મળ્યા.

# વિરાટ કોહલી આજ સુધી ચેમ્પિયન્સ ટ્રોફીમાં આ સિદ્ધિ મેળવી શક્યો

(એજન્સી) નવી દિલ્હી તા 11

વિરાટ કોહલીએ પોતાના 16 વર્ષના કરિયરમાં ઘણા શાનદાર રેકોર્ડ બનાવ્યા છે. તમામ ફોર્મેટમાં કોહલીએ બેટિંગમાં અનેક મોટા રેકોર્ડ તોડયા છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ કોહલીએ ઘણી દમદાર ઈનિંગ રમી છે, જોકે તે એક કમાલ હજી સુધી ચેમ્પિયન્સ ટ્રોફીમાં નથી કરી શક્યો, જેના માટે તે ફેમસ છે. એવું શું છે જે વિરાટ ચેમ્પિયન્સ ટ્રોફીમાં હજી સુધી હાંસલ નથી કરી શક્યો? જાણો આ આર્ટીકલમાં. ભારતીય ક્રિકેટના સુપરસ્ટાર વિરાટ કોહલીએ પોતાના 16 વર્ષના કરિયરમાં ઘણા શાનદાર રેકોર્ડ બનાવ્યા છે. દોઢ દાયકાની કારકિર્દીમાં તેણે ક્રિકેટના મેદાન પર અનેક રેકોર્ડ બનાવ્યા છે. જો કે તેની કારકિર્દીમાં તે ક્યારેય ચેમ્પિયન્સ ટ્રોફીમાં એક કમાલ ક્યારેય કરી શક્યો નથી.વિરાટ કોહલીએ આ ICC ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી 13 મેચની 12 ઈનિંગ્સમાં 529 રન બનાવ્યા છે. આ દરમિયાન ભારતીય દિગ્ગજના બેટમાંથી 5 અડધી સદી આવી છે. પરંતુ તે એકપણ સદી ફટકારી શક્યો નથી. ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે અને હવે જોવાનું એ રહેશે કે કોહલી 16 વર્ષના આ દુષ્કાળને ખતમ કરી શકશે કે નહીં.જોકે વિરાટ કોહલી એક સમયે ચેમ્પિયન્સ ટ્રોફીમાં સદીની ખૂબ નજીક હતો, તે સદીથી માત્ર ચાર રન દૂર હતો અને તે અણનમ રહ્યો હતો. 2017માં બાંગ્લાદેશ અને ભારત વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઈનલ મેચમાં 266 રનનો ટાર્ગેટ ભારતે 41મી ઓવરમાં જ લક્ષ્યનો પીછો કરી લીધો હતો. રોહિત શર્માએ 123 રનની અણનમ ઈનિંગ રમી હતી. જ્યારે વિરાટ કોહલી 78 બોલમાં 96 રન બનાવીને અણનમ રહ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફીમાં સદી ફટકારવાનું વિરાટ કોહલીનું સપનું માત્ર ચાર રનથી ચકનાચૂર થઈ ગયું. કોહલીએ આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશ સામે સૌથી મોટી ઈનિંગ રમી છે. ટૂંક સમયમાં શરૂ થઈ રહેલી આ ટૂર્નામેન્ટમાં બાંગ્લાદેશની ટીમ ફરી એકવાર વિરાટના નિશાના પર હશે. ચેમ્પિયન્સ ટ્રોફી ફેબ્રુઆરીએ તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે.



# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા અફઘાનિસ્તાન મુશ્કેલીમાં

(એજન્સી) અફઘાનિસ્તાન તા 11

આગામી મહિને યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ મોટી મુશ્કેલીમાં જોવા મળી રહી છે. વાસ્તવમાં આ મામલો તેમની મહિલા ટીમ સાથે સંબંધિત છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનથી મહિલા ક્રિકેટ પર પ્રતિબંધ છે અને હવે ત્રણ વર્ષ વીતી ગયા છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના સતત પ્રયાસો છતાં અફઘાનિસ્તાનમાં મહિલા ક્રિકેટ શરૂ થઈ શકી નથી. હવે આ મુદ્દાને લઈને પહેલા ઈંગ્લેન્ડ અને પછી દક્ષિણ આફ્રિકાએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં અફઘાનિસ્તાન સામેની પોતપોતાની મેચોના બહિષ્કારની માગ કરી છે.ઈંગ્લેન્ડના નેતાઓએ અફઘાનિસ્તાન સામેની ચેમ્પિયન્સ ટ્રોફીની મેચનો બહિષ્કાર કરવાની હાકલ કર્યાના થોડાક કલાકો બાદ જ દક્ષિણ આફ્રિકાથી સમાન સમાચાર આવ્યા છે. સાઉથ આફ્રિકાના સ્પોર્ટ્સ મિનિસ્ટર ગેટન મેકેન્ઝીએ પણ પોતાની ટીમને અફઘાનિસ્તાન સામેની મેચ ન રમવા વિનંતી કરી છે. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું, “ક્રિકેટ દક્ષિણ, આફ્રિકા અને અન્ય દેશોના ક્રિકેટ ફેડરેશનો અને આઈસીસીએ કાળજીપૂર્વક વિચારવું પડશે કે ક્રિકેટની રમત વિશ્વને અને ખાસ કરીને આ રમતની મહિલાઓને શું સંદેશ આપવા માંગે છે.

# જેસિકા પેગુલા અને મેડિસન કિસ વચ્ચે એડિલેડમાં ઓલ અમેરિકન ફાઈનલ



(એજન્સી) એડિલેડ તા 11

ટૂર્નામેન્ટમાં ટોચનો ક્રમાંક ધરાવતી અમેરિકાની જેસિકા પેગુલાએ કઝાકિસ્તાનની યુલિયા પુતિન્તસેવાને પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ 7-6 (4), 6-3થી હરાવીને એડિલેડ ઈન્ટરનેશનલ ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. વિશ્વમાં સાતમો ક્રમાંક ધરાવતી પેગુલા મેમોરિયન ડ્રાઈવ ટેનિસ પાર્ક ખાતે રમાતી એડિલેડ ઓપનની ફાઈનલમાં પોતાના જ દેશની મેડિસન કિસ સામે ફાઈનલ રમશે. મેડિસન બીજી સેમિફાઈનલમાં 5-7, 7-5, 3-0થી આગળ હતી ત્યારે લ્યૂડમિલા સેમસોનોવાએ મુકાબલાને પડતો મૂક્યો હતો. પેગુલા અને મેડિસન અગાઉ બે વખત આમનેસામને થઈ છે અને બંને એક એક મેચ જીતી છે. પેગુલા કારકિર્દીમાં 15મી વખત ફાઈનલમાં પ્રવેશી છે.મેન્સ સિંગ્સમાં ફેલિક્સ એગુર એલિયાસિમ તથા સબાસ્ટિયન કોર્ડા વચ્ચે ફાઈનલ મુકાબલો રમાશે. સેન્ટર કોર્ટ ઉપર રમાયેલી પ્રથમ સેમિફાઈનલમાં કોર્ડાએ કેચમાનોવિચને 6-3, 7-6 (7-4)થી હરાવ્યો હતો.

# ખોખો વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત , આ ખેલાડીઓને મળ્યું સ્થાન

(એજન્સી) નવી દિલ્હી તા 11

ખો-ખો ફેડરેશન ઓફ ઈન્ડિયા (KKFI) અને ઈન્ટરનેશનલ ખો-ખો ફેડરેશન (IKKF) એ આગામી ખો-ખો વર્લ્ડ કપ 2025 માટે ભારતીય પુરુષ અને મહિલા ટીમોની જાહેરાત કરી છે. ખો-ખો વર્લ્ડ કપ 13 થી 19 જાન્યુઆરી દરમિયાન નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાશે. આ ઈવેન્ટના પ્રથમ એડિશનમાં 20 પુરુષોની ટીમો અને 19 મહિલા ટીમો ભાગ લઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે 23 દેશો ભારતમાં આવી રહ્યા છે. મેન્સ ટીમનું નેતૃત્વ પ્રતીક વ્યાકર કરશે. તેને 2016 માં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું. તેને આઠ વર્ષની ઉંમરે ખો-ખો રમવાનું શરૂ કર્યું. તેને ખો-ખો લીગમાં તેલુગુ વોરિયર્સનું નેતૃત્વ કર્યું છે. આ સિવાય તેની કેપ્ટનશીપ હેઠળ, મહારાષ્ટ્રે 56મી સિનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો. પ્રિયંકા ઈંગલેને વિમેન્સ ટીમની કેપ્ટનશીપ મળી છે. તે 15 વર્ષમાં 23 રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લઈને ટીમનો મુખ્ય ભાગ રહી છે. તેમની સિદ્ધિઓમાં ઈલા એવોર્ડ (શ્રેષ્ઠ સબ-જુનિયર ખેલાડી), રાણી લક્ષ્મી બાઈ એવોર્ડ (2022 સિનિયર નેશનલ્સ) અને ચોથી એશિયન ખો-ખો ચેમ્પિયનશિપ 2022-23માં ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. તાલીમ શિબિરમાં કોચિંગ સ્ટાફ સાથે 60 પુરુષ અને 60 મહિલા ખેલાડીઓનો સમાવેશ થતો હતો.

પુરુષ ટીમ: પ્રતિક વાયકર (કેપ્ટન), પ્રભાણી સબર, મેહુલ, સચિન ભાર્ગો, સુયશ ગરગતે, રામજી કશ્યપ, શિવા પોથીર રેડ્ડી, આદિત્ય ગણપુલે, ગૌતમ એમકે, નિખિલ બી, આકાશ કુમાર, સુબ્રમણ્ય વી., સુમન બર્મન, અનિકેત પોટે, રોકેસન સિંહ સ્ટેન્ડબાય: અક્ષય બાંગરે, રાજવર્ધન શંકર પાટિલ, વિશ્વનાથ જાનકીરામ.

મહિલા ટીમ: પ્રિયંકા ઈંગલે (કેપ્ટન), અશ્વિની શિંદે, રેશ્મા રાઠોડ, ભિલ્લર દેવજીભાઈ, નિર્મલા ભાટી, નીતા દેવી, ચૈત્રા આર., શુભાશ્રી સિંહ, મગાઈ માઝી, અંશુ કુમારી, વૈષ્ણવી બજરંગ, નસરીન શેખ, મીનુ, મોનિકા, નાઝિયા બીબી.

# આ દિગ્ગજો ઝીરોમાં જ આઉટ.. પણ પછી તો બોલર્સને હંફાવ્યા

(એજન્સી) નવી દિલ્હી તા 11

ભારતના એવા 5 બેટ્સમેન જેમણે તેમના ODI ડેબ્યૂમાં શૂન્ય પર આઉટ થયા હતા, પછી તેઓ બોલરો માટે 'ભયાનક' બની ગયા હતા. આ 5 બેટ્સમેનોની ODI ક્રિકેટમાં શરૂઆત ખરાબ રહી, પરંતુ પછીથી તેઓ મહાનતાની ઊંચાઈઓને સ્પર્શી ગયા હતા. 1: સચિન તેંડુલકર સચિન તેંડુલકર 18 ડિસેમ્બર 1989ના રોજ ગુજરાંવાલામાં પાકિસ્તાન સામે વનડે ડેબ્યૂ કર્યું હતું. સચિન તેંડુલકર પોતાની વનડે કારકિર્દીની પહેલી જ મેચમાં શૂન્ય રને આઉટ થયા હતા. આ મેચમાં સચિન તેંડુલકર નંબર-5 પર બેટિંગ કરવા આવ્યા હતા અને તે રમે અને કંઈક કરે તે વિના પેવેલિયન પાછા ફર્યા હતા ભારત આ મેચ પાકિસ્તાન સામે 7 રને હારી ગયું હતું. મહેન્દ્ર સિંહ ધોનીએ 23 ડિસેમ્બર 2004ના રોજ તેઓએ વનડે ડેબ્યૂ કર્યું હતું. મહેન્દ્ર સિંહ ધોની પોતાની ODI કારકિર્દીની પહેલી જ મેચમાં શૂન્ય રને આઉટ થઈ ગયા હતા મહેન્દ્ર સિંહ ધોની પોતાની વનડે ડેબ્યૂ મેચમાં રન આઉટ થયો હતો. આ મેચમાં મહેન્દ્ર સિંહ ધોની નંબર-4 પર બેટિંગ કરવા આવ્યો હતો અને તે રમ્યા વિના જ પેવેલિયન પાછા ફર્યા હતા મહેન્દ્ર સિંહ ધોનીએ 350 વનડે મેચમાં 10773 રન બનાવ્યા છે. સુરેશ રૈનાએ 30 જુલાઈ 2005ના રોજ વનડે ડેબ્યૂ કર્યું હતું. સુરેશ રૈના પોતાની ODI કારકિર્દીની પહેલી જ મેચમાં શૂન્ય રને આઉટ થયો હતો. સુરેશ રૈનાને શ્રીલંકાના મહાન સ્પિનર મુથૈયા મુરલીધરને LBW આઉટ આપ્યો હતો જે શ્રીલંકાએ ભારત સામેની આ મેચ 3 વિકેટે જીતી લીધી હતી. સુરેશ રૈના ભલે પોતાના વનડે ડેબ્યૂમાં શૂન્ય રને આઉટ થયો હોય, સુરેશ રૈનાએ 226 વનડે મેચોમાં 5615 રન બનાવ્યા કારકિર્દીની પહેલી જ મેચમાં શૂન્ય રને આઉટ થયો હતો. શિખર ધવનને ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર ક્લિન્ટ મેકકેએ ક્લીન બોલ્ડ કર્યો હતો. ભારતે ઓસ્ટ્રેલિયા સામેની આ મેચ 5 વિકેટે જીતી હતી. શિખર ધવને વનડે ક્રિકેટમાં 17 સદી ફટકારી હતી.

### ચૂંટણીના દોઢ મહિના પહેલાં એએફડીના પ્રમુખ એલિસના ઈન્ટરવ્યૂથી બબાલ

# હવે જર્મનીના રાજકારણમાં મસ્કની એન્ટ્રી જમણેરી પાંખ AFDને ખુલ્લેઆમ સમર્થન

**(એજન્સી) બર્લિન-ન્યૂયોર્ક તા 11**

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ખુલ્લેઆમ રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપનાર અમેરિકી ટેક અબજોપતિ એલોન મસ્કે હવે યુરોપના રાજકાણમાં ઝંપલાવ્યું છે. જર્મનીમાં લગભગ દોઢ મહિના પછી 23 ફેબ્રુઆરીએ યોજનાર રાષ્ટ્રીય ચૂંટણી પહેલાં મસ્કે જર્મનીમાં જમણેરી પાંખ અલ્ટરનેટિવ ફોર જર્મની (એએફડી)ના ચાન્સેલર ઉમેદવાર એલિસ વીડેલ સાથે એક લાઈવ-સ્ટ્રીમ વાતચીત કરી હતી. લગભગ 74 મિનિટના ઈન્ટરવ્યૂ દરમિયાન મસ્કે એએફડી પ્રત્યે પોતાનું સમર્થન દોહરાવ્યું હતું. તેમણે જર્મનોને ચૂંટણીમાં એએફડીને મત આપવા અપીલ કરી હતી.

એએફડી એક ઈમિગ્રન્ટવિરોધી અને ઈસ્લામવિરોધી પાર્ટી છે અને જર્મન સુરક્ષા સેવાઓ દ્વારા તેને જમણેરી-ચરમપંથી તરીકે વર્ણવવામાં આવી છે, જેના લીધે બર્લિનમાં ઊહાપોહ મચી ગયો છે.એલિસ અને મસ્કની વાતચીતમાં ઊર્જા નીતિ, જર્મન અમલદારશાહી, એડોલ્ફ હિટલર, મંગળ ગ્રહ અને જનજીવન જેવા મુદ્દા પર ચર્ચા થઈ હતી. એલિસે કહ્યું તેમની પાર્ટી રૂઢિવાદી અને સ્વતંત્રતાવાદી છે, પરંતુ મીડિયા દ્વારા તેને નકારાત્મક રીતે ચરમપંથી તરીકે રજૂ કરવામાં આવી રહી છે. એલિસે જાહેર કર્યું કે હિટલર ખરેખર સામ્યવાદી હતો, નાઝી નેતાના નોંધપાત્ર સામ્યવાદ વિરોધી વિચારો હોવા છતાં તેમણે સોવિયેત યુનિયન પર આક્રમણ કર્યું હતું. એલિસે કહ્યું કે તે રૂઢિચુસ્ત નથી. તે ઉદારવાદી નહોતા. તે સામ્યવાદી, સમાજવાદી વ્યક્તિ હતી. મસ્કે અગાઉ એએફડીની ટીકાને નકારી કાઢી હતી અને પૂર્વ ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝને મૂર્ખ ગણાવ્યા હતા. બીજી તરફ, સ્કોલ્ઝને ચાન્સેલર પદ પર રહેવાની શક્યતા ઘણી ઓછી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મસ્કના હુમલાથી હું શાંત રહીશ.ટ્રમ્પે પેન્સિલવેનિયાના યોર્કમાં એક ચૂંટણી ઈવેન્ટ બાદ રોઈટર્સને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી છે. મસ્કને સલાહકારની ભૂમિકા અથવા કેબિનેટ પદ માટે નોમિનેટ કરવા બાબતે ટ્રમ્પને પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. આના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, હું ચોક્કસપણે તે કરીશ, જો તે આવુ કરવા માંગતા હોય, તો હું ચોક્કસપણે તે કરીશ. તે એક અદ્ભુત માણસ છે.



## સરવે: તમામ પાર્ટીઓ બહુમતથી દૂર, બીજા સ્થાને એએફડી

મસ્કે જર્મનીમાં તેમના નોંધપાત્ર રોકાણોનો ઉલ્લેખ કરીને તેમના હસ્તક્ષેપને વાજબી ઠેરવ્યો છે અને કહ્યું છે કે એલિસ જર્મનીને ચલાવવા માટે મહાન ઉમેદવાર છે. બીજી તરફ, ચૂંટણી સરવેની વાત કરીએ તો ગાર્ડિયન સરવે અનુસાર, જર્મનીમાં હાલ કોઈ પક્ષને બહુમત મળ્યો નથી. બહુમતી મળવાની શક્યતા ઓછી લાગે છે. તાજેતરમાં રાજીનામું આપનાર ઓલાફ સ્કોલ્ઝનો પક્ષ ત્રીજા સ્થાને છે. જમણેરી પક્ષ એએફડી 19.3 ટકા મત સાથે બીજા સ્થાને છે.નોંધનીય છે કે, પૂર્વ રાષ્ટ્રપતિનું આ નિવેદન મસ્ક દ્વારા તેમના પ્લેટફોર્મ X પર ટ્રમ્પ સાથે ઈન્ટરવ્યુ આપ્યાના થોડા દિવસો બાદ આવ્યું છે. ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે મસ્કની કારના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે,દરેક વ્યક્તિએ ઈલેક્ટ્રિક કાર ખરીદવી ન જોઈએ, તેમ છતાં મસ્ક હજુ પણ 'મહાન પ્રોડક્ટ્સ' બનાવે છે.

### 12 ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર થશે, ભારતીય મીડિયાના અહેવાલ ખોટા

# નિજ્જર હત્યા કેસમાં કોઈને જામીન નથી આપ્યા કેનેડિયન મીડિયાનો દાવો- તમામ આરોપીઓ કસ્ટડીમાં

**(એજન્સી) કેનેડા તા 11**

2023માં કેનેડામાં આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા ચાર ભારતીય આરોપીઓને જામીન મળવાની વાત ખોટી નીકળી છે. કેનેડાની સૌથી મોટી ન્યૂઝ એજન્સી સીબીસી ન્યૂઝે દાવો કર્યો છે કે, ભારતીય મીડિયા સંસ્થાઓ દ્વારા પ્રકાશિત તમામ સમાચાર ખોટા છે. તમામ આરોપીઓને જામીન મળ્યા નથી. કેસની આગામી સુનાવણી માટે 11 ફેબ્રુઆરીની તારીખ આપવામાં આવી છે. જૂન 2023માં શીખ કેનેડિયન હરદીપ સિંહ નિજ્જરની હત્યાના આરોપી ચાર ભારતીય નાગરિકોને તેમની સામેનો કેસ સમાપ્ત થયા પછી કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, સીબીસી ન્યૂઝે ગુરુવારે અહેવાલ આપ્યો હતો, જેમ કે ભારતમાં બહુવિધ મીડિયા આઉટલેટ્સ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. સમાચારમાં, CBCએ ઘણી ભારતીય સમાચાર એજન્સીઓનું નામ લઈને આ દાવો કર્યો છે. વધુમાં કહેવામાં આવ્યું હતું કે, આ અહેવાલો ખોટા છે. નિજ્જરના એકપણ આરોપીને કસ્ટડીમાંથી છોડવામાં આવ્યો નથી.



### લુકઆઉટ નોટિસ 23 જાન્યુઆરી, 2015ના રોજ જારી કરવામાં આવી હતી

પોલીસે 23 જાન્યુઆરી, 2015ના રોજ લુકઆઉટ નોટિસ અને 14 માર્ચ, 2016ના રોજ નિજ્જર સામે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. જેમાં તેના પ્રત્યાર્પણની માગ કરવામાં આવી રહી હતી. જુલાઈ 2020માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય (MHA) દ્વારા નિજ્જરને વ્યક્તિગત આતંકવાદી તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. NIAએ જણાવ્યું હતું કે, નિજ્જર ભારતમાં આતંક ફેલાવવા માટે ખાલિસ્તાન તરફી આતંકવાદી મોડ્યુલની ભરતી, તાલીમ, ધિરાણ અને સંચાલનમાં સક્રિય રીતે સામેલ હતો. તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ભડકાઉ અને નફરતભર્યા ભાષણો આપવામાં સામેલ હતો.x

### આ રીતે હરદીપ સિંહની હત્યા કરવામાં આવી હતી

કેનેડાના બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરુનાનક શીખ ગુરુદ્વારા પાસે નિજ્જરને બે અજાણ્યા બંદૂકધારીઓએ ગોળી મારી હતી. નિજ્જર આ ગુરુદ્વારાના વડા પણ હતા. તે ગુરુદ્વારાની બહાર પાર્કિંગમાં પોતાની કારમાં હતો. આ દરમિયાન બે યુવકો મોટરસાઈકલ પર આવ્યા અને ફાયરિંગ શરૂ કર્યું.

### સમાચાર એજન્સીએ ભારતીય મીડિયાની આકરી ટીકા કરી

સીબીસી ન્યૂઝ દ્વારા પ્રકાશિત સમાચારમાં પીએમ મોદીનું નામ લઈને ભારત સરકારની ટીકા કરવામાં આવી હતી. ભારતીય મીડિયા સંસ્થાઓની પણ ટીકા કરવામાં આવી હતી. સીબીસી ન્યૂઝે લખ્યું- નરેન્દ્ર મોદી સરકારના ટીકાકારોએ પત્રકારત્વ અને પ્રેસની સ્વતંત્રતાના ધોરણોને નુકસાન પહોંચાડ્યું.

### નિજ્જરને કારમાંથી બહાર નીકળવાનો સમય ન મળ્યો

ત્યાં જ તેનું મોત થયું. આ પછી કેનેડિયન પોલીસે આ કેસમાં ચાર પંજાબી યુવકોની ધરપકડ કરી હતી, જોકે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ભારતીય એજન્ટો પર નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો હતો. જે બાદ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. જો કે હવે આરોપીઓને જામીન મળ્યા બાદ સરકાર પર સવાલો ઉઠી રહ્યા છે. બીસી પ્રોસિક્યુશન સર્વિસના એન સીમોરને સીબીસી ન્યૂઝે ટાંકીને દાવો કર્યો છે કે ચાર આરોપીઓને જામીન પર છોડવામાં આવ્યા છે તે સાચું નથી. ચારેય આરોપીઓ કસ્ટડીમાં છે અને હજુ પણ કસ્ટડીમાં રહેશે. આગામી કોર્ટમાં હાજરી 11 ફેબ્રુઆરીએ પ્રીટ્રાયલ કોન્ફરન્સ છે અને તેઓ પણ 12 ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર થશે.સીબીસીએ આગળ લખ્યું- દેશમાં આક્રમક રીતે પક્ષપાતી ડોક મીડિયાનો ઉદય જોવા મળ્યો છે. સીબીસીએ આગળ લખ્યું- આરોપી નિજ્જર વિશે ખોટા દાવા કરનારા કેટલાક આઉટલેટ્સ ગોડી મીડિયા પ્રોફાઈલમાં ફિટ છે, પરંતુ અન્ય નથી.

### વિદ્યાર્થીઓને વિઝા મેળવવામાં વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે નહીં.

# અમેરિકાના વિઝા નિયમોમાં થશે ફેરફાર, સરકારે લીધો મોટો નિર્ણય



**(એજન્સી) અમેરિકા તા 11**

અમેરિકાનો 'ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી' H-1B વિઝા પ્રોગ્રામના નિયમોમાં મોટો ફેરફાર કરવા જઈ રહ્યો છે. નવા ફેરફારો 17 જાન્યુઆરીથી અમલમાં આવશે. H-1B આધુનિકીકરણ અંતિમ નિયમ તરીકે ઓળખાતા આ ફેરફારથી યુ.એસ.માં કુશળ વિદેશી કામદારોને નોકરી પર રાખવાની પ્રક્રિયા સરળ બનશે. આ ફેરફારો પાછળનું કારણ કંપનીઓની જરૂરિયાતોને પૂર્ણ કરવાનું, વિઝા પ્રક્રિયાને સરળ બનાવવાનું અને નિયમો સ્પષ્ટ કરવાનું છે જેથી નોકરીદાતાઓ વિઝા પ્રક્રિયાને સરળતાથી સમજી શકે. H-1B વિઝા કાર્યક્રમ યુએસ કંપનીઓને વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી કામદારોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. કંપનીઓએ વિદેશી કામદારોને સ્પોન્સર કરવા પડશે. આ જ કારણ છે કે નવા નિયમો પછી, H-1B વિઝા માટે અરજી કરતી કંપનીઓ/નોકરીદાતાઓએ હવે ફોર્મ I-129 નો ઉપયોગ કરવો પડશે. આ ફોર્મ 17 જાન્યુઆરીથી ફરજિયાત બનશે. નવા ફેરફારોથી કંપનીઓને પરિચિત કરાવવા માટે, યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ તેની વેબસાઈટ પર બધા ફેરફારો પ્રકાશિત કર્યા છે. H-1B કાર્યક્રમમાં કયા મોટા ફેરફારો થઈ શકે છે? વિઝા માટે અરજી કરતી વખતે, એ સાબિત કરવું પડશે કે વિદેશી કામદાર પાસે જે કામ માટે રાખવામાં આવી રહ્યું છે તે કરવા માટે જરૂરી ડિગ્રી છે. હાલમાં અમેરિકામાં દર વર્ષે ફક્ત 65 હજાર H-1B વિઝા જાહેર કરવામાં આવે છે. આ સિવાય અમેરિકન સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને 20 હજાર વિઝા આપવામાં આવે છે. H-1B વિઝામાં આ ફેરફારો એવા સમયે કરવામાં આવી રહ્યા છે જ્યારે તેને લઈને ઘણો વિવાદ જોવા મળી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકો કહે છે કે આ કાર્યક્રમ રદ કરવો જોઈએ કારણ કે તેનાથી અમેરિકનો નોકરીઓ ગુમાવી રહ્યા છે. પરંતુ ટ્રમ્પ આ કાર્યક્રમના સમર્થનમાં ઉભા હોય તેવું લાગે છે.બિન-લાભકારી અને સરકારી સંશોધન સંસ્થાઓને H-1B વિઝાની સંખ્યા પર વાર્ષિક મર્યાદામાંથી મુક્તિ આપવામાં આવશે. તેમના માટે પાત્રતા માપદંડ પણ અપડેટ કરવામાં આવ્યા છે.

# મ્યાનમારની સેનાનો દેશ પર જ હવાઈ હુમલો, 40 ના મોત



**(એજન્સી) મ્યાનમાર તા 11**

મ્યાનમારના પશ્ચિમ વિસ્તારના એક ગામ પર સેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 40 લોકો માર્યા ગયા અને 20 અન્ય ઘાયલ થયા. આ હુમલો બુધવારે રામરી દ્વીપના ક્યોક ની માવ ગામમાં કરવામાં આવ્યો હતો. આ ટાપુ વંશીય અરાકાન આર્મીના નિયંત્રણ હેઠળ હતું. હુમલાના કારણે ઘણા ઘરોમાં આગ લાગી હતી, જેના કારણે સેંકડો ઘર બળીને રાખ થઈ ગયા હતા.

સ્થાનિક અધિકારીઓ અને એક ચેરિટી સંસ્થાના જણાવ્યા અનુસાર, આ હુમલો મ્યાનમારની સેના દ્વારા કરવામાં આવ્યો હતો, જોકે સેનાએ હુમલાની પુષ્ટિ કરી નથી. ગામમાં ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ પર સખત પ્રતિબંધ હોવાને કારણે આ ઘટનાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી. એથનિક અરાકન આર્મી અને સ્થાનિક સંગઠનોએ આ હુમલાની જાણકારી આપી હતી, પરંતુ મ્યાનમાર સરકાર કે સેના તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ફેબ્રુઆરી 2021 માં લશ્કરે લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારને ઉથલાવી દીધી ત્યારથી મ્યાનમારમાં વધતા સંઘર્ષ અને હિંસાનો આ હુમલો એક ભાગ છે.

### સંસદના નીચલા ગૃહમાં બિલ પસાર, ઈઝરાયલના PM વિરુદ્ધ ધરપકડ વોરંટનો વિરોધ

# અમેરિકા ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ પર પ્રતિબંધની તૈયારીમાં

**(એજન્સી) વોશિંગ્ટન તા 11**

યુએસ સંસદના નીચલા ગૃહ, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ગુરુવારે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) પર પ્રતિબંધ મૂકવાનું બિલ પસાર કર્યું હતું. અમેરિકાએ આ પગલું ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને પૂર્વ રક્ષા મંત્રી યોવ ગાલાંટ વિરુદ્ધ ICC દ્વારા જારી કરાયેલ ધરપકડ વોરંટ બાદ ઉઠાવ્યું છે. બિલ પર વોટિંગ દરમિયાન, 243 સાંસદોએ તેની તરફેણમાં મતદાન કર્યું, જ્યારે 140 સાંસદોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું. ટેકો આપનારાઓમાં રિપબ્લિકન પાર્ટીના 198 અને ડેમોક્રેટિક પાર્ટીના 45 સાંસદો હતા. કોઈપણ રિપબ્લિકન ધારાસભ્યોએ બિલનો વિરોધ કર્યો નથી. ICCએ નેતન્યાહુ અને ગેલન્ટ વિરુદ્ધ ગાઝામાં યુદ્ધ અપરાધો, માનવાધિકાર ઉલ્લંઘન અને નરસંહાર માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે. ગૃહમાંથી બિલ પાસ થયા બાદ હવે તેને ઉપલા ગૃહ સેનેટમાં રજૂ કરવામાં આવશે.

હકીકતમાં ICCએ અફઘાનિસ્તાનમાં અમેરિકાની ગુનાહિત ગતિવિધિઓ અને પેલેસ્ટાઈનમાં ઈઝરાયલની તપાસ શરૂ કરી હતી. ટ્રમ્પ પ્રશાસને આની સામે ICC પર પ્રતિબંધો લગાવ્યા હતા. જો કે, જો બાઈડન રાષ્ટ્રપતિ બન્યા પછી આ પ્રતિબંધો પાછળથી દૂર કરવામાં આવ્યા હતા.

ગુરુવારે ગૃહ દ્વારા બિલ પસાર થયા પછી વિદેશી બાબતોની સમિતિના રિપબ્લિકન અધ્યક્ષ બ્રાયન માસ્ટે કહ્યું કે, અમેરિકા આ કાયદો એટલા માટે પસાર કરી રહ્યું છે કારણ કે એક કાંગારૂ કોર્ટ અમારા સહયોગી ઈઝરાયલના PMની ધરપકડ કરવા માગે છે.



નેતન્યાહુ વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર થયા બાદ ઘણા દેશોએ અલગ-અલગ વલણ અપનાવ્યું છે. ICC પાસે ધરપકડ કરવાની સત્તા નથી ICCએ ગયા વર્ષે 21 નવેમ્બરે નેતન્યાહૂ વિરુદ્ધ વોરંટ જાહેર કર્યું હતું. જો કે, તેની પાસે ધરપકડ કરવાની સત્તા નથી. આ માટે તે તેના સભ્ય દેશો પર નિર્ભર છે. તે ફક્ત તે દેશોમાં જ તેની સત્તાનો ઉપયોગ કરી શકે છે જેણે આ અદાલતની સ્થાપના માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

## વડાપ્રધાનની શોધ, PM બનવાની રેસ બની મોંઘી, અધધધ.. એન્ટ્રી ફી!

**(એજન્સી) કેનેડા તા 11**

જસ્ટિન ટ્રુડોએ પીએમ પદ પરથી રાજીનામું આપ્યા બાદ કેનેડા હવે તેના નવા વડાપ્રધાનની રાહ જોઈ રહ્યું છે. સત્તાધારી લિબરલ પાર્ટીએ હવે તેના નવા નેતાની પસંદગી કરવા માટે 9 માર્ચે નેશનલ કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. પાર્ટીના નવા નેતા દેશના આગામી વડાપ્રધાન બનશે. ભારતીય મૂળના બે નેતાઓ સહિત અન્ય ઘણા નેતાઓ પણ નવા વડાપ્રધાન પદ માટે દાવો કરી રહ્યા છે. પાર્ટીમાં એન્ટ્રી લેવા ભરવા પડશે 350 હજાર ડોલર

જો કે જે લોકો નવા વડાપ્રધાન બનવા માંગે છે, તેમના માટે આ પ્રયાસ મફત નહીં હોય, પરંતુ આ વખતે તેઓએ ગત વખત કરતા વધુ પૈસા ખર્ચવા પડશે. પાર્ટી સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે લિબરલ પાર્ટી સંભવિત ઉમેદવારોની એન્ટ્રી ફીમાં વધારો કરવા જઈ રહી છે. પાર્ટી પ્રવેશ ફી $350,000 નક્કી કરવા જઈ રહી છે, જે 3,00,63,477.50 રૂપિયા એટલે કે ભારતીય રૂપિયામાં લગભગ 3 કરોડ રૂપિયા થાય. આ વખતે પાર્ટીના નેતૃત્વ માટે ઈચ્છુક લોકોની એન્ટ્રી ફી ગત વખત કરતા ઘણી વધારે છે. છેલ્લી વખતે આ ફી $75,000 રાખવામાં આવી હતી. ખાસ વાત એ છે કે ઈચ્છુક નેતાઓએ 23 જાન્યુઆરી સુધીમાં ચૂંટણી લડવાનો તેમનો ઈરાદો જાહેર કરવો પડશે અને પ્રવેશ ફી ચૂકવવાની રહેશે. આ પછી, લોકો 27 જાન્યુઆરી સુધી પાર્ટી નેતૃત્વની રેસમાં મતદાન માટે નોંધણી કરાવી શકશે. લિબરલ પાર્ટીની નેશનલ કાઉન્સિલની બેઠકમાં નેતૃત્વને લઈને મતદાન માટે કેટલીક શરતો પણ નક્કી કરવામાં આવી છે. પાર્ટી ફક્ત આવા કેનેડિયન નાગરિકો અને સ્થાયી નિવાસીઓને જ મતદાન કરવાની મંજૂરી આપી રહી છે જેમની ઉંમર 14 વર્ષથી વધુ છે. અગાઉ, બિન-કેનેડિયન રહેવાસીઓને લિબરલ પાર્ટી નામાંકન અને નેતૃત્વ રેસ માટે મત આપવાની મંજૂરી આપવામાં આવી હતી, જેને વિદેશી હસ્તક્ષેપ માટે "ગેટવે" તરીકે ઓળખવામાં આવે છે. પછી કેટલાક લિબરલ સાંસદોએ પાર્ટી એક્ઝિક્યુટિવને તે ચેતવણીઓ પર ધ્યાન આપવા વિનંતી કરી હતી. ભારતીય મૂળના બે નેતાઓ પણ પીએમ પદની રેસમાં ઉતરતા જોવા મળી રહ્યા છે. ભારતીય મૂળની અનિતા આનંદ બાદ હવે આર્ય લિબરલ પાર્ટીના નેતા છે અને ઓટ્ટાવાથી બે વખત સાંસદ રહી ચૂક્યા છે. આ સિવાય વિદેશ મંત્રી મેલાની જોલી, શેમ્પેઈન, નેચરલ રિસોર્સ મિનિસ્ટર જોનાથન વિલ્કિન્સન અને એમ્પ્લોયમેન્ટ મિનિસ્ટર સ્ટીવન મેકકિનોન સહિત કેટલાય કેબિનેટ મંત્રીઓનું કહેવું છે.

# પાકિસ્તાની સેનાનો અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારમાં હવાઈ હુમલો, સામસામે ફાયરિંગ

**(એજન્સી) પેશાવર તા 11**

છેલ્લા કેટલાક દિવસોથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તનાવ વધી રહ્યો છે. પાકિસ્તાની સેનાએ ફરી એકવાર કાયરતા દાખવી છે અને રાતના અંધારામાં અફઘાનિસ્તાનની અંદર મોટો રોકેટ હુમલો કર્યો છે. જે બાદ શુક્રવારે પાક-અફઘાન સરહદ પર તનાવ વધી ગયો છે. એક અહેવાલ મુજબ ટીટીપીએ પાકિસ્તાની પોસ્ટ પર કબજો કર્યો હતો, તો પાકિસ્તાની સેના અપમાનથી નારાજ થઈ અફઘાનિસ્તાનમાં અંધારી રાત્રે હુમલો કર્યો હતો. જેનો તાલિબાને ફાયરિંગ કરી વળતો જવાબ આપ્યો હતો.

મીડિયા અહેવાલ અનુસાર, પાકિસ્તાની સેનાએ ગુરુવારે રાત્રે લગભગ 1.30 વાગ્યે કુનાર પ્રાંતના સરકાનો જિલ્લાના નવાપાસ વિસ્તારમાં રોકેટ હુમલો કર્યો. આ હુમલામાં 15 લોકોના 10 જાનવરોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં લોકોએ પોતાના ઘર છોડીને ભાગવું પડ્યું હતું. અફઘાન તાલિબાનના સૈનિકોએ પાકિસ્તાની હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો છે. આ હુમલામાં પાકિસ્તાનના કેટલા લોકો માર્યા ગયા તેની માહિતી હાલમાં ઉપલબ્ધ નથી. પરંતુ પ્રાથમિક માહિતી મુજબ એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાની સેનાએ અફઘાન-પાકિસ્તાન સરહદને અડીને આવેલા વિસ્તારમાં હેલિકોપ્ટરથી પણ ફાયરિંગ કર્યું છે. પાકિસ્તાની મીડિયાએ જણાવ્યું કે આ ગોળીબાર પૂર્વી અફઘાનિસ્તાનના કુનાર જિલ્લામાં થયો છે, જે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બાજૌર જિલ્લાને અડીને છે. પાકિસ્તાની સેનાએ મોટા પાયે મોર્ટાર છોડ્યા હતા. જેના કારણે ભારે ઠંડીમાં સેંકડો પરિવારોએ રાત્રિના સમયે ઘર છોડીને સલામત સ્થળે જવું પડ્યું હતું. પાકિસ્તાની સેનાએ હજુ સુધી આ હુમલાની કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. તાજેતરમાં, તાલિબાનના સહયોગી ટીટીપી આતંકવાદીઓએ આ વિસ્તારમાં એક સૈન્ય ચોકી પર કબજો કર્યો હતો. ત્યારથી બંને તરફથી હિંસા પાકિસ્તાનના હવાઈ હુમલાની સખત નિંદા કરી છે. પાકિસ્તાની હુમલાના જવાબમાં તાલિબાને પણ 18 પાકિસ્તાની સૈનિકોને માર્યા હોવાનો દાવો કર્યો છે. આ સાથે જ TTPએ પાકિસ્તાની આર્મી બેઝ પર પણ કબજો કરી લીધો હતો. એટલું જ નહીં ટીટીપીના આતંકવાદીઓએ ખૈબર પ્રાંતમાં જ પાકિસ્તાનના 18 પરમાણુ વૈજ્ઞાનિકોનું અપહરણ કરવાનો દાવો કર્યો છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે આ આતંકવાદીઓએ યુરેનિયમ પણ લૂંટી લીધું છે. શરૂ કરવામાં આવેલ સૈન્ય ઓપરેશન બંધ કરવાની માંગ કરી છે.

### 'રાજકારણમાં બધું શક્ય, શરદ પવાર ચાણક્ય...'શરદ પવારે મહારાષ્ટ્રમાં ભાજપની જીતનો શ્રેય RSSને આપ્યો

# મહારાષ્ટ્રના CM ફડણવીસે MVAનું ટેન્શન વધાર્યું!

(એજન્સી) મુંબઈ તા. 11

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે NCP-SP (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદચંદ્ર પવાર) પ્રમુખ શરદ પવારના તાજેતરના એ નિવેદન પર કટાક્ષ કર્યો છે, જેમાં તેમણે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની પ્રશંસા કરી હતી. ફડણવીસે કહ્યું કે, 'શરદ પવાર ચાણક્ય' છે. તેમને પણ અનુભવ થયો હશે કે લોકસભા ચૂંટણી 2024માં મહાવિકાસ અઘાડી દ્વારા પ્રચાર કરવામાં આવેલ ફેક નેરેટિવ વિધાનસભા ચૂંટણીમાં કેવી રીતે પંચર થઈ ગયું. શરદ પવારના ધ્યાનમાં આવ્યું હશે આ શક્તિ (RSS) નિયમિત રાજનીતિ કરનારી નથી, તે રાષ્ટ્ર નિર્માણ કરનારી શક્તિ છે. અંતે વ્યક્તિએ પોતાના વિરોધીના પણ વખાણ કરવા પડે છે. એટલા માટે તેમણે RSSની પ્રશંસા કરી હશે.

NCP (શરદચંદ્ર પવાર) અને NCP (અજિત પવાર ના ફરી નજીક આવવા અથવા એક થવાની સંભાવના પર દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'હું તમને જણાવી દઉં કે તમે 2019 પછી મારા નિવેદનો સાંભળ્યા હશે. 2019થી 2024 સુધી જે ઘટનાઓ ઘટી છે, તેનાથી મને એ તો સમજાઈ ગયું છે કે રાજ્યમાં કંઈ પણ અશક્ય નથી. કોઈએ એવું વિચારીને આગળ ન વધવું જોઈએ કે આ વસ્તુ ન થઈ શકે. કંઈ પણ થઈ શકે છે. ઉદ્ધવ ઠાકરે ત્યાં જઈ શકે છે, અજિત પવાર અહીં આવી શકે છે. રાજકારણમાં કંઈ પણ થઈ શકે છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે



જ્યારે આપણે છાતી ઠોકીને બોલી દઈએ કે આવું નહીં થશે, ત્યારે રાજનીતિક પરિસ્થિતિઓ તમને ક્યાં લઈ જઈને બેસાડી દેશે તેનો કોઈ ભરોસો નથી.

દેવેન્દ્ર ફડણવીસ નાગપુરમાં વરિષ્ઠ RSS નેતા વિલાસ ફડણવીસની સ્મૃતિમાં આયોજિત એવોર્ડ સમારોહમાં સામેલ થયા હતા. આ કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે, 'RSSએ મહારાષ્ટ્રની ચૂંટણીમાં અરાજકતાવાદી શક્તિઓ સામે લડવા માટે રાષ્ટ્રીય દળોને એકત્ર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.મહારાષ્ટ્રની ચૂંટણીમાં અમે RSS વિચાર પરિવારને વિનંતી કરી હતી કે રાષ્ટ્રીય દળોએ અરાજકતાવાદી દળો સામે એક સાથે આવવાની જરૂર છે.' આરએસએસ વિચારધારા પરિવારના વિવિધ વર્ગોના લોકોએ પોતપોતાના વિસ્તારોમાં અરાજકતા સામે લડવા માટે પોત-પોતાના ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા ભજવી છે.'

દેવેન્દ્ર ફડણવીસે આગળ કહ્યું કે, લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી એક ખોટા નેરેટિવમાં સફળ રહી. તેનાથી તેમને વધુ પડતો આત્મવિશ્વાસ આવી ગયો કે તેઓ આ પ્રકારના ફેક નેરેટિવ ફેલાવીને સત્તામાં આવી શકે છે. અમને બધાને લોકસભાની ચૂંટણીમાં ખૂબ જ વિશ્વાસ હતો. અમને લાગ્યું કે અમે જીતી રહ્યા છીએ. તેથી અમને લાગ્યું કે વિપક્ષ દ્વારા બંધારણ બદલવા વગેરેની વાતોનો જનતા પર કોઈ પ્રભાવ પડશે નહીં. અમને લાગતું હતું કે વોટ જેહાદની કોઈ અસર નહીં થાય, પરંતુ કમનસીબે અમે તેની અસર જોઈ. તમને જણાવી દઈએ કે, પાર્ટી કાર્યકરો સાથેની મુલાકાત દરમિયાન શરદ પવારે મહારાષ્ટ્રમાં ભાજપની જીતનો શ્રેય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આપતા કહ્યું હતું કે, 'આરએસએસ કેડર સંગઠનની વિચારધારા પ્રત્યે મજબૂત નિષ્ઠા દર્શાવે છે. આપણી પાસે પણ એવો કેડર બેઝ હોવો જોઈએ જે છત્રપતિ શાહુ મહારાજ, મહાત્મા ફુલે, બીઆર આંબેડકર અને યશવંતરાવ ચવ્હાણની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હોય.'

### શરદ પવારે RSSના કર્યા હતા ભરપૂર વખાણ

વાસ્તવમાં NCP-SPના પ્રમુખ શરદ પવાર જૂથની આજે યોજાયેલી બેઠકમાં વિધાનસભા ચૂંટણીમાં હાર સહિત અનેક મુદ્દાઓ પર મંથન અને ચર્ચાઓ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શરદ પવારના નેતૃત્વ હેઠળની NCP-SPની શરમજનક હાર થઈ હતી, પરંતુ હવે શરદ પવારે આરએસએસની ભરપૂર પ્રશંસા કરી છે. આ ઉપરાંત શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે પણ આરએસએસના કાર્યકર્તાઓની મહેનતથી ખુશ થયા છે.બેઠકમાં ઉપસ્થિત રહેલા શરદ પવારે મહાવિકાસ અઘાડીની હાર માટે RSSને જવાબદાર ઠેરવી છે. તેમણે કહ્યું કે, 'રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘે ચૂંટણીમાં જોરદાર કામ કર્યું હતું. ભાજપ અને સંઘના મેન્જમેન્ટના કારણે જ તેમની જીત થઈ છે. સંગઠનનું પ્લાનિંગ સારું હતું. તેઓએ ઘરે-ઘરે જઈને પ્રચાર કર્યો. આ જ કારણે મહાયુતિને જીત મળી અને મહાવિકાસ અઘાડીની હાર થઈ.

### મૃતદેહને ડીએમસી હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યો છે

## માથામાં ગોળી વાગતાં ઘરમાં ઢળી પડ્યાં AAPના ધારાસભ્ય, પોલીસ તપાસમાં શું બહાર આવ્યું?

(એજન્સી) ચંદીગઢા તા. 11

પંજાબના લુધિયાણાથી આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય ગુરપ્રીત ગોગીનું માથામાં ગોળી વાગવાથી મૃત્યુ થયું. ગોગી લુધિયાણા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાંથી AAPના ધારાસભ્ય હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ગોળી વાગ્યા બાદ તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરોએ હોસ્પિટલમાં તેમની તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટના શુક્રવારે રાત્રે બની હતી. માહિતી મુજબ ગોળી ગોગીના માથામાં વાગી હતી.



ફાયરિંગનો અવાજ સંભળાતા જ ઘરમાં અરાજકતા ફેલાઈ. જ્યારે પરિવારના સભ્યો રૂમમાં ગયા અને જોયું ત્યારે તે લોહીથી લથબથ હાલતમાં પડ્યા હતા. ત્યારબાદ પરિવારના સભ્યો તેમને હોસ્પિટલ લઈ દોડ્યા હતા. લુધિયાણાના ડીસીપી જસકરણ સિંહ તેજાએ જણાવ્યું હતું કે, પરિવાર અને ઘરમાં હાજર લોકોના જણાવ્યા અનુસાર, ગુરપ્રીત ગોગીનું મૃત્યુ માથામાં ગોળી લાગવાથી થયું હતું. હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. તેમના મૃતદેહને ડીએમસી હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યો છે. શનિવારે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

## ગેમિંગ કંપનીઓ પાસેથી રૂ. 1.12 લાખ કરોડની કર વસૂલાત સામે સુપ્રીમનો સ્ટે

(એજન્સી) નવી દિલ્હી । તા.11

સુપ્રીમ કોર્ટે ઓનલાઇન ગેમિંગ કંપનીઓને રાહત કરી આપી છે. ઓનલાઇન ગેમિંગ કંપનીઓ પાસેથી કેન્દ્રએ ૧.૧૨ લાખ કરોડનો જીએસટી માંગતી કારણદર્શક નોટિસ પાઠવી તેની સામે સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે. આ ચુકાદાના પગલે ઓનલાઇન ગેમિંગ કંપનીઓએ હાશકારો અનુભવ્યો છે. જ્યાં સુધી કોઈ નિર્ણાયક બાબત પર પહોંચાય નહીં ત્યાં સુધી નોટિસ હેઠળની દરેક પ્રક્રિયા સામે કોર્ટે સ્ટે આપ્યો છે. ઓનલાઈન ગેમિંગ કંપનીઓ પાસેથી કર વસૂલાત કેસની બાબતમાં મુખ્ય વિવાદ ઓનલાઈન ગેમિંગ પ્રવૃત્તિઓ પર જીએસટીના અમલીકરણને લઈને છે. સરકાર ભારપૂર્વક જણાવી રહી છે કે કુલ કન્ટેસ્ટ એન્ટ્રી રકમ પર ૨૮ ટકા જીએસટી લાગે, જે આખા પ્રાઈઝ પૂલ પર વેરો લાદે છે.

સરકારના વલણ સામે ગેમિંગ કંપનીઓની દલીલ છે કે જીએસટી ફક્ત તેમની પ્લેટફોર્મ ફી કે કમિશન પર જ લઈ શકાય, તેઓનું કહેવું છે કે આમાની ઘણી ગેમ્સ ફક્ત તક કે નસીબ નહીં પણ ગેમ્સ પર આધારિત છે.

ટેક્સ પાર્ટનર અર્ન્સ્ટ એન્ડ યંગે જણાવ્યું હતું કે માર્ચમાં થનારી અંતિમ સુનાવણી નિયમનતંત્રના માળખાને ઓપ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે અને આ ઉદ્યોગમાં યોગ્ય અને પારદર્શક કરવેરા પ્રણાલિ હોય તે સુનિશ્ચિત કરશે.

### હિન્દુઓનું ધર્મ પરિવર્તન થઈ રહ્યું છે. હિન્દુઓની વસતી ત્યાં ઘટી રહી છે

## ભાજપના મંત્રી નિતેશ રાણેનું વિવાદિત નિવેદન, હિન્દુઓને મુસ્લિમો વિરુદ્ધ ભડકાવવા પ્રયાસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભાજપ નેતા નિતેશ રાણેએ ઈવીએમનું 'એવરી વોટ અગેઈન્સ્ટ મુલ્લા' એટલે કે દરેક મત મુલ્લા વિરૂદ્ધ એવી વ્યાખ્યા કરીને વધુ એક



વિવાદ છેડયો છે. સાંગલીમાં હિન્દુ ગર્જના સભાને સંબોધન કરતા મહારાષ્ટ્રના મત્સ્યપાલન અને બંદર પ્રધાન નિતેશ રાણેએ કહ્યું કે, 'હા, અમે ઈવીએમ એમએલએ છીએ, પણ ઈવીએમનો અર્થ છે એવરી વોટ અગેઈન્સ્ટ મુલ્લા'. હિન્દુ સમાજે એક થઈને મત આપ્યો હતો તે હકીકત પચાવી નહીં શકતા વિપક્ષી નેતાએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. રાણેએ કહ્યું કે,'ચૂંટણી જીતવા અમને મુસલમાનોના મતની જરૂર નથી. હું મુસ્લિમ સમાજ પાસે મત માગવા નહોતો ગયો. મેં તેમને કહ્યું હતું કે, તમારે જે કરવું હોય તે કરો. હિન્દુ સમાજ આ વખતે જાગૃત છે અને અમને જીતાડ્યા છે.' આ સિવાય નિતેશ રાણેએ વિપક્ષ પર ચોંકાવનારા આરોપ પણ મૂક્યા હતાં. રાણેએ કહ્યું કે, 'આ વખતે મને હરાવવાની યોજના ઘડવામાં આવી હતી. મને હરાવવા માટે સાઉદી અને મુંબઈથી ભંડોળ ભેગું કરવામાં આવ્યું હતું. નિતેશ રાણેએ થોડા દિવસ અગાઉ પણ વિવાદિત નિવેદન આપ્યું હતું. તેઓએ કહ્યું હતું કે, 'કેરળ મિનિ પાકિસ્તાન હોવાથી રાહુલ અને પ્રિયંકા ત્યાંથી ચૂંટાય છે. તેમને આતંકવાદીઓના મત મળે છે.' જોકે, રાણેના આ નિવેદનથી હોબાળો થતાં તેઓએ સ્પષ્ટ કર્યું કે, મેં કેરળની પરિસ્થિતિની સરખામણી પાકિસ્તાન સાથે કરી હતી. કેરળમાં હિન્દુઓનું ધર્મ પરિવર્તન થઈ રહ્યું છે. હિન્દુઓની વસતી ત્યાં ઘટી રહી છે અને તેની તમામ લોકોએ ચિંતા કરવી જોઈએ. નિતેશ કંકાવલી મત વિસ્તારના ભાજપના ધારાસભ્ય છે તેમના મોટાભાઈ નિલેશ કુંડાલના પણ ધારાસભ્ય છે. આ સિવાય તેમના પિતા નારાયણ રત્નાગિરિ સિંધુદુર્ગના સાંસદ છે.

### અશ્વિને કહ્યું, 'હિન્દી આપણી રાષ્ટ્રભાષા નથી, આ સત્તાવાર ભાષા છે.'

## 'હિન્દી રાષ્ટ્રભાષા નથી પણ...' અશ્વિનને ટેકો કરી તમિલનાડુ ભાજપના અધ્યક્ષે પાર્ટીને આપ્યો ઝટકો

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ક્રિકેટર આર અશ્વિનની હિન્દી ભાષા અંગેની તાજેતરની ટિપ્પણીથી સમગ્ર દેશમાં વિવાદ ઊભો થઈ ગયો છે. અશ્વિન એક કોલેજમાં ગ્રેજ્યુએશન સેરેમનીમાં પહોંચ્યો હતો જ્યાં તેણે કહ્યું કે હિન્દી આપણી રાષ્ટ્રભાષા નથી. હવે અશ્વિનને ભાજપ નેતા અન્નામલાઈનું સમર્થન મળ્યું છે. તમિલનાડુ ભાજપ અધ્યક્ષ અન્નામલાઈએ કહ્યું કે 'યોગ્ય છે, હિન્દી કોઈ રાષ્ટ્રભાષા નથી, પરંતુ એક સંપર્ક ભાષા છે, જે સુવિધાની ભાષાના રૂપમાં કામ કરે છે.

અશ્વિને આ નિવેદન તમિલનાડુમાં આપ્યું જ્યાં પહેલેથી જ હિન્દીનો ઉપયોગ એક મોટો મુદ્દો રહ્યો છે. અશ્વિને સેરેમની દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાત કરી અને તેમને અમુક સવાલ પૂછ્યા જે બાદ તેણે હિન્દી અંગે આ વાત કહી. અશ્વિને આ બધું તમિલમાં કહ્યું. સેરેમની દરમિયાન બાળકો સાથે વાત કરતાં અશ્વિને પૂછ્યું, 'અહીં જે લોકો ઈંગ્લિશ સમજે છે તે હાં કહે.' આની પર વિદ્યાર્થીઓએ મોટેથી બૂમો પાડી.'

જે બાદ અશ્વિને કહ્યું, 'જે લોકો તમિલ સમજે છે તે મોટેથી હા કહે.' અહીં પણ બાળકોએ જોરથી બૂમો પાડી. તે બાદ અશ્વિને કહ્યું, 'ઠીક, હિન્દી?' અહીં કોઈ અવાજ ન આવ્યો. ત્યારે અશ્વિને કહ્યું, 'હિન્દી આપણી રાષ્ટ્રભાષા નથી, આ સત્તાવાર ભાષા છે.' અશ્વિનના આ નિવેદને વિવાદ ઊભો કરી દીધો છે. ઘણી વિરોધી પાર્ટીઓ જેમાં તમિલનાડુમાં સરકાર ચલાવી રહેલી ડીએમકેએ કેન્દ્ર પર એ આરોપ લગાવ્યો છે કે તે જાણીજોઈને હિન્દી થોપી રહી છે.



### વિવાદ ઊભો થઈ ગયો

અશ્વિનના નિવેદન બાદ વિવાદ ઊભો થઈ ગયો છે. ઘણા લોકો તેના વિરુદ્ધ ઉતરી આવ્યા છે તો સોશિયલ મીડિયા પર અશ્વિનને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. જોકે ઘણા લોકો તેમની સાથે પણ ઊભેલા નજર આવી રહ્યાં છે. આ મામલે લોકો બે ભાગમાં વહેંચાઈ ગયા છે.

### હિન્દી ખૂબ સુંદર ભાષા છે

તેના આ નિવેદન પર સમાજવાદી પાર્ટીના નેતા ફખરુલ હસન ચંદે કહ્યું, 'જે લોકો ભારતમાં રહે છે તેઓ હિન્દીને પસંદ કરે છે. હિન્દી ખૂબ સુંદર ભાષા છે. દરેકે આને કબૂલ કરવી જોઈએ. તમે કઈ ભાષા બોલો છો તેનાથી ફરક પડતો નથી. ભારત એક મોટો દેશ છે જ્યાં પાણી બદલાય છે તો ભાષા બદલાય છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી તમામ હિન્દીને પસંદ કરે છે.'

### IT વિભાગના અધિકારીઓ પણ ફફડી ગયા

## ભાજપ નેતાના ઘરે દરોડામાં 4 મગર મળી આવ્યા

(એજન્સી) સાગર । તા. 11

મધ્યપ્રદેશના સાગર જિલ્લામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં આવકવેરા વિભાગની ટીમે ભાજપ નેતાના ઘર પર દરોડો પાડ્યો હતો. આ દરમિયાન ઘરમાંથી ચાર મગર મળી આવ્યા હતા. આ બાબતની જાણ વન વિભાગને કરવામાં આવી હતી, ત્યારબાદ મગરોને રેસ્ક્યૂ કરાયા હતા. આ મામલે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.કોણ છે રાજેશ કેસરવાની? આવકવેરા વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભાજપના નેતા રાજેશ કેસરવાની સાથે સંબંધિત સ્થળોએ આ દરોડા



પાડવામાં આવ્યા હતા. રાજેશ બીડી ઉત્પાદક, મકાન બાંધકામ કોન્ટ્રાક્ટર અને ભાજપના પૂર્વ કાઉન્સિલર છે. જોકે, આવકવેરા વિભાગના કોઈ અધિકારીએ મગરની રિકવરી અંગે વાત કરી ન હતી.મધ્યપ્રદેશના હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ અસીમ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે આ મામલે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મગરોની આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે. આ બાબતની સંપૂર્ણ માહિતી કોર્ટને આપવામાં આવશે અને કાયદા મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, અસીમ શ્રીવાસ્તવે કુલ કેટલા મગર મળી આવ્યા અને તે કોનું ઘર હતું તે સ્પષ્ટ કર્યું નથી. સૂત્રો કહે છે કે ઘરમાંથી કુલ ચાર મગર મળી આવ્યા હતા.વન વિભાગે મગરોનું રેસ્ક્યૂ અને તેમને સલામત સ્થળે મોકલવાનું શરૂ કર્યું છે. અધિકારીઓનું કહેવું છે કે આ મગરોની સ્થિતિ સામાન્ય છે અને આરોગ્ય તપાસ પૂર્ણ થયા પછી તેમને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવશે.

## મફત રેવડીઓ જોઈએ કે સુવિધા એ પ્રજા નક્કી કરે

નવી દિલ્હી : દિલ્હીમાં આગામી મહિને વિધાનસભાન ચૂંટણી યોજાવાની છે ત્યારે આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને ભાજપે જનતાને મફત રેવડીઓ વહેંચવાની જાહેરાત કરી દીધી છે. છેલ્લા કેટલાક વર્ષોથી લોકસભા તેમજ વિધાનસભા ચૂંટણીઓમાં મોટાભાગના પક્ષો જનતાને મફત રેવડીઓ વહેંચવાની જાહેરાત કરી રહ્યા છે ત્યારે અર્થશાસ્ત્રી અને ૧૬મા નીતિ આયોગના અધ્યક્ષ અરવિંદ પનગઢિયાએ ગુરુવારે દેશમાં અપાતી મફત રેવડીઓ અંગે જનતાને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, જનતાએ નક્કી કરવાનું છે કે તેમને મફત રેવડીઓ જોઈએ છે કે સારા રસ્તા, સારા નાળા અને સ્વચ્છ પાણી પુરવઠો જોઈએ છે. દેશમાં વિવિધ રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરા અને સરકારોના ટ્રેન્ડ જોઈએ તો લાગે છે કે પક્ષો અને સરકારને જનતાને મફત રેવડીઓ વહેંચવામાં વધુ રસ છે, કારણ કે તેમના માટે આ કામ ઘણું સરળ છે. પરંતુ લાંબાગાળે સરકારી તિજોરી પર તેના પરિણામો ઘાતક નીવડી શકે છે.

## છત્તીસગઢમાં રૂ. ૧૮ લાખનું ઈનામ ધરાવતા ત્રણ નક્સલી ઠાર

રાયપુર : છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષા દળો સાથે થયેલી અથડામણમાં ૩ નકસલવાદીઓનાં મોત થયા છે. આ ત્રણેય નકસલવાદીઓ પર કુલ ૧૮ લાખ રૂપિયાનું ઈનામ હતું તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું.સુકમાના પાલીગુડા-ગુંડરાજગુડેમના પર્વત પર સુરક્ષાકર્મીઓની સંયુક્ત ટીમ સાથે અથડામણ થઈ હતી. ઘટનાસ્થળેથી ત્રણ નકસલવાદીઓના મૃતદેહ કબજે કરવામાં આવ્યા છે.એક અધિકારીના જણાવ્યા અનુસાર મૃત્યુ પામેલા નકસલીઓમાંથી એક કોરસા મહેશ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ (આઈઆઈડી) નો નિષ્ણાત હતો. તે ૨૦૨૩ અને ૨૦૨૪માં બેદરે (બીજાપુર) અને જગરગુંડા (સુકમા) ક્ષેત્રોમાં થયેલ હિંસક ઘટનાઓનો માસ્ટરમાઈન્ડ હતો.સુકમાના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ કિરન ચવાણના જણાવ્યા અનુસાર મહેશ માઓવાદીઓના પ્લાટૂન નં. ૩૦નું ડેપ્યુટી કમાન્ડર હતું અને તેના પર આઠ લાખ રૂપિયાનું ઈનામ હતું.

## ધારાસભ્ય સહિત અન્યના પરિસરોમાં ઈડીના દરોડા

પટણા : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એક સહકારી બેંકમાં કથિત ઉચાપતથી જોડાયેલ મની લોન્ડરિંગ તપાસ હેઠળ શુક્રવારે બિહારના મુખ્ય વિપક્ષી પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના એક ધારાસભ્ય સહિત અન્યના પરિસરોમાં દરોડા પાડયા હતાં.સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને દિલ્હીના લગભગ ૧૮ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતાં. સૂત્રોએ જણાવ્યું હતું કે જે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે તેમાં રાજદ ધારાસભ્ય અને બિહારના પૂર્વ પ્રધાન આલોક કુમાર મહેતાથી સંબધિત પરિસર સામેલ છે. મહેતા બિહાર સ્થિત વૈશાલી શહેરી વિકાસ (વીએસવી) સહકારી બેંકના પ્રમોટર છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય પોલીસ દ્વારા બેંક અને તેના પદાધિકારીઓની વિરુદ્ધ લગભગ ૮૫ કરોડ રૂપિયાની ઉચાપત અને મની લોન્ડરિંગથી જોડાયેલ આ કેસ અંગે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

### સનાતનમાં વિશ્વાસ રાખનારાનું કુંભમાં સ્વાગત, અટકચાળો કરશે તેને ભારે પડશે

## વિવાદિત માળખાને મસ્જિદ ના કહો, આવા સ્થળની ઈસ્લામમાં પણ મનાઈ છે : યોગી

(એજન્સી) પ્રયાગરાજ । તા. 11

ઉત્તર પ્રદેશના મહાકુંભ મેળાના સમગ્ર વિસ્તારનું મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું, આ દરમિયાન તેમણે એક મોટુ નિવેદન આપ્યું હતું, તેમણે કહ્યું હતું કે કોઈ પણ વિવાદિત ઢાંચાને મસ્જિદ ના બોલવું જોઈએ. જે દિવસથી મસ્જિદ બોલવાનું બંધ કરી દઈશું તે દિવસથી લોકો જવાનું બંધ કરી દેશે. કોઈની આસ્થાને ઠેસ પહોંચાડીને ત્યાં મસ્જિદ કે તેના જેવો ઢાંચો ઉભો કરી નાખવો તે ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધમાં છે. આવા કોઈ પણ સ્થળે થતી ઈબાદત ખુદા નથી સ્વીકારતા.યોગીએ વધુમાં કહ્યું હતું કે ઈસ્લામ મુજબ ઉપાસના માટે કોઈ સ્ટ્રક્ચરની જરૂર નથી પડતી જ્યારે સનાતન ધર્મ મુજબ જરૂર પડે છે.

સનાતની ઉપાસના માટે મંદિરે જશે, ઈસ્લામ માટે નથી, એવામાં કોઈ પણ ઢાંચાને મસ્જિદ બોલવાની જીદ ના કરવી જોઈએ. આ સમય એક નવા ભારત અંગે વિચારવાનો અને આ વિચાર સાથે આગળ વધવાનો છે. યોગી આદિત્યનાથ મહાકુંભની તૈયારીના પરીક્ષણ માટે પ્રયાગરાજ આવતા રહે છે. તેઓ અગાઉ પણ અહીંયા આવી ચુક્યા છે. એવી અટકળો હતી કે મહાકુંભમાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ અંગે જવાબ આપતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે જે પણ વ્યક્તિને ભારતની સનાતન પરંપરામાં વિશ્વાસ હોય તેઓ મહાકુંભમાં સામેલ થાય. જે લોકોની માનસિકતા ખોટી છે તેઓ અહીંયા ના આવે. કઈ પણ ખોટુ કરતા પકડાયા તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. યોગીએ સંભલ અંગે ફરી નિવેદન આપ્યું હતું, તેમણે કહ્યું હતું કે કેટલાક લોકોએ સંભલ જિલ્લાથી વધુની જમીન વકફની હોવાનો દાવો કરી નાખ્યો છે.

## કેરળમાં મહિલા ખેલાડી પર 2 વર્ષ સુધી દુષ્કર્મ, કોચ સહિત 60થી વધુ લોકો આરોપી, 6લોકોની ધરપકડ થઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

કેરળના પથાનામથિટ્ટામાં 2 વર્ષ સુધી એક મહિલા ખેલાડી પર ઘણી વખત દુષ્કર્મ કર્યાનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ મામલે 4 એફઆઈઆર નોંધી છે અને 6 લોકોની ધરપકડ થઈ છે. આ મામલે 60થી વધુ લોકોના સામેલ થવાની શંકા છે. પોલીસના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે 'પીડિતા બે મહિના પહેલા જ 18 વર્ષની થઈ છે. આરોપ છે કે 16 વર્ષની ઉંમરથી જ તેની પર ઘણી વખત દુષ્કર્મ કરવામાં આવ્યું. આ મામલો તે સમયે સામે આવ્યો જ્યારે બાળ કલ્યાણ સમિતિ તરફથી કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યું હતું. શૈક્ષણિક સંસ્થામાં પીડિતાના ટીચર્સ તરફથી ફરિયાદ કરવામાં આવી હતી કે તેના વર્તનમાં ફેરફાર આવી રહ્યો છે.'

પથાનામથિટ્ટા બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ રાજીવે જણાવ્યું કે 'કિશોરીએ સ્કુલ કાઉન્સેલિંગ સેશન દરમિયાન યૌન શોષણ વિશે જણાવ્યું. તે બાદ બાળ કલ્યાણ સમિતિ તરફથી પોલીસમાં મામલો નોંધવામાં આવ્યો. યુવતી એક ખેલાડી છે જેની સાથે પથાનામથિટ્ટામાં રમત શિબિરો સહિત ઘણા સ્થળો પર કોચ, સહાધ્યાયી અને સ્થાનિક રહેવાસીઓએ દુર્વ્યવહાર કર્યો હતો.'

રિપોર્ટમાં પોલીસના હવાલાથી જણાવાયું કે પીડિતાની પાસે પોતાનો ફોન નથી. તેણે પોતાના પિતાના મોબાઈલમાં લગભગ 40 લોકોના નંબર સેવ કર્યાં હતાં, જેણે તેની સાથે દુર્વ્યવહાર કર્યો.

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**ઘુસણખોરી શોધ સિસ્ટમના વિવિધ કામ**

W.118/NIT/E-Tender/2024-25/33/WA તા.09/01/2025. ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **ટેન્ડર નં. 36-2024R:- કામનું નામઃ** ભાવનગર ડિવિઝન : પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન (ફેઝ-I) ના દામનગર (DME) - પીપાવાવ (PPVS) અને રાજુલા (RLA) - મહુવા (MHV) સેક્શનમાં સિંહોની સામાન્ય હિલચાલ માટે ઘુસણખોરી તપાસ સિસ્ટમની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમીશનીંગ કરવાનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ 8,77,55,115.77/- (રૂા. આઠ કરોડ સિત્યોતેર લાખ પંચાવન હજાર એક સો પંદર અને પૈસા સિત્યોતેર પૂરા) બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી **તારીખઃ** 10/02/2025 ના 15:00 કલાક સુધી છે.

BVP-175

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ઈલેક્ટ્રિકલ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/એડીઆઈ/57 (24-25) તા.09-01-2025. **ટેન્ડર નં.** ઈએલ-50-1-એડીઆઈ-ટી-75-2024-25 **કામનું નામઃ** અમદાવાદ ડિવિઝન :- વિવિધ સ્થળોએ વય સહ સ્થિતિના આધારે જર્જરિત થઈ ગયેલા RCC OH ટેન્કોના બદલીકરણ, ચાંદખેડા રોડ, સાણંદ, આદિપુર અને વીસનગર ખાતે પેસેન્જર સગવડો અને દિવ્યાંગજન સુવિધાઓ, દેશલપુરમાં ખાડા રહિત EIMWB ની જોગવાઈ અને અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે બહારથી બહારના FOB ના સમારકામના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **અંદાજીત પડતરઃ** ₹ 80,20,791/- **અર્નેસ્ટ મનીઃ** ₹ 1,60,400/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.06-02-2025 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.06-02-2025 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-289

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# સિટી એક્સપ્રેસ

SUNDAY 12 JANUARY-2025


AHMEDABAD






# દેશ-વિદેશના પતંગ રસિયાઓ અમદાવાદ પધાર્યા

**અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજથી એટલે કે 11 જાન્યુઆરી થી 14 જાન્યુઆરી દરમિયાન આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 2025(ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ 2025)નું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે તમે પણ અમદાવાદના પતંગોત્સવની ઝલક નિહાળો.**




**આ તહેવારનો આનંદ માણવા માટેનું શ્રેષ્ઠ સ્થળ સાબરમતી રિવરફ્રન્ટ છે. તેના સાબરમતી નદી કિનારે 500,000 થી વધુ લોકોની ક્ષમતા છે**

# ગુજરાતની સૌથી સુરક્ષિત ગણાતી જેલમાંથી આરોપી ફરાર



(એજન્સી) અમદાવાદ | તા.11

અમદાવાદ શહેરમાંથી પોલીસ લોકઅપમાંથી આરોપી ભાગવાના અનેક બનાવો બન્યા બાદ હવે સાબરમતી જેલમાંથી પણ આરોપી ફરાર થઈ ગયો છે. હત્યાનો આરોપી આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો હતો, ત્યારે તેને ઓપન જેલમાં રાખવામાં આવ્યો હતો તે સમયે જ તેને ત્યાંથી તક મળતા જ ભાગી ગયો હતો. સમગ્ર મામલો સામે આવ્યા બાદ હવે આ સંદર્ભે પોલીસે ફરિયાદ નોંધી આરોપીને પકડવાના પ્રયાસો શરૂ કર્યા છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, બાબુભાઈ પ્રજાપતિ સાબરમતીના જેલર ગ્રુપ-2એ ફરિયાદ નોંધાવી છે કે, 10 જાન્યુઆરીના રોજ તેઓ જેલર ગ્રુપ 2 તરીકે ઓપન જેલ ખાતે ફરજ બજાવતા હતા. ઓપન જેલમાં કામ કરતા પાકા કામના કેદી નં- 15502 મનુજી સુંડાજી ઠાકોર (ઉ.વ. 36) (મૂળ રહેગામ-ખચડીયા, તા. સમી, જિલ્લો-પાટણ)ને હત્યાના ગુનામાં આજીવન કેદની સજા થઈ હતી તેને ઓપન જેલમાં રાખવામાં આવ્યો હતો. 10 જાન્યુઆરીના રોજ મનુજી સુંડાજી ઠાકોર બીમાર હતા. આશરે 4.45 વાગ્યે ફરજ પરના સિપાઈ પ્રદ્યુમનસિંહ બી. ચૌહાણને તેણે જેલની બહારના ભાગે આવેલા જેલ દવાખાના પર સારવાર માટે મોકલવા જણાવ્યું હતું. ત્યાર બાદ સારવાર માટે ગયેલા મનુંજી સુંડાજી ઠાકોર પરત આવ્યો ન હતો. સાંજે 5.30 વાગ્યે પ્રદ્યુમનસિંહ બી. ચૌહાણ અને વનેસિંહે આ બાબતની જાણ મને કરી હતી, જેથી હું અને બન્ને ફરજ પરના સીપાઈ વધુ તપાસ કરવા જણાવ્યું હતું. ત્યાર બાદમાં ઓપન જેલ ખાતે રાખવામાં આવેલા કુલ 14 આરોપીઓની ગણતરી કરી હતી. આ ગણતરી દરમિયાન 13 પાકા કેદીઓ હાજર મળી આવ્યા હતા. ત્યારે પાકા કામનો કેદી મનુજી સુંડાજી ઠાકોર હાજર ન હતો.આ અંગે સિનિયર અધિકારીને રિપોર્ટ કર્યો હતો. ત્યાર બાદ ફરીથી હાજર સ્ટાફના કર્મચારીનાઓને સાથે રાખી જેલની આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી પણ આરોપી મળી આવ્યો ન હતો. આ મામલે હાલ રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા ભાગી ગયેલા આરોપીને પકડવા માટે પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે.

### સરકારનો ચેરીટી અંગે મહત્વપૂર્ણ નિર્ણય

# હુકમોની સંપૂર્ણ નકલ પક્ષકારોને વિનામૂલ્યે મોકલી દેવામાં આવશે



(એજન્સી) અમદાવાદ | તા.11

ગુજરાત સરકાર દ્વારા ચેરીટીતંત્રના વહીવટમાં પારદર્શિતા લાવવાના હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ની કલમ-૮ હેઠળ ચેરીટીતંત્રની કચેરીઓમાં થતી ન્યાયીક અને અર્ધન્યાયીક કામગીરીમાં થયેલા અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે. સાથોસાથ આ નકલ પક્ષકારોને રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા પણ મોકલવામાં આવશે. વધુ વિગતો આપતા કાયદામંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધી હુકમોના માત્ર સારાંશની નકલ મોકલવામાં આવતી હતી, પરંતુ હાલની કાનૂની જરૂરિયાતોને અનુલક્ષીને હવેથી સમગ્ર હુકમની નકલ રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા વિનામૂલ્યે મોકલવામાં આવશે. આ નિયમ તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવ્યો છે. આ પહેલના અમલીથી ચેરીટીતંત્રના વહીવટમાં વધુ પારદર્શિતા આવશે તેમજ પક્ષકારો માટે ન્યાયની સુલભતા સુનિશ્ચિત થશે. પોતાના કેસની સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી નાગરિકોનો કાનૂની પ્રક્રિયામાં વધુ વિશ્વાસ મજબૂત થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

## અમદાવાદ પોલીસ ઉત્તરાયણને લઈ એક્શનમાં, જાહેરનામા ભંગના 48 કેસ, 49 શખ્સની ધરપકડ




(એજન્સી) અમદાવાદ | તા.11

ગુજરાતમાં ઉત્તરાયણનો તહેવાર અનેકોનો જીવ લઈ લે છે. ત્યારે હવે સાવચેતી રાખવાની જરૂર પડી છે. ચાઈનીઝ દોરા અનેકના ગળા કાપે છે. તેથી ઉત્તરાયણે કોઈ દુર્ઘટના ન બને તે માટે અમદાવાદ પોલીસ એક્ટિવ બની છે. ઉત્તરાયણને લઈ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. હવે જાહેરનામા ભંગને લઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.ઉત્તરાયણને લઈને હાઈકોર્ટની સુચના બાદ અમદાવાદ પોલીસ એક્શનમાં આવી છે. જાહેરનામા ભંગના 48 કેસ કરીને 49 શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ દ્વારા ઓનલાઈન વેચાણને લઈ વોચ રાખવામાં આવી રહી છે. તેવામાં 21 ડિસેમ્બરથી ચાઈનીઝ દોરી, તુક્કલ વેચનારા વેપારીઓ વિરુદ્ધ અમદાવાદ પોલીસે કાર્યવાહી કરી છે. અમદાવાદ પોલીસની ડ્રાઈવ દરમિયાન 97 ચાઈનીઝ દોરીની રીલ જપ્ત કરવામાં આવી છે. 3 ચરખા સહિત 27,980 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઉત્તરાયણને લઈને 15 DCP, 19 ACP, 86 PI સહિત 18 SRPની કપનીનો બંદોબસ્ત રહેશે આ સાથે 91 PSI, 7840 હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ તૈનાત રહેશે.

### ઉત્તરાયણ નિમિત્તે હાઈકોર્ટના આદેશ બાદ પોલીસ એક્શનમાં

# પૂર્વમાં ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ દોરીના 34 કેસ



(એજન્સી) અમદાવાદ | તા.11

ઉત્તરાયણના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગુજરાત હાઈકોર્ટને આપેલા આદેશને પગલે શહેર પોલીસ દ્વારા સમગ્ર શહેરમાંથી ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ દોરી રંગનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં પૂર્વ અમદાવાદમાં છેલ્લા 48 કલાક દરમિયાન કુલ 34 કેસ દાખલ કરવામા આવ્યા હતા. શહેરના બાપુનગર વટવા, શાહીબાગ કૃષ્ણનગર કાગડાપીઠ, નરોડા અને દાણીલીમડા વિસ્તારમાં ચાઈનીઝ દોરી વેચતા વાપરનારા અને સંગ્રહ કરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં વધુ કાર્યવાહી કરીને બાપુનગરમાં હરદાસ નગર ચાર રસ્તા પાસેથી ચાઈનીઝ દોરીના 2 ટેલર સાથે 1 યુવકની ધરપકડ કરી હતી. જ્યારે વટવામાં જાનીયાપીરના ટેકરા અને ગુજરાત ઓફસેટ પાસેથી 2 ચાઈનીઝ દોરીની ફીરકી સાથે 2 યુવકની ધરપકડ કરવામાં આવી હતી. શાહીબાગમાં ચમનપુરા સર્કલ પાસેથી 1 ચાઈનીઝ દોરીની ફીરકી સાથે 1 યુવકની ધરપકડ,જ્યારે કૃષ્ણનગર સૈજપુર ચુનારા વાસ પાસેથી 1 ચાઈનીઝ દોરી ના ટેલર સાથે 1 યુવકની અને કાગડાપીઠમાં ન્યુ ક્લોથ માર્કેટ પાસેથી 9 ચાઈનીઝ ટેલર સાથે 1 યુવકની ધરપકડ કરવામાં આવી છે.

# મણિનગરમાં શોલે ફિલ્મની જેમ દારૂડિયો મોબાઈલ ટાવર પર ચડ્યો

(એજન્સી) અમદાવાદ | તા.11

મણિનગર આવકાર હોલ ચાર રસ્તા નજીક આવેલા મોબાઈલ ટાવર પર એક યુવક ચડી ગયો હતો અને શોલે ફિલ્મના ધર્મેન્દ્રની જેમ લવારી કરી રહ્યો હતો. આ સમયે તેનો પરિવાર નીચે ઉભો રહીને તેને નીચે ઉતરવા માટે કાકલૂદી કરતો હતો. આ દ્રશ્ય જોઈને સ્થાનિક લોકો અને રાહદારીઓ ટોળે વળ્યા હતા અને આ યુવકને નીચે ઉતારવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે માનતો નહતો. દરમિયાન ફાયરબ્રિગેડને જાણ કરતા સ્નોરકેલની મદદથી ફાયરના જવાનોએ તેને નીચે ઉતાર્યો હતો આ સમયે તે લવારી કરતો હતો.આ અંગે તપાસ કરતા તેનુ નામ અજય નાયક હોવાનુ અને તે છૂટક મજૂરી કરતો હોવાનુ જાણવા મળ્યુ હતુ. તેની પત્નીએ કહ્યુ હતુ કે તે દારૂ પીને ટાવર પર ચડી ગયો હતો. અજયને સારવાર માટે હોસ્પિટલ મોકલી પોલીસે તેની વિરુદ્ધ પ્રોહીબીશનનો ગુનો દાખલ કર્યો હતો.

# રાજકોટના વિંછીયામાં ભુવાના દાણા ઉંધા પડયા

રાજકોટ | રાજકોટના વિંછીયામાં ભુવા સામે છેડતીની ફરિયાદ નોંધવામાં આવી છે જેમાં વિંછિયાના ઢેઢુકીના ભુવાએ છેડતી કર્યા હોવાની માહિતી સામે આવી છે,ભુવાએ દાણા જોતી વેળાએ છેડતી કર્યાનો આરોપ લાગ્યો છે.તો છેડતીના આરોપ બાદ ભુવા પર સાત લોકોએ હુમલો કરતા પોલીસે બન્ને પક્ષે ક્રોસ ફરિયાદ નોંધી હોવાની વાત સામે આવી છે.

# નરોડા પાટીયા પાસે 4 અજાણ્યા પુરુષે બે યુવકને ઢોર માર માર્યો

અમદાવાદ | નરોડા પાટીયા પાસે ટુ વ્હીલર અને ઓટોરીક્ષા વચ્ચે થયેલા અકસ્માતમાં બે યુવકોને રીક્ષાચાલક અને તેના ત્રણ સાગરીતોએ ઢોર માર માર્યો હતો. આ અંગે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. કૃષ્ણનગરમાં રહેતા નિશાંત મનુભાઈ પટેલ( ઉ.23) શુક્રવારે સવારે નિશાંત સહકર્મચારી હિરેન વાઘેલા સાથે એકટિવા લઈને નરોડા પાટીયા પાસેથી પસાર થતા હતા. આ સમયે એક રીક્ષાચાલકે રોંગસાઈડથી આવીને તેમની એકટિવાને અડાડી દીધી હતી. આ સમયે નિશાંતે રીક્ષાચાલકને જોઈને વાહન ચલાવવાનુ કહેતા રીક્ષાચાલક અને પાછળ બેઠેલો અજાણ્યો પુરુષ ઉશ્કેરાયા હતા અને ઝઘડો કરવા લાગ્યા હતા. દરમિયાન બીજા બે અજાણ્યા પુરુષો ત્યાં આવ્યા હતા અને આ ચારેએ ભેગા મળીને નિશાંત અને તેના મિત્રને ઢોરમાર માર્યો હતો.

# રાજ્યમાં 5 વર્ષમાં રોડ અકસ્માતમાં 36 હજારથી વધુ મોત, 54% યુવા

(એજન્સી) અમદાવાદ | તા.11



દર વર્ષે 11થી 17 જાન્યુઆરી દરમિયાન અકસ્માત પ્રત્યે જાગૃતિ લાવવા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ ઉજવાય છે. ગુજરાતમાં 2019થી 2023 દરમિયાન 77 હજારથી વધુ માર્ગ અકસ્માતમાં 36484 લોકોના મોત નીપજ્યાં હતા. જેમાં 54% એટલે કે 19709 લોકોની ઉંમર 35 વર્ષથી ઓછી હતી. હેલમેટ ન પહેરવાના કારણે 12,002 અને સીટ બેલ્ટ ન બાંધવાના કારણે 4,747 લોકોએ જીવ ગુમાવ્યો. 6503 હિટ એન્ડ રનમાં મૃત્યુ પામ્યા. 2020 બાદ અકસ્માતથી થતા મોતમાં 28%નો વધારો. 2020માં 6170 લોકોના મોત સામે 2023માં વધીને 7854 થયા હતા. પાંચ વર્ષમાં રાજ્યમાં 6503 લોકોના મોત હિટ એન્ડ રનમાં થયા હતા. જે કુલ મોતના 18 ટકા છે. જ્યારે 8 હજાર વધુ લોકના મોત સાંજે 6 વાગ્યાથી લઈ રાતના 9 કલાકમાં નીપજ્યા હતા. શહેર કરતાં ગામડાંમાં વધુ અકસ્માત નોંધાયા હતા. એક્સપ્રેસ, નેશનલ હાઈવે કે સ્ટેટ હાઈવે પર નહીં પરંતુ સામાન્ય રોડ-રસ્તા પર સૌથી વધુ 15347 અકસ્માત થયા હતા. પાંચ વર્ષમાં હેલમેટ ન પહેરવાના કારણે 12,022 લોકોના મોત નીપજ્યાં હતા. જેમાં સીટ પાછળ બેસેલ પેસેન્જર પણ સામેલ હતા. 4747નું સીટ બેલ્ટ ન બાંધવાના કારણે મોત નીપજ્યું હતું. 5323 અકસ્માતમાં ડ્રાઈવર પાસે લાઈસન્સ નહોતું. જે આ સમયગાળા દરમિયાન થયેલા કુલ 77 હજારથી વધુ અકસ્માતના 8% છે.

# અમદાવાદના SG હાઈવે પર ફિલ્મી સ્ટાઈલે હુમલો

## ત્રણ કારમાં આવેલા 15 જેટલા લુખ્ખાઓએ તલવારો અને ધોકા લઈ આતંક મચાવતા નાસભાગ મચી

(એજન્સી) અમદાવાદ | તા.11



અમદાવાદના એસજી હાઈવે પર આવેલા પેલેડીયમ મોલ નજીક 15 જેટલા લુખ્ખાઓએ હાથમાં તલવાર લઈ આતંક મચાવ્યા હોવાનો વીડિયો વાઈરલ થતા પોલીસ પેટ્રોલીંગને લઈને સવાલ ઉઠ્યા છે. 10 જાન્યુઆરીએ લુખ્ખાઓએ જૂની અદાવતમાં બે લોકો પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે ફરિયાદ પણ નોંધી છે. હુમલાનો જે વીડિયો વાઈરલ થયો છે તેમાં ત્રણ કારમાં 10 થી 15 જેટલા લોકો આવે છે અને હાથમાં તલવારો અને ધોકા સાથે ઉતરી રસ્તા પર ઉભેલા બે યુવકો પર હુમલો કરે છે અને બાદમાં આસપાસ ઉભેલા અન્ય વાહનચાલકો પર પણ હુમલાનો પ્રયાસ કરાતા નાસભાગ મચી હતી. રાણીપમાં રહેતા વિજય ભરવાડે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમના ઘરેથી થોડે દૂર રહેતા પ્રિન્સ જાંગીડ નામના યુવક સાથે 10 થી 15 દિવસ પહેલા સિંધુભવન રોડ ઉપર દ્વારકાધીશ ચાની કીટલી ઉપર બેઠા હતા. દરમિયાન કન્સ્ટ્રક્શનના સામાનના ધંધા અર્થે બોલાચોલી થતા મારામારી થઈ હતી. આ મામલે પ્રિન્સે, વિજય ભરવાડ વિરુદ્ધ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓ જામીન ઉપર છૂટી ગયા હતા. જામીન ઉપર છૂટયા બાદ પ્રિન્સે ધમકી આપી હતી કે, અમે તમને છોડવાના નથી તમે બહાર બજારમાં ફરો છો તે વખતે અમે તમને જોઈ લઈશું તેમ કહીને જાથી મારી નાખવાની ધમકી આપી હતી. 10 જાન્યુઆરીના રોજ રાત્રે 12 વાગે વિજય ભરવાડ તેમના મિત્ર વિજય, ભોલુ, મિતેશ એમ ચાર જણા ક્રેટા ગાડી લઈને ઝાયડસ હોસ્પિટલથી પેલેડિયમ મોલ ખાતે જતા રસ્તા ઉપર ઉભા હતા.ત્યારે પેલેડિયમ મોલ ખાતે લાઈટિંગ સારી હોવાથી તેઓ ત્યાં ફોટોગ્રાફી કરી રહ્યા હતા. ત્યારે 1 વાગ્યાની આસપાસ એક ફોર્ચ્યુંનર ગાડી તેમના તરફ આવી અને પૂરપાટ ઝડપમાં આવીને તેમના તરફ ઊભી રહી ગઈ હતી. આ ગાડી આવતા તેમના મિત્ર વિજયભાઈ પડી ગયા જેથી તેમના ઢીંચણ છોલાઈ ગયા હતા.આ ગાડીની પાછળ ક્રેટા અને સ્કોર્પિયો ગાડી પણ આવી હતી. આમ ત્રણે ગાડીઓમાંથી કેટલાક યુવકો હાથમાં તલવાર અને લાકડીઓ લઈને નીચે ઉતર્યા હતા.આ યુવકોમાં પ્રિન્સ અને મિહિર દેસાઈ નામના યુવક પાસે તલવાર હતી.

# ચેરીટીતંત્રની કામગીરીમાં પારદર્શિતા વધારવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

### ચેરીટીતંત્રની કચેરીઓમાં થતી ન્યાયીક અને અર્ધન્યાયીક કામગીરીમાં થયેલા અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે મોકલાશે




(એજન્સી) અમદાવાદ | તા.11

ગુજરાત સરકાર દ્વારા ચેરીટીતંત્રના વહીવટમાં પારદર્શિતા લાવવાના હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ની કલમ-૮ હેઠળ ચેરીટીતંત્રની કચેરીઓમાં થતી ન્યાયીક અને અર્ધન્યાયીક કામગીરીમાં થયેલા અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે. સાથોસાથ આ નકલ પક્ષકારોને રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા પણ મોકલવામાં આવશે. વધું વિગતો આપતા કાયદામંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધી હુકમોના માત્ર સારાંશની નકલ મોકલવામાં આવતી હતી, પરંતુ હાલની કાનૂની જરૂરિયાતોને અનુલક્ષીને હવેથી સમગ્ર હુકમની નકલ રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા વિનામૂલ્યે મોકલવામાં આવશે. આ નિયમ તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવ્યો છે. આ પહેલના અમલીથી ચેરીટીતંત્રના વહીવટમાં વધુ પારદર્શિતા આવશે તેમજ પક્ષકારો માટે ન્યાયની સુલભતા સુનિશ્ચિત થશે. પોતાના કેસની સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી નાગરિકોનો કાનૂની પ્રક્રિયામાં વધુ વિશ્વાસ મજબૂત થશે તેમ તેમણે ઉમેર્યું હતું.આ ઉપરાંત ચેરીટીતંત્રના અધિકારીઓને પોતાના હુકમમાં આ વ્યવસ્થાનો ઉલ્લેખ કરવાનું અચૂકપણે પાલન કરવાની સૂચના પણ અપાઈ છે.